અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

14 MARCH-2026 SATURDAY | Vol. : 17 | Issue : 250 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad


Ahmedabad


તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

અફઘાનિસ્તાનનો પાકિસ્તાન પર વળતો હુમલો: ખૈબર પખ્તુનખ્વામાં સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવ્યા

4

ઈરાનમાં હવે કાળો વરસાદ થયો : વધુ એક આકાશી જોખમ

6

અબરાર અહેમદના વિવાદમાં BCCIનું મોટું નિવેદન, કહ્યું - આ અમારો મામલો નથી, અમે કંઈ ના કરી...

7

સેન્સેક્સ 1470 પોઈન્ટ ઘટીને 74,564 પર બંધ: નિફ્ટી 488 પોઈન્ટ તુટ્યો, મેટલ, ઓટો અને બેંકિંગ શેરોમાં સૌથી વધુ ઘટાડો

## સેન્સેક્સ 1470 પોઈન્ટ તો નિફ્ટીમાં 488 પોઈન્ટનો ઘટાડો

# શેર બજારમાં કડાકો : રોકાણકારોના 10 લાખ કરોડ સ્વાહા થઈ ગયા

### વૈશ્વિક અનિશ્ચિતતા અને રોકાણકારોની સાવચેતીને કારણે બજારમાં ચોતરફ વેચવાલી જોવા મળી રહી છે, જેના કારણે મુખ્ય સૂચકાંકો પર ભારે દબાણ રહ્યું હતું

મુંબઈ, તા.13

ઈરાન યુદ્ધના કારણે વધતા ભૂ-રાજનૈતિક તણાવની સીધી અસર આજે ભારતીય શેરબજાર પર જોવા મળી હતી. સપ્તાહના છેલ્લા દિવસ શુક્રવારે તેમજ સતત ત્રીજા ટ્રેડિંગ દિવસે બજારમાં ભારે ઘટાડો નોંધાયો હતો અને સવારથી જ દલાલ સ્ટ્રીટ પર વેચવાલીનું દબાણ થતાં રેડ ઝોનમાં જોવા મળ્યું હતું. આ તીવ્ર ઘટાડાને કારણે માત્ર ગણતરીના કલાકોમાં જ રોકાણકારોના અંદાજે ૧૦ લાખ કરોડ રૂપિયા સ્વાહા થઈ ગયા હતા. સપ્તાહના અંતિમ દિવસે મ્જીઈ સેન્સેક્સ ૧૪૭૦.૫૦ પોઈન્ટ ગગડીને ૭૪,૫૬૩ ના સ્તર પર બંધ થયો હતો, જ્યારે નિફ્ટી ૫૦ પણ ૪૮૮.૦૫ પોઈન્ટના ઘટાડા સાથે ૨૩,૧૫૧.૧૦ ના સ્તર પર આવીને સ્થિર થયો હતો. વૈશ્વિક અનિશ્ચિતતા અને રોકાણકારોની સાવચેતીને કારણે બજારમાં ચોતરફ વેચવાલી જોવા મળી રહી છે, જેના કારણે મુખ્ય સૂચકાંકો પર ભારે દબાણ રહ્યું હતું. BSEમાં લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપ લગભગ ૧૦ લાખ કરોડ રૂપિયા ઘટી ગયું હતું. બજારમાં ઘટાડાના મુખ્ય ચાર કારણો છે, જે નીચે મુજબ છે.

ઈરાન દ્વારા બે ઓઈલ ટેન્કરો પર હુમલા બાદ ક્રૂડ ઓઈલના સપ્લાય અંગે ચિંતા વધી ગઈ છે, ખાસ કરીને સ્ટ્રેટ ઓફ હોર્મુઝથી સપ્લાય ખોરવાઈ જવાનો ડર છે. આ જ કારણે ગુરુવારે બ્રેન્ટ ક્રૂડની કિંમત ૧૦૦ ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી ગઈ હતી અને આજે શુક્રવારે પણ તે ૧૦૦.૫ ડોલરની આસપાસ રહી હતી. ભારત તેની જરૂરિયાતનો મોટો હિસ્સો આયાત કરે છે, તેથી તેલના ભાવ વધવાથી આયાત બિલ, મોંઘવારી અને કંપનીઓના ખર્ચમાં વધારો થાય છે. જેની સીધી અસર શેર બજાર પર પડી રહી છે.

પશ્ચિમ એશિયામાં વધતા તણાવને કારણે વિશ્વભરના શેરબજારો દબાણમાં છે. એશિયામાં KOSPI, Nikkei 225, SSE Composite Index અને Hang Seng Index ઘટાડા સાથે કારોબાર કરી રહ્યા છે. અમેરિકામાં પણ બજાર નબળું રહ્યું હતું. Dow Jones ૭૦૦થી વધુ પોઈન્ટ ગબડીને આ વર્ષે પ્રથમ વખત



૪૭,૦૦૦ની નીચે બંધ થયો હતો. આ સિવાય S&P 500 અને Nasdaq Compositeમાં પણ મોટો ઘટાડો નોંધાયો હતો.

સ્થાનિક બજારમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FII)ની વેચવાલી ચાલુ છે. એક્સચેન્જના આંકડા મુજબ, ગુરુવારે FIIએ અંદાજે ૭,૦૪૯.૮૭ કરોડ રૂપિયાના શેર વેચ્યા હતા. માર્ચ મહિનામાં અત્યાર સુધીમાં વિદેશી રોકાણકારો ૩૯,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના શેર વેચવાલી કરી ચૂક્યા છે. શુક્રવારે ભારતીય રૂપિયો અમેરિકન ડોલર સામે વધુ નબળો પડ્યો હતો. રૂપિયો ૧૨ પૈસા ઘટીને ૯૨.૩૭ ના રેકોર્ડ નીચલા સ્તરે પહોંચી ગયો હતો. ઈન્ટરબેંક ફોરેન એક્સચેન્જ માર્કેટમાં રૂપિયો ૯૨.૩૩ પર ખુલ્યો હતો અને દિવસ દરમિયાન ૯૨.૩૭ સુધી ઘટી ગયો હતો.

૧. કાચા તેલના વધતા ભાવથી બજારમાં ઘટાડો : વૈશ્વિક સ્તરે કાચા તેલ (Crude Oil) ની કિંમતોમાં આવેલી તેજીએ શેરબજાર પર દબાણ વધાર્યું છે. વાસ્તવમાં, ઈરાન દ્વારા બે ઓઈલ ટેન્કરો પર હુમલાના સમાચાર બાદ હોર્મુઝ સ્ટ્રેટ (Strait of Hormuz) ના માર્ગે તેલનો પુરવઠો ખોરવાવાની આશંકા વધી ગઈ છે. આ જ કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રેન્ટ ક્રૂડની કિંમત અંદાજે ૧૦૦ ડોલર પ્રતિ બેરલની નજીક પહોંચી ગઈ છે. ભારત પોતાની ઉર્જા જરૂરિયાતો માટે આયાત પર નિર્ભર હોવાથી, મિડલ ઈસ્ટની આ સ્થિતિએ બજારમાં અનિશ્ચિતતા પેદા કરી છે. ૨. વૈશ્વિક સ્તરે નબળા સંકેતો : ઈરાન-ઈઝરાયેલ વિવાદની અસર વૈશ્વિક બજારો પર પણ જોવા મળી રહી છે. એશિયાના અન્ય બજારોની વાત કરીએ તો જાપાનનો નિક્કેઈ ૨૨૫, ચીનનો SSE કમ્પોઝિટ અને હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ પણ ઘટાડા સાથે ટ્રેડ કરી રહ્યા છે. આ સાથે જ અમેરિકન બજારમાં પણ દબાણ જોવા મળ્યું હતું. એકંદરે વૈશ્વિક સ્તરે મળેલા નેગેટિવ સંકેતોને કારણે ભારતીય શેરબજારમાં કડાકો બોલાયો છે.

૩. વિદેશી રોકાણકારોની વેચવાલી : ભારતીય બજારમાં ઘટાડાનું એક મોટું કારણ વિદેશી રોકાણકારો દ્વારા કરવામાં આવી રહેલી સતત વેચવાલી પણ છે. એક્સચેન્જના આંકડા મુજબ, ગુરુવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ (FII) અંદાજે ૭,૦૪૯.૮૭ કરોડ રૂપિયાના શેર વેચી દીધા હતા. એટલું જ નહીં, માર્ચ મહિનાની શરૂઆતથી અત્યાર સુધીમાં વિદેશી રોકાણકારો કુલ મળીને ૩૯,૦૦૦ કરોડ રૂપિયાથી વધુની વેચવાલી કરી ચૂક્યા છે. આ મોટા પાયે થયેલી નિકાસની અસર બજારની ચાલ પર સ્પષ્ટ દેખાઈ રહી છે.

૪. ડોલર સામે રૂપિયો નબળો પડ્યો : કરન્સી માર્કેટમાં રૂપિયા પર દબાણ સાફ જોવા મળી રહ્યું છે. શુક્રવારે ભારતીય ચલણ ૧૨ પૈસા ગગડીને ડોલર સામે ૯૨.૩૭ ના સ્તરે પહોંચી ગયું હતું, જે અત્યાર સુધીના સૌથી નીચલા સ્તરો પૈકીનું એક છે. નિષ્ણાતોના મતે કાચા તેલના ઉંચા ભાવ અને વિદેશી રોકાણકારોની વેચવાલીને કારણે રૂપિયો દબાણમાં છે. જ્યારે રૂપિયો નબળો પડે છે ત્યારે આયાત મોંઘી થાય છે, જેનાથી મોંઘવારી વધવાની આશંકા પણ તેજ બને છે.

## એન્કાઉન્ટરમાં પોલીસે આરોપીઓની ધરપકડ કરી

# 524 સિલિન્ડર ભરેલો ટ્રક ચોરી બાદ ઝડપાયા

- પોલીસે એન્કાઉન્ટર બાદ સાત આરોપીઓની ધરપકડ કરી ચોરી કરેલા સિલિન્ડર જપ્ત કરી લીધા છે

ઝાંસી, તા.13

ઈરાન અને ઈઝરાયેલ જંગની વચ્ચે જ્યાં એક તરફ સિલિન્ડરને લઈને મારામારી થઈ રહી છે, તો વળી બીજી તરફ ઝાંસીમાં રસોઈ ગેસ સિલિન્ડર ભરેલી ટ્રક ચોરી થઈ ગઈ હતી. આ મામલે સ્થાનિક લોકો સાથે તંત્રમાં પણ હડકંપ મચી ગયો હતો. બુધવારે સવારે પોલીસે એન્કાઉન્ટર બાદ સાત આરોપીઓની ધરપકડ કરી ચોરી કરેલા સિલિન્ડર જપ્ત કરી લીધા છે.

સીનિયર પોલીસ અધિકારી બીબી જીટીએસ મૂર્તિએ બુધવારે જણાવ્યું હતું કે સિપરી બજાર સ્થિત ભારત પેટ્રોલિયમ ડેપોમાંથી એક ટ્રક ચાલક રાજકુમાર ભારત ગેસથી ભરેલા ૫૨૪ સિલિન્ડર ભરેલો પોતાનો ટ્રક ડેપોમાંથી બહાર ઊભો રાખી હોળી મનાવવા માટે પોતાના ઘરે ગયા હતા. બીજા દિવસે પાછા આવ્યા તો ડ્રાઈવરને પોતાનો ટ્રક મળ્યો નહીં. જે બાદ ટ્રક માલિક નીરજ અગ્રવાલે ટ્રક ચોરી થવાની ફરિયાદ નોંધાવી હતી.

મૂર્તિએ જણાવ્યું કે, બીજા દિવસે ચોરી થયેલો ટ્રક બડાગામ વિસ્તારના એક ઢાબા પાસે ઊભેલો જોયો, પણ તેની અંદર એક પણ સિલિન્ડર નહોતો. આ ઉપરાંત ચોરોએ ટ્રકમાં લગાવેલા જીપીએસ ઉપકરણ પણ તોડીને ફેંકી દીધું હતું. આ ક્રમમાં પોલીસે કેટલીક ટીમ બનાવી ગાયબ થયેલા ગેસ સિલિન્ડરની શોધ કરી રહ્યા હતા. બુધવાર સવારે લગભગ ત્રણ વાગ્યે એક સૂચનાના આધાર પર ગ્વાલિયર માર્ગ સ્થિત એક ગેસ ગોદામની નજીક અથડામણ દરમિયાન પોલીસે પ્રેમનગરના જાવેદ, સુમિત અને ઋતિક સાથે સમથરના આમિરને અથડામણ બાદ ધરપકડ કરી લીધો અને તેની નિશાનદેહી પર સમથરના જ શુભંકર, અભિષેક અને સુરેન્દ્રને પણ ગેસ સિલિન્ડર ચોરીના આરોપમાં ધરપકડ કરી લીધા.

પોલીસ અધિકારીએ જણાવ્યું કે, ગેસ પ્લાન્ટમાં ઘણા સમયથી ટ્રક ડ્રાઈવર તરીકે કામ કરી રહેલા જાવેદ અને ઋતિકે મળીને સિલિન્ડર ચોરી કરી પૈસા કમાવાનો પ્લાન બનાવ્યો હતો. બંનેએ તેના માટે સમથર સ્થિત શિવ ગેસ એજન્સીને પોતાની યોજનામાં સામેલ કરી અને ગેસ એજન્સીએ ૧૩ લાખ રૂપિયામાં ડીલ કરી હતી. બુધવારે સવારે પોલીસ દ્વારા શિવ ગેસ એજન્સી પર દરોડા પાડી ત્યાંથી ૩૮૯ ભરેલા અને ૧૩૫ ખાલી સહિત ચોરી થયેલા ૫૨૪ રસોઈ ગેસ સિલિન્ડર જપ્ત કરી લીધા. આ ઉપરાંત આરોપીઓ પાસેથી ૧૧ લાખ ૧૦ હજાર રૂપિયા પણ રોકડા જપ્ત કર્યા. પોલીસના જણાવ્યા અનુસાર, ગેસ સિલિન્ડરને કથિત રીતે વેચવાથી મળેલા ૮૩ હજાર અને ૮૨૦ રૂપિયા પણ જપ્ત કર્યા છે.

# લખનઉમાં રાહુલ બોલ્યા- મોદી સાયકોલોજિકલી ખતમ: અમેરિકા સામે નરેન્દ્રે સરેન્ડર કરી દીધું....

ઉત્તર પ્રદેશ, તા.13

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી શુક્રવારે લખનઉ પહોંચ્યા. તેમણે દલિત મતદારોને આકર્ષવા માટે ડૉક્ટર આંબેડકર અને કાંશીરામની પ્રશંસા કરી, જ્યારે ભારત-અમેરિકા ડીલ, પીએમ નરેન્દ્ર મોદી અને ભાજપ પર આકરા પ્રહારો કર્યા.

રાહુલે કહ્યું કે, કેન્દ્રીય મંત્રી હરદીપ પુરીનું નામ એપસ્ટીન ફાઈલમાં છે. તેમની પુત્રીની કંપનીમાં જ્યોર્જ સોરોસનું ભંડોળ છે. નરેન્દ્ર મોદી માનસિક રીતે સમાપ્ત થઈ ગયા છે. નરેન્દ્ર મોદી હવે ભારતના વડાપ્રધાન નથી રહ્યા, તેઓ અમેરિકાનું કામ કરી રહ્યા છે. જ્યારે હું આ વાત સંસદમાં કહેવા જઈ રહ્યો હતો ત્યારે નરેન્દ્ર મોદીજી ભાગી ગયા. નરેન્દ્ર મોદીએ દેશની ઊર્જા સુરક્ષા સાથે સમાધાન કર્યું છે. કારણ કે હવે અમેરિકા નક્કી કરી રહ્યું છે કે આપણે તેલ ક્યાંથી લઈશું? ઊર્જા ક્ષેત્રની સ્થિતિ હજુ વધુ ખરાબ થશે. નેહરુ જીવતા હોત તો કાંશીરામ



યુપીના CM હોત રાહુલે કહ્યું કે, કાંશીરામજી સમાજમાં સમાનતાની વાત કરતા હતા. કોંગ્રેસ પોતાનું કામ સંપૂર્ણ રીતે કરી શકી નહીં. આ જ કારણ છે કે કાંશીરામજી સફળ થયા. જો કોંગ્રેસ યોગ્ય રીતે કામ કરતી હોત તો કાંશીરામજી ક્યારેય સફળ ન થાત. કાર્યકર્તાઓને સલાહ- રાહુલ ગાંધી ઝિંદાબાદ કરવાથી ફાયદો નથી રાહુલ ગાંધીએ કોંગ્રેસના કાર્યકર્તાઓને સલાહ પણ આપી. ખરેખર, જ્યારે રાહુલ બોલવા માટે ઊભા થયા ત્યારે કાર્યકર્તાઓ રાહુલ ગાંધી ઝિંદાબાદના નારા લગાવવા લાગ્યા. ત્યારે સાંસદે કહ્યું કે, રાહુલ ગાંધી ઝિંદાબાદ કરવાથી કોઈ ફાયદો નથી. આનાથી કંઈ થતું નથી. કાંશીરામને ભારત રત્ન આપવાની માંગ ઉઠાવશે કોંગ્રેસ કોંગ્રેસે કાંશીરામને ભારત રત્ન આપવાની માંગનો પ્રસ્તાવ પસાર કર્યો છે. નિર્ણય લેવાયો છે કે રાહુલ ગાંધી દ્વારા સંસદમાં આ માંગ ઉઠાવવામાં આવશે. આ પહેલીવાર હતું, જ્યારે રાહુલ ગાંધી કાંશીરામ જયંતિના 2 દિવસ પહેલાં લખનઉમાં કોઈ મોટી ઈવેન્ટ કરવા આવ્યા હતા. કાર્યક્રમમાં લગભગ 4 હજાર લોકો સામેલ થયા. દલિત મતદારોની રાજનીતિમાં કોંગ્રેસનું આ એક મોટું પગલું માનવામાં આવી રહ્યું છે. યુપીમાં કોંગ્રેસ-સપાનું ગઠબંધન લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસનું સપા સાથે ગઠબંધન હતું, ત્યારે યુપીમાં NDAની બેઠકોની સંખ્યા 36 પર સીમિત રહી ગઈ હતી. મહાગઠબંધન 43 બેઠકો પર જીતવામાં સફળ રહ્યું. મહાગઠબંધન આ જ સફળતાને 2027ની વિધાનસભા ચૂંટણીમાં પણ પુનરાવર્તિત કરવા માંગે છે. સપા પણ કાંશીરામ જયંતિને PDA દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરી ચૂકી છે.

## કોકરાઝારમાં 4,570 કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન: ગુવાહાટીમાં

# PMએ કહ્યું- દાયકાઓ સુધી બોડોલેન્ડનો એક વિસ્તાર વિશ્વાસઘાતનો સાક્ષી રહ્યો છે

ગુવાહાટી, તા.13

PM નરેન્દ્ર મોદી શુક્રવારથી આસામની બે દિવસની મુલાકાતે છે. તેઓ બપોરે 1:30 વાગ્યે ગુવાહાટી પહોંચ્યા. તેઓ આજે કોકરાઝાર અને સિલચરની મુલાકાત લેવાના હતા, પરંતુ ખરાબ હવામાનને કારણે તેમણે કોકરાઝારમાં પ્રોજેક્ટ્સનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કર્યું.

PMએ લોકોને વર્ચ્યુઅલી સંબોધન કર્યું. તેમણે કહ્યું- દાયકાઓથી, બોડોલેન્ડ નો એક પ્રદેશ વિશ્વાસઘાતનું સાક્ષી રહ્યું છે. કોંગ્રેસે બોડોલેન્ડ પ્રદેશના ઘણા લોકોને ખોટા સપનાઓમાં ફસાવી રાખ્યા.

મોદીએ કહ્યું કે કોંગ્રેસે દેખાડો કરવા માટે કાગળ પર કરાર કર્યા. તમે કોંગ્રેસને હાંકી કાઢી અને NDAને તક આપી, તેથી અમે સમજદારીપૂર્વક નિર્ણયો લીધા.

ત્યારબાદ PM ગુવાહાટીથી સિલચર જશે. અહીંથી તેઓ ઉત્તરપૂર્વ માટે ત્રણ નવી ટ્રેનોનું ઉદ્ઘાટન પણ કરશે. કાર્યક્રમ મુજબ, પીએમ સાંજે 5 વાગ્યે ગુવાહાટીમાં આશરે 19,680 કરોડના અનેક પ્રોજેક્ટ રાષ્ટ્રને સમર્પિત કરશે.

કોંગ્રેસ ખોટા વચનોની દુકાન છે. તેઓ એક વચન સાથે ચાર જુઠ્ઠાણા ભેટ આપે છે. જ્યારે, તમારી પાસે ભાજપનું સફળ મોડેલ છે. 2003માં જ્યારે દિલ્હીમાં NDA સરકાર સત્તામાં હતી, ત્યારે અટલ બિહારી વાજપેયીના નેતૃત્વમાં સત્ય અને પ્રામાણિકતા સાથે કામ કરવામાં કોઈ કચાસ રાખી નહોતી. એનડીએની ડબલ એન્જિન સરકાર આસામના વારસાને જાળવવા અને તેના ઝડપી વિકાસને પ્રોત્સાહન આપવા માટે અથાક પ્રયાસો કરી રહી છે.

કોકરાઝાર સહિત સમગ્ર પ્રદેશે છેલ્લા કેટલાક દાયકાઓમાં ભારે



મુશ્કેલીઓનો સામનો કર્યો છે. તેને નોંધપાત્ર નુકસાન થયું છે.

બોડોલેન્ડ શાંતિ અને વિકાસના માર્ગ પર છે. આજે, આસામ શાંતિ અને પ્રગતિનો એક નવો અધ્યાય લખી રહ્યું છે.

હું તમને આગામી ચૂંટણીઓમાં કોંગ્રેસ પાર્ટીને કડક સજા આપવા વિનંતી કરવા આવ્યો છું. સ્પષ્ટ સંદેશ આપો કે આસામમાં ઘુસણખોરો માટે કોઈ સ્થાન નથી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા X પર એક પોસ્ટમાં ચાના ખેડૂતોને પટ્ટા વિતરણ અંગે લખ્યું કે આ ન્યાય અને સન્માનની દિશામાં એક ઐતિહાસિક પગલું છે. હું આ માટે આસામમાં NDA સરકારની પ્રશંસા કરું છું. અમને ચાના બગીચાના પરિવારોની મહેનત પર ગર્વ છે અને અમે હંમેશા તેમના કલ્યાણ માટે કામ કરીશું.

14 માર્ચે સવારે લગભગ 10:45 વાગ્યે વડાપ્રધાન સિલચરમાં ભૂમિ પૂજન કરશે અને લગભગ 23,550 કરોડ રૂપિયાના અલગ-અલગ પ્રોજેક્ટ્સ દેશને સમર્પિત કરશે.

પીએમ આસામના દીમા હસાઓ અને વેસ્ટ કાર્બી આંગલોંગ જિલ્લાઓમાં આવેલા કોપિલી હાઈડ્રો-ઈલેક્ટ્રિક પ્રોજેક્ટ દેશને સમર્પિત કરશે. રૂ. 2,300 કરોડથી વધુના ખર્ચે બનેલો આ પ્રોજેક્ટ ક્લીન એનર્જી ઉત્પાદનને વેગ આપશે, વિસ્તારમાં ગ્રીડ સ્થિરતામાં સુધારો કરશે અને ઘરો, ખેડૂતો અને ઉદ્યોગોને વિશ્વસનીય વીજ પુરવઠો સુનિશ્ચિત કરશે. વડાપ્રધાન ઓઈલ ઈન્ડિયા લિમિટેડની નુમાલીગઢ-સિલીગુડી પ્રોડક્ટ પાઈપલાઈન (NSPL) ની ક્ષમતા વધારવાના પ્રોજેક્ટને દેશને સમર્પિત કરશે. આ પ્રોજેક્ટ વધુ પેટ્રોલિયમ ઉત્પાદનો કાઢવામાં મદદ કરીને નુમાલીગઢ રિફાઈનરીને 3 MMTPA થી 9 MMTPA સુધી વધારવામાં મદદ કરશે.

વડાપ્રધાન આ સાથે જ રેલવે ઈલેક્ટ્રિફિકેશન પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે. આમાં આશરે રૂ. 420 કરોડના ખર્ચે બનેલી રંગિયા-મુરકોંગસેલેક રેલ લાઈન ઈલેક્ટ્રિફિકેશન (558 કિમી) અને આશરે રૂ. 1,180 કરોડના ખર્ચે બનેલી ચપરમુખ-ડિબ્રુગઢ રેલ લાઈન ઈલેક્ટ્રિફિકેશન (571 કિમી) નો સમાવેશ થાય છે. આ ઉપરાંત, આશરે રૂ. 650 કરોડના ખર્ચે બનેલી બદરપુર-સિલચર અને બદરપુર-ચુરાઈવાડી રેલ લાઈન પણ સામેલ છે.



# 'પાથરણાંવાળાને 21 માર્ચ સુધીમાં ભદ્ર પરિસરમાં પુન:સ્થાપિત કરો'

## 'ભદ્રમાંથી AMC હટાવી શકશે નહીં', સર્વે વગર 'નો વેડિંગ' ઝોન જાહેર કરી શકાય નહીં', હાઈકોર્ટનો ચુકાદો

**અમદાવાદ, તા.13**

અમદાવાદના ભદ્ર વિસ્તારમાંથી પાથરણા વાળાઓને દૂર કરવાના વિવાદમાં થયેલી જાહેરહિતની અરજીમાં આજે 13 માર્ચે ગુજરાત હાઈકોર્ટમાં ચીફ જજની બેન્ચ દ્વારા ચુકાદો જાહેર કરવામાં આવ્યો છે. વર્ષ 2014માં દાખલ થયેલી આ જાહેર હિતની અરજી ઉપર હાઈકોર્ટે લંબાણપૂર્વક સુનવણી યોજી હતી.

આજના ચુકાદામાં હાઈકોર્ટે નોંધ્યું છે કે, AMCએ સ્ટ્રીટ વેન્ડર્સ એક્ટનો અમલ કર્યો નથી. AMC પહેલા સર્વે કરે અને સ્ટ્રીટ વેન્ડર્સને સાથે રાખી સ્કીમ બનાવે. ભદ્ર પ્લાઝા એરિયામાં પાથરણાવાળાઓને AMC હટાવી શકશે નહીં. સર્વે વગર ભદ્રને નો વેડિંગ ઝોન જાહેર કરી શકાય નહીં. સર્ટિફાઈડ સ્ટ્રીટ વેન્ડર્સને AMC અગાઉ બનેલા પ્લાન મુજબ જગ્યા આપે.

AMC ના ત્રણ અધિકારીઓ સ્ટ્રીટ વેન્ડર્સના સર્ટિફિકેટ તપાસે તેમાં એક સિનિયર પોલીસ અધિકારી પણ હશે. આ કાર્ય 01 અઠવાડિયામાં કરવાનું રહેશે અને 21 માર્ચ સુધીમાં ભદ્રના સર્ટિફાઈડ ફેરિયાઓને પુન:સ્થાપિત કરવાના રહેશે. જો કે તેને લઈને આવાગમનનો રસ્તો રોકાય નહીં તેનું વ્યવસ્થાતંત્ર ધ્યાન રાખશે. AMC ના રેકોર્ડ મુજબ અહીં 844 ફેરિયાઓને સમાવી શકાય છે, પરંતુ 586 ફેરિયાઓને પ્રમાણપત્ર અપાયાનું AMC એ જણાવ્યું છે. ત્યારે તેઓને ભદ્રમાં પુનઃ સ્થાપિત કરો.બાકી રહેલા 258 ફેરિયાઓને દિવાળી પહેલાની હંગામી વ્યવસ્થાની જેમ રિલોકેટ કરો. આ બાબતે આગળ કાર્યવાહીની જરૂર પડે તો સુનવણી 17 એપ્રિલે યોજાશે.

હાઈકોર્ટે નોંધ્યું હતું કે, ભદ્ર પરિસરમાંથી પાથરણાવાળાને દૂર કરીને AMC એ કાયદા વિરુદ્ધ અને હાઈકોર્ટના અગાઉના નિર્દેશ વિરુદ્ધ કામ કર્યું છે. હાઈકોર્ટ AMC ના અધિકારીઓ સામે એક્શન લેતી નથી, પરંતુ જો પાથરણાં વાળા કોઈ ફરિયાદ કરશે તો પગલા લેવામાં આવશે. આ દરમિયાન AMCના વકીલે હાઈકોર્ટના ઉપરોક્ત ઓર્ડર ઉપર 6 અઠવાડિયાનો સ્ટેની માંગ કરી હતી. જેને હાઈકોર્ટે નકારી નાખી હતી.

અગાઉની સુનવણીમાં સ્ટ્રીટ વેન્ડર્સ એક્ટ એક્ટ ઉપર અરજદારો વતી રજૂઆત થઈ હતી. AMCએ રજૂઆત કરી હતી કે બધા પક્ષકારો સાથે બેસી જગ્યા ફાળવવા નિર્ણય થઈ શકે. વર્ષ 2016 પ્લાનમાં 288 વેડિંગ સ્પોટ રોડ ઉપર સ્પોટ થયેલા છે. વળી ભદ્રમાં ટ્રાફિકને લઈને પાથરણાં વાળાને બેસવા દેવાય નહીં.

જેથી કોર્ટે કહ્યું હતું કે, AMCને સર્વે કરતા કોને રોક્યા છે ? AMCએ એરિયા રિડેવલપ કર્યો તે પહેલા પાથરણાવાળા ભદ્રમાં બેસતા હતાં. તે એરિયાના વિકાસ બાબતે પણ તેઓએ કોઈ વિરોધ કર્યો નહોતો. AMCનાં પ્લાન મુજબ ત્યાં 611 ફેરિયાઓને બેસવાની જગ્યા હતી.

AMC એ કોર્ટ સમક્ષ અગાઉ કહ્યું હતું કે, એરિયાના રીડેવલોપમેન્ટ બાદ 844 ફેરિયાઓને ભદ્રમાં વેચાણની જગ્યા આપી શકશે. AMCએ કોઈ સર્વે કર્યો નહીં, બહારના લોકો આવ્યા અને ભદ્રમાં ભીડ થઈ, સર્વે કર્યા વગર AMC એ પછી ત્યાંથી ફેરિયાઓને કાઢી મૂક્યા. કાયદા



મુજબ કામ કરો કોર્ટનો રોલ છેલ્લે આવે. AMC જાતે વેડિંગ ઝોન જાહેર કરે છે ,પછી કહે છે કે તે રોડ ઉપર આવેલા છે. ભદ્ર પરિસર વેડિંગ ઝોન છે, જે વર્ષ 2014ના કાયદાથી પહેલા અસ્તિત્વ ધરાવે છે. AMCના આર્કિટેક્ટ પ્લાનમાં ફેરિયાઓ માટે જગ્યા રાખવામાં આવી હતી. 611 કે 844 ફેરિયાના નંબર નહીં, વિસ્તાર જુઓ.

AMCએ કહ્યું હતું કે, ભદ્ર પહેલા 'નો વ્હિકલ ઝોન નહોતો, હવે વ્હિકલ ઝોન છે. જાહેર હિતની અરજીમાં મોટા ભાગની પબ્લિકનું હિત જોવું જોઈએ, લાખો લોકો કાલુપુર રોજ જાય છે. જો કે કોર્ટે કહ્યું હતું કે, શું AMCએ આવો નિર્ણય લેતા પહેલા આંખો બંધ કરી દીધી હતી? 2017 થી તમે એફિડેવિટ ફાઈલ કરો છો. બધું વાર્તા જેવું છે, વાંક કોનો છે ? AMC કાયદા મુજબ કોઈ કામ નથી કર્યું કે ના સર્વે કર્યો. હવે AMC કોર્ટ સમક્ષ માફી માંગીને તેને સાંભળવાની વાત કરે છે.

AMC એ એક સબમિશન એવું કર્યું હતું કે, કાયદો અને પરિસ્થિતિ જાળવવા તેઓ અમુક પગલાં લઈ શકે છે. જો કે હાઈકોર્ટે કહ્યું હતું કે પહેલા AMCએ ફેરિયાઓને ભદ્ર પરિસરમાંથી કાઢ્યા છે. પહેલા જે ખોટુ કર્યું છે, તેને સુધારો બાદમાં સર્વે કરો. AMC એ પહેલા કોર્ટ સમક્ષ પ્લાન મૂક્યો, કોર્ટની મંજૂરી લીધી નહીં અને પ્લાન વિરુદ્ધ ફેરિયાઓને કાઢી મૂક્યા બાદમાં કોર્ટને ફોટા બતાયા કે ફેરિયા રોડ પર છે. પહેલા ફેરિયાઓને ભદ્ર પરિસરમાં મૂકો પછી સર્વે કરો. અત્યારે કેટલા ફેરિયાઓને પરત મૂકશો ?

AMCએ જણાવ્યું હતું કે, તેઓ ફેરિયાઓને રોડ ઉપર બેસવાની મંજૂરી આપી શકે નહીં. કોર્ટે કહ્યું હતું કે અહીં રોડ નહીં, વેન્ડીંગ ઝોનની વાત છે. વર્ષ 2014ના સ્ટ્રીટ વેન્ડર્સ એક્ટ પહેલા થયેલા સર્વેમાં 611 ફેરિયાઓને ભદ્ર પરિસરમાં બેસવાની જગ્યા આપવાની વાત હતી. ત્યાં કાયદા મુજબ તેમને બેસવાનો હક્ક છે. નવા કાયદાના અસ્તિત્વમાં આવ્યા બાદ અમદાવાદ મહાનગરપાલિકા ફેરિયાઓને ત્યાંથી હટાવી શકે નહીં. 586 ફેરિયાઓને સર્ટિફિકેટ અપાયા હોય તો તેમને ત્યાં પરત મૂકો.

AMCએ કહ્યું હતું કે, અગાઉ કોર્ટ સમક્ષ મુકેલ પ્લાન વર્ષ 2026માં ચાલી શકે તેમ નથી. કોર્ટે કહ્યું હતું કે, કાયદા મુજબ તમે ફેરિયાઓને હટાવી જ ના શકો. તમે તેમને પરત બેસવા દેવા સર્વેની શરત મૂકી શકો નહીં. તમે બધા ફેરિયાઓને પરત મૂકો, પછી સર્વે કરો. AMC પાસે બીજો કોઈ વિકલ્પ નથી. વળી આ વિસ્તાર વ્હિકલ ઝોન છે ત્યારે આજે અરજદારો પણ 844 ફેરિયાઓ માટે બેસવાની જગ્યાની માંગ કરી શકે નહીં, ફૂટપાથ મોટી કરીને રોડ સાંકડા કરી શકાય નહીં.

2017થી ભદ્ર વિસ્તારને વ્હિકલ ઝોન જાહેર કરાયો હોય તો પણ પહેલા સર્વે કરવાનો કોર્પોરેશનનો પ્રસ્તાવ કોર્ટને સ્વીકાર નથી. પહેલા 586 ફેરિયાઓને ભદ્રમાં બેસવા જગ્યા આપવામાં આવે, પછી કોર્પોરેશન સર્વે કરે. અરજદારો પણ ઓથોરિટીને સહયોગ આપે. આમ છતાં બંને પક્ષો પોતાની વાત ઉપર અડગ રહેતા હાઈકોર્ટે કહ્યું હતું કે, કોર્ટ ફાઈલ જોઈને જાતે નિર્ણય કરશે. અરજદારો વર્તમાનમાં ભૂતકાળ ઇચ્છે છે, જેમાં તેઓ પોતાનું ભવિષ્ય બગાડી શકે છે. કોર્ટ ટ્રાફિક સમસ્યા અવગણીને ઓથોરિટીને કાર્ય કરવા પણ કહી શકે નહીં કે કાયદા વિરુદ્ધના કાર્યની મંજૂરી આપી શકે નહીં. AMCએ 586 ફેરિયાઓને પરત ભદ્ર વિસ્તારમાં મૂકી સર્વે કરવો જોઈએ.

હાઈકોર્ટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની દલીલોના અંતે એવી વેધક ટકોર કરી હતી કે, કોઇ પણ રિ-સરવે કે ફ્રેશ પ્રક્રિયા વિના માત્ર ભદ્રમાં ખૂબ ટ્રાફિક થઇ ગયો હોવાની દલીલ કરીને ભદ્ર ખાતેથી વેન્ડર્સને હટાવવાનું કોર્પોરેશનનું કૃત્ય 2019માં હાઇકોર્ટે કરેલા આદેશની અવમાનના સમાન છે અને વેન્ડર્સ એક્ટની કલમ-21ની જોગવાઇનો પણ ભંગ કરે છે.

હાઇકોર્ટ આ બાબતે અત્યંત સ્પષ્ટ છે અને હવે કોર્પોરેશનનો શું પ્રસ્તાવ છે અને હાઇકોર્ટના અગાઉના આદેશનો અમલ કઇ રીતે કરશો એ કોર્ટને જણાવો. જો કોર્પોરેશન વેન્ડર્સને વૈકલ્પિક વ્યવસ્થા આપી રિલોકેટ કરશે તો જ અરજીનો નિકાલ થશે.

# વ્હાઈટ LED લાઈટ લગાવનાર સામે RTOની તવાઈ

## 2 મહિનામાં 1021 સામે કાર્યવાહી અને 10 લાખથી વધુનો દંડ વસૂલ્યો, નિયમ વિરુદ્ધ લાઈટ લગાવનારના લાયસન્સ સસ્પેન્ડ કરાશે

**અમદાવાદ, તા.13**

રાજ્યમાં અકસ્માતની ઘટનામાં વધારો થતો હોવાથી રાજ્ય વાહન વ્યવહાર કમિશનરે વાહનોમાં ગેરકાયદેસર રીતે લગાવવામાં આવતી વ્હાઈટ એલઈડી લાઈટ લગાવેલા ચાલકો સામે કડક કાર્યવાહી કરવાની સૂચના આપવામાં આવી છે. જે બાદ અમદાવાદ RTO ઈન્સ્પેક્ટર દ્વારા તવાઈ બોલાવવામાં આવી રહી છે. દરરોજ રાત્રે RTO અધિકારીઓ સ્પેશિયલ ડ્રાઈવ યોજી વાહન ચેકીંગ કરી કાર્યવાહી કરી રહ્યા છે. આ ડ્રાઈવ દરમિયાન 2025માં જેટલો દંડ અને કાર્યવાહી કરાઈ હતી તેટલી કાર્યવાહી અને એટલો દંડ માત્ર 3 મહિનામાં વસૂલવામાં આવ્યો છે. જાન્યુઆરીથી લઈને 10 માર્ચ સુધી 1021 સામે કાર્યવાહી કરી 10 લાખથી વધુનો દંડ વસૂલવામાં આવ્યો છે.

છેલ્લા ઘણા સમયથી વાહનોમાં અલગ જ પ્રકારની લાઈટો લગાવવાનો ટ્રેન્ડ શરૂ થઈ ગયો છે. નિયમ વિરોધ લગાવવામાં આવતી વ્હાઈટ લાઈટના કારણે લોકોની આંખોને ઘણું નુકશાન પહોંચતું હોય છે. વ્હાઈટ બલ્બ લગાવવામાં આવેલા વાહનોમાંથી તીવ્ર પ્રકાશવાળી લાઈટના કારણે સામેથી અન્ય વાહન ચાલકોની આંખો અંજાઈ જતી હોય છે. જેના કારણે અકસ્માતની પણ ઘટના બનતી હોય છે. જેથી અમદાવાદ RTO દ્વારા ઝુંડાલ સર્કલ, એસજી હાઈવે, કાલુપુર, સુભાષ બ્રિજ સર્કલ સહિતના વિસ્તારમાં રાત્રે ડ્રાઈવ યોજવામાં આવી રહી છે.

નિયમ વિરુદ્ધની વ્હાઈટ એલઈડી લાઈટ લગાવનાર સામે વર્ષ 2025માં અમદાવાદ RTO દ્વારા 1090 વાહન ચાલકો સામે કાર્યવાહી કરવામાં આવી છે.



નિયમ વિરુદ્ધ તીવ્ર પ્રકાશવાળી વ્હાઈટ બલ્બ લગાવેલા હોવાથી 10.90 લાખનો દંડ પણ વસૂલવામાં આવ્યો છે. જો કે તે બાદ પણ અમદાવાદીઓ નિયમનું પાલન કરવામાં ઉદાસીનતા રાખી રહ્યા હતા. જેથી હવે ડ્રાઈવ યોજીને કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. એક વર્ષના જેટલી કાર્યવાહી દંડ વસૂલવામાં આવ્યો હતો એટલો જ દંડ 2 મહિના અને 10 દિવસમાં વસૂલાયો છે.

જાન્યુઆરીથી 10 માર્ચ સુધી 1021 વાહન ચાલકો સામે કાર્યવાહી કરવામાં આવી છે તેમજ 10 લાખથી વધુનો દંડ પણ વસુલ કરવામાં આવ્યો છે. તેમજ હવે જે લોકો નિયમ વિરુદ્ધ વ્હાઈટ એલઈડી લાઈટ લગાવી રહ્યા છે તેમની પણ યાદી તૈયાર કરવામાં આવી છે અને તેમના લાયસન્સ સસ્પેન્ડ કરવાની કાર્યવાહી પણ કરવાની તૈયારી કરવામાં આવી છે.

અમદાવાદ RTO નીરવ બક્ષીએ જણાવ્યું હતું કે, અત્યારે અમદાવાદ RTO દ્વારા જુદા-જુદા વિસ્તારમાં નિયમ વિરુદ્ધની LED લાઈટને કાર્યવાહી કરવામાં આવી રહી છે. ઝુંડાલ સર્કલ, એસ.જી હાઈવે, કાલુપુર, સુભાષ બ્રિજ સહિતના વિસ્તારમાં ડ્રાઈવ પણ ચાલી રહી છે. જાન્યુઆરી, ફેબ્રુઆરી અને માર્ચ મહિનામાં 1021 જેટલા નિયમ વિરુદ્ધ વ્હાઈટ લાઈટ લગાવેલા વાહન ચાલકો સામે કાર્યવાહી કરવામાં આવી છે. 10 લાખથી પણ વધુનો દંડ વસૂલવામાં આવ્યો છે તેમજ હજુ પણ આ ડ્રાઈવ ચાલુ રાખવામાં આવશે.

વધુમાં નીરવ બક્ષીએ જણાવ્યું હતું કે, તેમજ અત્યારે જે લોકો નિયમ વિરુદ્ધ વ્હાઈટ લાઈટ લગાવી રહ્યા છે. તેમનો ડેટા એકત્ર કરવામાં આવ્યો છે તેમજ હવે થોડા દિવસમાં પોલીસ અને RTOની ટીમ દ્વારા સ્થળ તપાસ પણ કરવામાં આવશે. ચેકીંગ દરમિયાન નિયમ વિરુદ્ધ વ્હાઈટ LED લાઈટ લગાવવામાં આવતી હોવાનું સામે આવશે તેમનું લાયસન્સ સસ્પેન્ડ કરવાની પણ કાર્યવાહી કરવામાં આવશે. અત્યારે જે લોકો નિયમ વિરુદ્ધની વ્હાઈટ LED લગાવી રહ્યા છે, તેમની સામે એક હજાર રૂપિયાનો ચલણ ઈશ્યુ કરવામાં આવે છે તેમજ જો લાઈટનું વધારે ફોકસ સામે આવે છે તો તેમની સામે 5000 રૂપિયા સુધીની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

### વન વિભાગની મંજૂરી વગર વૃક્ષો હટાવતાં મામલો ગરમાયો:

## આણંદના રણછોડરાય માર્કેટમાં દબાણો હટાવવામાં વૃક્ષોનું નિકંદન

**આણંદ, તા.13**

આણંદ મનપા દ્વારા રજા દિવસે રણછોડરાય માર્કેટની 87 દુકાનો તોડી પાડવામાં આવી હતી. ત્યારે માર્કેટમાં આવેલા 4થી વધુ વૃક્ષો વન વિભાગની મંજૂરી વગર હટાવવામાં આવ્યાં હતા. ત્યારે વનવિભાગે તપાસ કરીને મનપા સામે કાર્યવાહી કરેશ ખરું તે પ્રશ્ન ઉઠવા પામ્યો છે. યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.



આણંદ મનપા દ્વારા ગત રવિવારે રજાના દિવસે રાજારણછોડરાય માર્કેટની દુકાનો તોડી પાડી હતી.જે તે સમયે આ જગ્યા પર આવેલા વૃક્ષો ઉપરથી કટીંગ કરીને થડ રહેવા દેવામાં આવ્યાં છે. જો કે મનપાએ દબાણ હટાવતી વખતે વૃક્ષોને કાપવા બાબતે વન વિભાગની મંજૂરી લીધા વગર કાપી નાંખ્યા હોવાનું ચર્ચાઇ રહ્યું છે. એક બાજુ શહેર હરિયાળુ બનાવવા માટે કમિશ્નર અથાગ પ્રયત્નો કરી રહ્યાં છે.ત્યારે મનપા સ્ટાફે દબાણ હટાવતી વખતે કેટલાંક વૃક્ષો કાપી નાંખ્યા છે. મનપાએ માર્કેટની જગ્યા પર કોઇ નવું કામ હાથ ન ધરાય ત્યાં સુધી વૃક્ષો રહેવા દેવા જોઇતા હતા. તેમ પર્યાવરણ પ્રેમીએ જણાવ્યું હતું. ત્યારે વન વિભાગ દ્વારા યોગ્ય તપસા કરીને મનપા સામે કાર્યવાહી કરવામાં આવે તેમ નગરજનો ઇચ્છે છે.

# વડતાલમાં સ્ટેટ મોનિટરિંગ સેલનો દરોડો: લિસ્ટેડ બુટલેગર ભોપાના ગોદામમાંથી ₹36 લાખનો દારૂ-વાહન જપ્ત.....

**નડિયાદ, તા.13**

ખેડાના વડતાલ પોલીસ સ્ટેશનની હદમાં આવેલા કિશોરપુરા ગામે સ્ટેટ મોનિટરિંગ સેલે દરોડો પાડીને વિદેશી દારૂના મોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. લિસ્ટેડ બુટલેગર ભૂપેન્દ્ર ઉર્ફે ભોપો પરમારના ખુલ્લા ગોદામમાંથી 36,28,480નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ કાર્યવાહીમાં ત્રણ આરોપીઓની ધરપકડ કરાઈ છે, જ્યારે મુખ્ય સપ્લાયર સહિત પાંચ શખ્સોને વોન્ટેડ જાહેર કરાયા છે.

સ્ટેટ મોનિટરિંગ સેલને વડતાલના કિશોરપુરામાં મોટા પાયે વિદેશી દારૂનો જથ્થો ઉતારાયો હોવાની બાતમી મળી હતી. આ બાતમીના આધારે ભૂપેન્દ્ર ઉર્ફે ભોપો ઈશ્વરભાઈ પરમારના ગોદામમાં દરોડો પાડવામાં આવ્યો હતો. સર્ચ ઓપરેશન દરમિયાન



પોલીસને 16,06,200ની કિંમતની 4,102 બોટલ આઈએમએફએલ દારૂ મળી આવ્યો હતો. દારૂ સગેવગે કરવા માટે રાખવામાં આવેલા 20,00,000ની કિંમતના ત્રણ વાહનો પણ પોલીસે જપ્ત કર્યા હતા. દરોડા દરમિયાન પોલીસે મુખ્ય આરોપી ભૂપેન્દ્ર ઉર્ફે ભોપો પરમાર ઉપરાંત દેવેશ જગદીશભાઈ શર્મા અને ચિરાગ મફાજી સરગરાની ધરપકડ કરી હતી. પકડાયેલા ત્રણેય આરોપીઓ નડિયાદ અને વડતાલ પંથકના રહેવાસી છે. તેમની પાસેથી રોકડ રકમ અને ત્રણ મોબાઈલ ફોન પણ મળી આવ્યા હતા. આ મામલે વડતાલ પોલીસ મથકે પ્રોહિબિશન એક્ટ અને બીએનએસની કલમો હેઠળ ગુનો દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં દારૂના આ મોટા નેટવર્કનો ખુલાસો થયો છે. જેમાં નડિયાદના ફિરોઝ અલ્લારખા વોરા અને તેના ભાગીદાર મહિપતસિંહ મુખ્ય સપ્લાયર તરીકે સામે આવ્યા છે.

# ખેડાના માતર પંથકમાં રહેણાક પ્રોજેક્ટ મુદ્દે ભારે વિવાદ: ત્રાજ ગામના લોકોની અશાંતધારો લાગુ કરવા કલેક્ટરને રજૂઆત

**નડિયાદ, તા.13**

ખેડા જિલ્લાના માતર તાલુકામાં આવેલા ત્રાજ ગામમાં લઘુમતી સમુદાય માટેના એક મોટા રહેણાક પ્રોજેક્ટને લઈને ગ્રામજનોમાં ભારે રોષ અને ચિંતા જોવા મળી રહી છે. ત્રાજ ગામના રહીશોએ આ વિસ્તારમાં સામાજિક સંતુલન બગડવાની ભીતિ વ્યક્ત કરી જિલ્લા કલેક્ટરને લેખિત રજૂઆત કરી છે અને સમગ્ર પંથકમાં 'અશાંતધારો' લાગુ કરવાની માગ કરી છે.

ગ્રામજનોના આક્ષેપ મુજબ, ગામની સીમમાં ખેતીની જમીનનું બિનખેતી (NA)માં રૂપાંતર કરીને અંદાજે 200થી 300 મકાનની વિશાળ સોસાયટી બનાવવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. અમજદખાન જુનેદખાન પઠાણ દ્વારા 'અમ્બર કોર્ટયાર્ડ' અને 'એક સપના અપની જમીન અપના



આશિયાના' જેવી યોજનાઓ હેઠળ ચોક્કસ સમુદાય માટે આ આયોજન કરવામાં આવ્યું હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.

વસ્તી માળખામાં ફેરફાર: બહારથી, ખાસ કરીને અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાંથી આવતા લોકોના વસવાટને કારણે ગામની વસ્તીનું માળખું ખોરવાઈ શકે છે. બાંગ્લાદેશી વસાહતીઓની શંકા: ગ્રામજનોએ આશંકા વ્યક્ત કરી છે કે, અમદાવાદના ચંડોળા તળાવ જેવા વિસ્તારોમાં જ્યાં ડિમોલિશન થયું છે, ત્યાંથી બાંગ્લાદેશી મુસ્લિમો જેવા શંકાસ્પદ તત્વો અહીં વસી શકે છે.

ઐતિહાસિક સંદર્ભ: છેલ્લા 25 વર્ષથી જન્માષ્ટમી અને રથયાત્રા જેવા તહેવારોમાં ગામમાં પોલીસ બંદોબસ્ત રાખવો પડે છે. નવા વસવાટથી સુલેહ-શાંતિ જોખમાવાની પૂરેપૂરી શક્યતા છે.

આ વિવાદ માત્ર ત્રાજ પૂરતો મર્યાદિત નથી. માતરના ગરમાળા ગામે પણ 'આશિયાના રેસિડેન્સી' નામના પ્રોજેક્ટ સામે વિરોધ ઉઠ્યો છે. તાજેતરમાં જ ગરમાળામાં અમદાવાદના કેટલાક શખ્સોએ સ્થાનિક હિન્દુ યુવક પર હુમલો કર્યો હતો, જે અંગે કલમ 307 મુજબ ફરિયાદ નોંધાઈ છે. ગ્રામજનોએ સુનિયોજિત ષડયંત્ર હેઠળ જમીનો પડાવી લેવાતી હોવાનો આક્ષેપ કર્યો છે.

વિશ્વ હિન્દુ પરિષદના જિલ્લા મહામંત્રી હરેશ પટેલે ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું કે, ભલાડા પાસે પૌરાણિક મંદિર નજીક આવેલી મજાર પાસે કેટલાક અસામાજિક તત્વોનો જમાવડો રહે છે. ગતરાત્રે આ પૌરાણિક મંદિરમાં આગ લાગવાની ઘટના બની છે, જ્યારે બાજુમાં આવેલી મજાર સુરક્ષિત છે. આ ઘટનાને પગલે હિન્દુ સંગઠનો અને ગ્રામજનોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

ત્રાજ, કોશીયલ, પીપરીયા, માછીયેલ અને ખડીયારાપુરા ગામના લોકોએ આ મામલે કલેક્ટર ઉપરાંત વડાપ્રધાન કાર્યાલય (PMO), મુખ્યમંત્રી ગુજરાત, ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ, જિલ્લા પોલીસ અધિક્ષક (SP), વિશ્વ હિન્દુ પરિષદ (VHP) તમામ તંત્રોને નકલ રવાના કરી છે. ગ્રામજનોએ મામલતદાર પાસેથી રિપોર્ટ મંગાવી નવી પરવાનગીઓ અટકાવવા અને ત્વરિત કાયદાકીય રક્ષણ આપવા આગ્રહભરી વિનંતી કરી છે.

# સ્પેશિયલ મેરેજ કોર્ટના રજીસ્ટ્રારને સસ્પેન્ડ કરવા માંગ: વિશ્વ હિન્દુ પરિષદના કેન્દ્રીય મંત્રી અને પાટીદાર સમાજ સહિતની સંસ્થાઓએ પત્ર લખ્યા

**અમદાવાદ, તા.13**

તાજેતરમાં જ અમદાવાદના ઘીકાંટા ખાતે સ્પેશિયલ મેરેજ રજિસ્ટ્રાર કોર્ટમાં હિન્દુ યુવતી અને મુસ્લિમ યુવકના લગ્નનો મુદ્દો સામે આવ્યો હતો. રજીસ્ટ્રાર દ્વારા સત્તાનો ઉપયોગ કરી ખોટી રીતે લગ્ન નોંધણી કરવામાં આવતી હોવા અંગેના આક્ષેપો વિવિધ હિન્દુ સંગઠન દ્વારા કરવામાં આવ્યા હતા ત્યારે વિશ્વ હિન્દુ પરિષદ અને વિવિધ સમાજની સંસ્થાઓ દ્વારા રાજ્યપાલ, મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, ચીફ જસ્ટીસ અને કલેકટરને પત્ર લખીને રજીસ્ટ્રારને સસ્પેન્ડ કરવાની અને અત્યાર સુધીની તમામ લગ્ન નોંધણીની SIT દ્વારા તપાસ કરવાની એમ જ જો તેમાં ગેરરીતિ જણાય તો કાયદેસરની કાર્યવાહી કરવાની માંગણી કરવામાં આવી છે.

વિશ્વ હિન્દુ પરિષદના ધર્મપ્રસાર વિભાગના કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર ભાવાણીએ રાજ્યપાલથી લઈ મુખ્યમંત્રી નાયબ મુખ્યમંત્રી ચીફ જસ્ટિસ સહિતના લોકોને પત્ર લખ્યો છે જેમાં તેમણે જણાવ્યું છે કે, 03/03/2026ના રોજ અમદાવાદ શહેરના ઘી કાંટા ખાતે આવેલી સ્પેશિયલ મેરેજ રજીસ્ટ્રાર કચેરીમાં મુખ્ય રજીસ્ટ્રાર તરીકે ફરજ બજાવતા એમ.એમ.સૈયદ દ્વારા સત્તાનો દુરુપયોગ કરી ગેરરીતિથી લગ્ન નોંધણી કરાવવાનો ગંભીર બનાવ સામે આવ્યો છે.

મળતી માહિતી મુજબ મેરેજ રજીસ્ટ્રેશન માટે આવેલા હિન્દુ યુવતી અને મુસ્લિમ યુવકને કચેરીના નિયમિત કાર્ય સમય પહેલા વકીલના પહેરવેશમાં બોલાવી છાનામાના લગ્ન નોંધણી કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. સામાન્ય રીતે કચેરીનો નિયમિત કાર્ય સમય સવારે 11:00 વાગ્યાથી શરૂ થાય છે તેમછતાં એમ.એમ. સૈયદ સવારે અંદાજે 9:00 વાગ્યે કચેરીમાં હાજર રહી આ કાર્યવાહી હાથ ધરતા હોવાનું



જાણવા મળ્યું છે.

આ બાબતની જાણ થતા ત્યાં હાજર કેટલાક વકીલો દ્વારા આ મુદ્દાની ગંભીર નોંધ લેવામાં આવી હતી અને તેના વિરુદ્ધમાં હોબાળો પણ મચ્યો હતો. આ ઘટનાના કારણે સમાજમાં ભારે રોષ અને અવિશ્વાસનું વાતાવરણ સર્જાયું છે.

સરકારી અધિકારી તરીકે કાયદાનું પાલન કરાવવાની જવાબદારી ધરાવતા વ્યક્તિ દ્વારા પોતાની સત્તાનો દુરુપયોગ કરી ગેરરીતિથી કાર્યવાહી કરવામાં આવે તે અત્યંત ગંભીર બાબત છે. આ ઘટના પરથી એવી શંકા પણ વ્યક્ત થાય છે કે, અગાઉ પણ આવા પ્રકારની ગેરરીતિથી કેટલાય કેસોમાં પરિવારજનોની લાગણીઓ અવગણીને ગેરકાયદેસર રીતે લગ્ન નોંધણી કરવામાં આવી હોઈ શકે.

આ ઉપરાંત એવી પણ માહિતી સામે આવી છે કે, આ લગ્ન નોંધણી પ્રક્રિયા દરમિયાન 'વસીમ' નામનો એક શખસ એમ.એમ.સૈયદની ઓફિસમાં હાજર હતો અને તેણે આ ઘટનાથી સંબંધિત કેટલાક પુરાવાઓનો નાશ કરવાનો પ્રયત્ન કર્યો હતો તેવી શંકા વ્યક્ત કરવામાં આવે છે. તેથી તે વ્યક્તિ કોણ હતો, સરકારી કચેરીમાં તે કોની પરવાનગીથી હાજર હતો તેમજ શું તે સૈયદનો કોઈ વહીવટદાર કે સહયોગી છે કે નહીં તે બાબતે પણ તપાસ કરવામાં આવે માંગણી કરી છે.

વિશ્વ હિન્દુ પરિષદ ઉપરાંત વિવિધ સમાજની સંસ્થાઓ દ્વારા પણ જિલ્લા કલેકટરને સ્પેશિયલ મેરેજ રજીસ્ટ્રાર વિરુદ્ધ કાર્યવાહી કરવા માટે પત્ર લખવામાં આવ્યા છે. પાટીદાર સમાજની મોટી સંસ્થાઓ એવી વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન, ખોડલધામ, સરદાર પટેલ ગ્રુપ (SPG), અડતાલીસ કડવા પાટીદાર સમાજ (વઢીયાર વિભાગ), તેર ગામ લેઉવા પટેલ સમાજ (દહેગામ), શ્રી બાવીસી સંપ્રદાય મોઢ ચતુર્વેદી બ્રાહ્મણ સમાજ તેમજ કેળવણી મંડળ સહિતના સમાજ દ્વારા પત્ર લખીને માંગણીઓ કરવામાં આવી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૫૦૯૯૨

# અફઘાનિસ્તાનનો પાકિસ્તાન પર વળતો હુમલો: ખૈબર પખ્તુનખ્વામાં સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવ્યા

**ઈસ્લામાબાદ, તા.13**

અફઘાનિસ્તાનના સંરક્ષણ મંત્રાલયે દાવો કર્યો છે કે અફઘાન વાયુસેનાએ શુક્રવારે પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વામાં હવાઈ હુમલો કર્યો. મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ કાર્યવાહી પાકિસ્તાની સેના દ્વારા ગત રાત્રિએ કરવામાં આવેલા હુમલાના જવાબમાં કરવામાં આવી હતી. સંરક્ષણ મંત્રાલયે સોશિયલ મીડિયા પર જારી કરેલા નિવેદનમાં જણાવ્યું હતું કે કોહાટ વિસ્તારમાં પાકિસ્તાની સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવવામાં આવ્યા હતા.

આ સાથે સૈન્ય કિલ્લાને પણ નિશાન બનાવવામાં આવ્યો હતો. જોકે, હુમલામાં કોઈના મોત કે ઈજા થયાની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. વાસ્તવમાં, પાકિસ્તાને ગુરુવારે રાત્રે અફઘાનિસ્તાનની રાજધાની કાબુલ અને કંધારમાં હવાઈ હુમલા કર્યા હતા. તાલિબાન અધિકારીઓના જણાવ્યા અનુસાર, હુમલામાં 6 લોકોના મોત થયા છે અને 15 ઘાયલ થયા છે. જેમાં મહિલાઓ અને બાળકોનો સમાવેશ થાય છે. આ સાથે અનેક ઘરોને પણ નુકસાન થયું છે.

પાકિસ્તાને અફઘાનના ફ્યુઅલ ડેપો પર હુમલો કર્યો તાલિબાનના પ્રવક્તા ઝબીહુલ્લાહ મુજાહિદના જણાવ્યા અનુસાર, પાકિસ્તાને પ્રાઈવેટ એરલાઈન 'કામ એર'ના ફ્યુઅલ ડેપો પર હુમલો કર્યો હતો, જે નાગરિક વિમાનો અને UNના વિમાનોને પણ ફ્યુઅલ સપ્લાય કરે છે. તેમણે ચેતવણી આપી કે આ હુમલાનો જવાબ આપવામાં આવશે.જ્યારે, પાકિસ્તાની સુરક્ષા અધિકારીઓએ રોયટર્સને જણાવ્યું કે આ કાર્યવાહી પાકિસ્તાની તાલિબાન (TTP)ના ઠેકાણાઓ પર કરવામાં આવી છે. તાજેતરના મહિનાઓમાં દેશમાં વધતા આતંકવાદી હુમલાઓ પછી આ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું.

તાલિબાન સરકારના પ્રવક્તા ઝબીહુલ્લાહ મુજાહિદે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર જણાવ્યું કે પાકિસ્તાની હુમલા કંધાર અને પક્તિકા પ્રાંતોમાં પણ કરવામાં આવ્યા. કંધારને તાલિબાન નેતાઓના ગઢ તરીકે ઓળખવામાં આવે છે.

જ્યારે, તાલિબાન સરકારે પાકિસ્તાનના આરોપોને નકારી કાઢ્યા છે. તેનું કહેવું છે કે અફઘાનિસ્તાનની જમીનનો ઉપયોગ કોઈપણ દેશ વિરુદ્ધ હુમલાઓ માટે કરવા દેવામાં આવશે નહીં.

ખરેખર, પાકિસ્તાન લાંબા સમયથી અફઘાનિસ્તાનની તાલિબાન સરકાર પર દબાણ કરતું રહ્યું છે કે તે પોતાની જમીનનો ઉપયોગ કોઈ પણ આતંકવાદી સંગઠનને ન કરવા દે. ઈસ્લામાબાદનો આરોપ છે કે TTP અફઘાનિસ્તાનથી કાર્યરત છે, જ્યારે તાલિબાન સરકાર આ આરોપોનો સતત ઈનકાર કરતી રહી છે. પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં સંઘર્ષની



શરૂઆત 22 ફેબ્રુઆરીએ થઈ હતી. પાકિસ્તાને અફઘાનિસ્તાનના સરહદી વિસ્તારોમાં હવાઈ હુમલા કર્યા હતા.

પાકિસ્તાનના ઉપ ગૃહ મંત્રી તલાલ ચૌધરીએ દાવો કર્યો હતો કે સરહદી વિસ્તારોમાં TTPના ઠેકાણાઓ પર કાર્યવાહીમાં ઓછામાં ઓછા 70 સૈનિકો માર્યા ગયા. બાદમાં પાકિસ્તાની અખબાર ડોને આ સંખ્યા 80 સુધી પહોંચવાનો દાવો કર્યો હતો. તેના જવાબમાં અફઘાનિસ્તાને 27 ફેબ્રુઆરીએ પાકિસ્તાન પર હુમલો કર્યો.

અફઘાન સંરક્ષણ મંત્રાલયે કહ્યું હતું કે પાકિસ્તાનને 'યોગ્ય સમયે સખત જવાબ' આપવામાં આવશે. મંત્રાલયે આ હુમલાઓને દેશની સાર્વભૌમત્વનું ઉલ્લંઘન ગણાવ્યું હતું. પાકિસ્તાન લાંબા સમયથી અફઘાનિસ્તાનની તાલિબાન સરકાર પર દબાણ કરતું રહ્યું છે કે તે પોતાની જમીનનો ઉપયોગ કોઈ પણ આતંકી સંગઠનને ન કરવા દે. ઈસ્લામાબાદનો આરોપ છે કે TTP અફઘાનિસ્તાનથી ઓપરેટ થઈ રહ્યું છે, જ્યારે તાલિબાન સરકાર આ આરોપોનો સતત ઈનકાર કરતી રહી છે.

પાકિસ્તાને અફઘાનિસ્તાન વિરુદ્ધના હુમલાને 'ગજબ લિલ હક' ઓપરેશન નામ આપ્યું હતું અને કાબુલ સહિત ઘણા પ્રાંતોમાં હુમલા કર્યા. 'ગજબ લિલ હક' નો અર્થ છે, પોતાના હક માટે ઊભા રહેવું. પાકિસ્તાની વાયુસેનાએ દાવો કર્યો હતો કે તેણે નંગરહાર અને કંધારમાં તાલિબાનના સૈન્ય મુખ્યાલયોને નિશાન બનાવ્યા હતા. જ્યારે તાલિબાનનું કહેવું છે કે તેના માત્ર 8 થી 13 સૈનિકોઓ માર્યા ગયા અને કેટલાક ઘાયલ થયા. તેણે દાવો કર્યો હતો કે 55 પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા અને બે સૈન્ય મુખ્યાલયો સહિત અનેક ચોકીઓ પર કબજો કરવામાં આવ્યો.

છેલ્લા કેટલાક અઠવાડિયામાં અફઘાન અને પાકિસ્તાની સુરક્ષા દળો વચ્ચે સરહદ પર ઘણી વખત અથડામણો થઈ છે. યુનાઈટેડ નેશન્સના અફઘાનિસ્તાન મિશન (UNAMA) અનુસાર, 26 ફેબ્રુઆરીથી 5 માર્ચની વચ્ચે પાકિસ્તાનની સૈન્ય કાર્યવાહીમાં 56 નાગરિકો માર્યા ગયા છે. જેમાં 24 બાળકો પણ સામેલ છે.

યુનાઈટેડ નેશન્સ શરણાર્થી એજન્સી અનુસાર, આ હુમલાઓના કારણે લગભગ 1.15 લાખ લોકો પોતાના ઘર છોડીને સુરક્ષિત સ્થળોએ જવા મજબૂર થયા છે. 2001માં અમેરિકાએ અફઘાનિસ્તાન પર હુમલો કર્યા પછી પાકિસ્તાને અમેરિકાનો સાથ આપ્યો. આનાથી TTP નારાજ થઈ ગયું, તે તેને ઈસ્લામ વિરુદ્ધ માનતું હતું. TTP માને છે કે પાકિસ્તાન સરકાર સાચા ઈસ્લામને માનતી નથી, તેથી તે તેની વિરુદ્ધ હુમલો કરે છે. TTPનો અફઘાન તાલિબાન સાથે ગાઢ સંબંધ છે. બંને જૂથો એકબીજાને સમર્થન આપે છે. 2021માં અફઘાન તાલિબાન સત્તામાં આવ્યા પછી પાકિસ્તાને TTP ને નિશાન બનાવીને અફઘાનિસ્તાનમાં હુમલા કર્યા.

ગ્લોબલ ટેરરિઝમ ઈન્ડેક્સ 2025 મુજબ, બુર્કિના ફાસો પછી પાકિસ્તાન વિશ્વનો બીજો સૌથી વધુ આતંકવાદ પ્રભાવિત દેશ બની ગયો છે, જ્યારે 2024માં તે ચોથા સ્થાને હતો.

TTPના હુમલાઓમાં 90%નો વધારો થયો છે. બલૂચ આર્મી (BLA)ના હુમલાઓમાં 60%નો વધારો થયો છે. ઈસ્લામિક સ્ટેટ-ખુરાસાન (IS-K) એ હવે પાકિસ્તાની શહેરોને પણ નિશાન બનાવવાનું શરૂ કરી દીધું છે.

અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે ડુરંડ લાઈનને લઈને લાંબા સમયથી વિવાદ છે. બંને દેશો એકબીજા પર હુમલા અને આતંકવાદીઓને છુપાવવાનો આરોપ લગાવતા રહે છે. 2021માં અફઘાનિસ્તાન સરકાર પર તાલિબાનના નિયંત્રણ પછી તણાવ વધુ વધી ગયો છે.

---

### રાહુલ ગાંધીનો પીએમ મોદી પર કટાક્ષ

# એલપીજી સંકટ વચ્ચે પીએમ મોદી ગભરાયેલા છે : રાહુલ ગાંધી

## વિપક્ષી સાંસદોએ 'મોદી જી એલપીજી'ના નારા પણ લગાવ્યા

**નવી દિલ્હી, તા.13**

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધ (ઈરાન-અમેરિકા-ઈઝરાયલ સંઘર્ષ)ના કારણે વૈશ્વિક ઉર્જા બજારમાં અસ્થિરતા અને ભારતમાં કમર્શિયલ LPG સિલિન્ડરોની કથિત અછતને કારણે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. આ દરમિયાન તેમણે INDIA બ્લોકના સસ્પેન્ડેડ સાંસદો સાથે સંસદના મકર દ્વાર પર સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરીને પ્રદર્શન કર્યું છે. આજે સંસદની બહાર વિપક્ષી સાંસદોએ "મોદી જી એલપીજી" ના નારા લગાવ્યા. ત્યારબાદ રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર તસવીરો શેર કરીને વડા પ્રધાન પર કટાક્ષ કર્યો. તેમણે લખ્યું કે, "સંસદ સે નરેન્દ્ર ગાયબ, દેશ સે સિલિન્ડર ગાયબ." તમને જણાવી દઈએ કે, સંસદની બહાર વિપક્ષી સાંસદોએ ગેસ સિલિન્ડર જેવા આકારના પ્લેકાર્ડ પકડી રાખ્યા



હતા. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી પણ આ વિરોધમાં પ્રદર્શનમાં જોડાયા હતા. તેમણે કહ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું કહેવું છે કે, ઈંધણ સંકટથી ગભરાવાની જરૂર નથી, પરંતુ તેઓ ખુદ અલગ કારણોથી ગભરાયેલા નજર આવી રહ્યા છે. તેમણે દાવો કર્યો કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી લોકોને રાંધણ ગેસની અછત અંગે ન ગભરાવાની અપીલ કરી રહ્યા છે, જ્યારે તેઓ ખુદ અલગ કારણોસર ગભરાયેલા છે. રાહુલ ગાંધીએ સંસદ પરિસરમાં મીડિયાને જણાવ્યું કહ્યું કે, વડા પ્રધાન કહી રહ્યા છે કે ગભરાવાની જરૂર નથી, પરંતુ વડા પ્રધાન ખુદ બિલકુલ અલગ કારણોસર ગભરાયેલા છે.

---

### હુમલાખોરે કહ્યું- 20 વર્ષથી તેમને મારવા માંગતો હતો

# J&Kના પૂર્વ CM ફારુક અબ્દુલ્લા પર ફાયરિંગ, હુમલખોરની ધરપકડ, ઘટના સીસીટીવીમાં કેદ

**શ્રીનગર, તા.13**

નેશનલ કોન્ફરન્સના અધ્યક્ષ અને જમ્મુ અને કાશ્મીરના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ફારુક અબ્દુલ્લા પર બુધવારે રાત્રે એક વ્યક્તિએ ફાયરિંગ કર્યું. સદનસીબે, તેમને ગોળી વાગી નહીં. અધિકારીઓના જણાવ્યા મુજબ, ફારુક જમ્મુમાં એક લગ્નમાં હાજરી આપવા પહોંચ્યા હતા. તેમની સાથે રાજ્યના નાયબ મુખ્યમંત્રી સુરિન્દર ચૌધરી પણ હતા. ઘટનાના સીસીટીવી પણ સામે આવ્યા છે. તેમાં દેખાય છે કે 70 વર્ષીય હુમલાખોર કમલ સિંહ જામવાલ પાછળથી આવીને ફારુકના માથા પર રિવોલ્વર તાકી રહ્યો છે.



સુરક્ષા જવાનોએ તાત્કાલિક હુમલાખોરનો હાથ હટાવ્યો, જેના કારણે હવામાં ફાયરિંગ થયું. જોકે, તેમની સાથે હાજર સુરક્ષ જવાનોએ તેમને બચાવી લીધા અને હુમલાખોરને પકડી લીધો. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી દીધી છે અને હુમલા પાછળના કારણોની તપાસ કરવામાં આવી રહી છે. આરોપીની ધરપકડ કરવામાં આવી છે અને હુમલાના હેતુની તપાસ કરવામાં આવી રહી છે. હુમલાખોર

**ફારુખ અબ્દુલ્લાની સુરક્ષામાં ચૂક મુદ્દે રાજ્યસભામાં હોબાળો: ખડગેના સરકાર પર ગંભીર આક્ષેપ**

કમલે પોલીસને જણાવ્યું હતું કે, 'તે છેલ્લા 20 વર્ષથી ફારુક અબ્દુલ્લાને મારવા માંગતો હતો. એ જ મારો હેતુ હતો.' પોલીસના જણાવ્યા અનુસાર, હુમલાખોર ઘણા વર્ષોથી લાઈસન્સવાળા હથિયારનો ઉપયોગ કરી રહ્યો છે.

---

### કોંગ્રેસના બે દિગ્ગજ નેતાઓ વચ્ચે તણાવ વધ્યો

# અય્યરના પત્રનો થરૂરે જવાબ આપ્યો, કહ્યું- મારી દેશભક્તિ પર સવાલ ઉઠાવવો ખોટો

## અય્યરે 10 માર્ચે પોતાના પત્રમાં વિદેશ નીતિ પર થરૂરના વલણની ટીકા કરી હતી

**નવી દિલ્હી, તા.13**

કોંગ્રેસના બે દિગ્ગજ નેતાઓ શશિ થરૂર અને મણિ શંકર અય્યર વચ્ચેનો તણાવ હવે વધુ વધી ગયો છે. શશિ થરૂરે ગુરુવારે અય્યરના ઓપન લેટરનો જવાબ ઓપન લેટર લખીને આપ્યો છે. થરૂરે પણ કહ્યું છે કે વિદેશ નીતિ પર મતભેદ હોવા સ્વાભાવિક છે, પરંતુ તેનાથી કોઈની નિયત કે દેશભક્તિ પર સવાલ ઉઠાવવા યોગ્ય નથી.

મણિ શંકર અય્યરે 10 માર્ચે પોતાના પત્રમાં વિદેશ નીતિ પર થરૂરના વલણની ટીકા કરી હતી. તેમણે આરોપ લગાવ્યો કે શશિ થરૂરે અમેરિકા-ઈઝરાયલ અને





ઈરાન સંબંધિત મુદ્દાઓ પર ભારતના નૈતિક વલણને નબળું પાડ્યું છે. તેમણે કહ્યું કે ભારતે શક્તિશાળી દેશોના દબાણમાં ચૂપ ન રહેવું જોઈએ અને ગાંધી-નેહરુની નૈતિક રાજનીતિમાંથી પ્રેરણા લેવી જોઈએ. અય્યરે પત્રમાં લખ્યું હતું કે શું તમે ખરેખર નરેન્દ્ર મોદીની કૃપા મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છો કારણ કે તેઓ તમને તે લાભ આપી શકે છે જે વિપક્ષ તમને આપી શકતો નથી? અય્યરે લખ્યું- અહીંથી આપણા રસ્તા અલગ થઈ જાય છે. આના પર થરૂરે જવાબમાં કહ્યું છે કે ઓપરેશન સિંદૂર પર મારા બોલ્યા પછીથી જ તમે સતત મારા વિશે ઘણી ટિપ્પણીઓ કરી રહ્યા હતા. મેં અત્યાર સુધી જાહેરમાં પ્રતિક્રિયા આપી ન હતી, પરંતુ તમારી તાજેતરની ટિપ્પણીઓ પછી જવાબ આપવો જરૂરી બની ગયો હતો.

---

# હોર્મુઝની ખાડીમાં ઈરાનથી બચીને નીકળેલુ જહાજ મુંબઈ આવી પહોંચ્યુ

## સાઉદી અરેબિયાથી 1,35,335 મેટ્રિક ટન ક્રુડ ઓઈલ લઈને નીકળેલુ લાઈબેરિયન જહાજ શેનલોંગ મુંબઈ બંદરે પહોંચ્યુ

**મુંબઈ, તા.13**

અમેરિકા અને ઈરાન વચ્ચે ૨૮ ફેબ્રુઆરીથી શરૂ થયેલા જંગના કારણે દુનિયાભરમાં તેલના પુરવઠા પર મોટી અસર પડી છે, ત્યારે ભારત માટે એક આશાસ્પદ સમાચાર સામે આવ્યા છે. સાઉદી અરેબિયાથી ૧,૩૫,૩૩૫ મેટ્રિક ટન ક્રૂડ ઓઈલ લઈને નીકળેલું લાઈબેરિયન જહાજ 'શેનલોંગ' સુરક્ષિત રીતે મુંબઈ બંદરે પહોંચી ગયું છે. ૨ અઠવાડિયાથી ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્ત્વના ગણાતા 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'ને પસાર કરીને ભારત પહોંચનારું આ પ્રથમ ઓઈલ ટેન્કર છે. આ જહાજ મુંબઈના જવાહર દ્વીપ પર લાંગરવામાં આવ્યું છે અને ત્યાંથી તેલ ખાલી કરીને મુંબઈની રિફાઈનરીઓમાં મોકલવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. આ જહાજની મુસાફરી જોખમોથી ભરેલી હતી. હુમલાખોરોની નજરથી બચવા માટે ભારતીય કેપ્ટન સુક્ષાંત સિંહ સંધુ અને ૨૯ ક્રૂ મેમ્બરોએ યુદ્ધગ્રસ્ત વિસ્તારમાંથી પસાર થતી વખતે જહાજની ટ્રેકિંગ સિસ્ટમ(AIS) બંધ કરી દીધી હતી. આ જહાજના આગમનથી દેશમાં તેલની અછત અને ખાસ કરીને એલપીજી(LPG) સિલિન્ડરના પુરવઠામાં જે મુશ્કેલી પડી રહી હતી, તેમાં મોટી રાહત મળવાની આશા છે. આ કાચા તેલને માહુલ વિસ્તારની રિફાઈનરીમાં પ્રોસેસ કરીને પેટ્રોલ, ડીઝલ અને ગેસ બનાવવામાં આવશે, જેનાથી ભારતની ઊર્જા સુરક્ષા જળવાઈ રહેશે. જોકે, એક તરફ આ સફળતા મળી છે, તો બીજી તરફ હજુ પણ ભારતના ૨૮ જેટલા જહાજો તે જોખમી વિસ્તારમાં ફસાયેલા છે.

---

### ગયા વર્ષે 30 હજારથી વધુ શ્રદ્ધાળુઓ પહોંચ્યા હતા

# આદિ કૈલાસ યાત્રા 1 મેથી શરૂ કરવાની તૈયારી: એપ્રિલના છેલ્લા અઠવાડિયાથી પરમિટ મળશે

**દેહરાદૂન, તા.13**

ઉત્તરાખંડમાં આદિ કૈલાસ યાત્રા 1 મેથી શરૂ કરવાની તૈયારી છે. જો હવામાન અનુકૂળ રહેશે તો વહીવટીતંત્ર એપ્રિલના છેલ્લા અઠવાડિયાથી ઈનર લાઈન પરમિટ જારી કરી શકે છે. ગયા વર્ષે અહીં 30 હજારથી વધુ શ્રદ્ધાળુઓ પહોંચ્યા હતા, તેથી આ વખતે વધુ મોટી સંખ્યામાં યાત્રીઓના આવવાની અપેક્ષા છે. આદિ કૈલાસ પિથોરાગઢ જિલ્લાના ધારચુલા ક્ષેત્રની વ્યાસ ઘાટીમાં આવેલું છે. નવેમ્બરથી માર્ચ સુધી અહીં ભારે હિમવર્ષાને કારણે અવરજવર બંધ રહે છે. સુરક્ષા કારણોસર, વ્યાસ ઘાટીમાં છિયાલેખથી આગળ જવા માટે ઈનર લાઈન પરમિટ ફરજિયાત છે, જે તહસીલ વહીવટીતંત્ર દ્વારા જારી કરવામાં આવે છે. પિથોરાગઢના ડીએમ આશિષ ભટગાંઈએ જણાવ્યું, યાત્રાને લઈને તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ટૂંક સમયમાં સત્તાવાર સૂચના જારી કરવામાં આવશે. આદિ કૈલાસ યાત્રામાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચે છે. આદિ



કૈલાસ અને ઓમ પર્વતની યાત્રા માટે ઈનર લાઈન પરમિટ ધારચુલા ખાતે એસડીએમ કાર્યાલયમાંથી ઓફલાઈન મેળવી શકાય છે. અરજી માટે આધાર કાર્ડ, મેડિકલ ફિટનેસ સર્ટિફિકેટ અને પાસપોર્ટ સાઈઝ ફોટો જરૂરી હોય છે. યાત્રા માટે ઓનલાઈન અરજીની પણ સુવિધા છે. છેલ્લા પાંચ વર્ષમાં શ્રદ્ધાળુઓની સંખ્યામાં ઝડપથી વધારો થયો. આદિ કૈલાશ અને ઓમ પર્વતના દર્શન કરવા આવતા પ્રવાસીઓની સંખ્યા છેલ્લા કેટલાક વર્ષોમાં ઝડપથી વધી છે. વર્ષ 2023માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાત બાદ આ ધાર્મિક સ્થળને રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે ઓળખ મળી. ત્યારથી અહીં આવતા શ્રદ્ધાળુઓની સંખ્યા સતત વધી રહી. વર્ષ 2023માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉત્તરાખંડના પ્રવાસ દરમિયાન આદિ કૈલાસ ક્ષેત્રની મુલાકાત લીધી હતી. ત્યારે તેમણે પિથોરાગઢ જિલ્લામાં આવેલા આદિ કૈલાસ અને પાર્વતી કુંડમાં પૂજા-અર્ચના કરી હતી, સાથે જ કુમાઉના પ્રસિદ્ધ જાગેશ્વર ધામમાં પણ દર્શન કર્યા હતા.

---

### રોહિત પવારે વિપક્ષના નેતા રાહુલ ગાંધી સાથે મુલાકાત કરી

# મહારાષ્ટ્ર રાજકારણમાં નવાજૂની થશે: બે દિવસ બાદ મોટો ખુલાસો : રોહિત પવાર

## અજિત પવારના વિમાન દુર્ઘટના કેસ અંગે મોટો ખુલાસો કરવાનો દાવો પણ કર્યો

**મુંબઈ, તા.13**

મહારાષ્ટ્ર સરકારમાં ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી અને નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટીના નેતા રહેલા સ્વર્ગસ્થ અજિત પવારના પ્લેન અકસ્માતના કેસમાં ધારાસભ્ય રોહિત પવારે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી સાથે મુલાકાત કરી હતી. રાહુલ ગાંધી સાથેની મુલાકાત બાદ નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી (શરદ પવાર



જૂથ)ના નેતા અને ધારાસભ્ય રોહિત પવારે જણાવ્યું કે, "હું ૨ દિવસ પછી એક મોટો ખુલાસો કરીશ." પવારનું કહેવું છે કે રાહુલ ગાંધીએ તેમને એક મહત્વનું સૂચન આપ્યું છે, જેનો ખુલાસો તેઓ ૨ દિવસ પછી કરશે. રોહિત પવારના જણાવ્યા મુજબ, રાહુલ ગાંધીએ એમ પણ કહ્યું છે કે તેઓ કોઈપણ તપાસમાં પૂરો સહયોગ આપવા તૈયાર છે. તેમણે જણાવ્યું કે રાહુલ ગાંધીએ એક પાયલોટ તરીકે કેટલીક મહત્વની બાબતો પણ શેર કરી છે. રોહિત પવારે સવાલ ઉઠાવતા પૂછ્યું કે, આખરે અત્યાર સુધી FIR કેમ નોંધવામાં આવી નથી અને કોણ કોને બચાવવાનો પ્રયાસ કરી રહ્યું છે?

## તંત્રી લેખ

# ચૂંટેલા વિધાનસભ્યની જગ્યાએ રનર- અપને વિજેતા જાહેર કરાયા

માત્ર મધ્યપ્રદેશ નહીં, પણ ભારતના રાજકીય ઇતિહાસમાં પહેલીવાર એવું થયું છે કે ચૂંટાયેલા ઉમેદવારને હારેલો જાહેર કરીને રનર-અપ ઉમેદવાર એટલે કે હરીફાઇમાં બીજા નંબરે આવનારને ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હોય. ભારતના રાજકારણમાં પક્ષપલ્ટુ નામનો વાઇરસ પ્રસરેલો છે. અહીં એક એવી આવનજાવનની વાત છે જે દર્શાવે છે કે રાજકારાણમાં નસીબનો બળિયો જીતે છે. દેશભરના રાજકરાણીઓમાં ચર્ચાતા આ કેસમાં ભાજપ અને કોંગ્રસના વિધાનસભ્યો વચ્ચેની સત્તાની ચડઉતર રસપ્રદ રીતે વણાયેલી છે.

અહીં એક છે, ભાજપના ઉમેદવાર રામનિવાસ રાવત અને સામે છે, કોંગ્રેસના ભૂતપૂર્વ વિધાનસભ્ય મુકેશ મલ્હોત્રા. ૨૦૨૪ના લોકસભાના ચૂંટણી જંગ પહેલાં કોંગ્રેસના ભૂતપૂર્વ વિધાનસભ્ય મુકેશ મલ્હોત્રા પક્ષ બદલીને ભાજપમાં આવી ગયા હતા. ભાજપે એમને પ્રધાન બનાવવાનું પ્રોમીસ આપ્યું હતું. તેના પગલે તેમને મધ્યપ્રદેશના જંગલ ખાતાના પ્રધાન બનાવી દેવાયા હતા. ભાજપમાં આવતાંની સાથે જ એમને પ્રધાનપદું આપી દેવામાં આવ્યું એટલે તેના વિરોધમાં ભાજપના રામનિવાસ રાવત કોંગ્રસમાં જોડાઇ ગયા હતા. મલ્હોત્રાએ હોદ્દાપર ચાલુ રહેવા પેટા ચૂંટણી જીતવી જરૂરી હતી.

પેટા ચૂંટણીમાં મુકેશ મલ્હોત્રા (ભાજપ) અને રામનિવાસ રાવત (કોંગ્રેસ) આમનેસામને આવી ગયા હતા. ચૂંટણીમાં જંગલ ખાતાનો હવાલો સંભાળનાર મુકેશ મલ્હોત્રા જીત્યા હતા અને ભાજપ છોડી કોંગ્રસમાં ગયેલા રામનિવાસ રાવત હાર્યા હતા. આ પેટાચૂંટણી ૨૦૨૪માં યોજાઇ હતી. ભાજપ તરફથી ઉભેલા જંગલ ખાતાના પ્રધાન મુકેશ મલ્હોત્રાએ (કોંગ્રસના ભૂતપૂર્વ સભ્ય) કોંગ્રસ તરફથી ઉમેદવાર બનેલા રામનિવાસ રાવતને (ભૂતપૂર્વ ભાજપના સભ્ય) ૭૦૦૦ વોટથી હરાવ્યા હતા. મલ્હોત્રા આદિવાસી નેતા છે. જે બેઠક પર જંગ લડાયો તે વિજયપુર બેઠક આદિવાસી બેઠક નહોતી.

જંગ જીતેલા મુકેશ મલ્હોત્રા હવે પોતાનો જંગલ ખાતાના પ્રધાનનો હોદ્દો માછો માગી રહ્યા છે. મધ્યપ્રદેશમાં પ્રધાનમંડળનું વિસ્તરણ થવાનું હોઇ મલ્હોત્રાનો ફરી પ્રધાન બનવાનો તખ્તો તૈયાર થઇ ગયો હતો

હવે કહાનીમાં ટ્વિસ્ટ આવે છે. ૭૦૦૦ વોટથી હારેલા રામનિવાસ રાવતે ગ્વાલિયર કોર્ટમાં મલ્હોત્રાના વિજયને પડકાર્યો હતો. તેમણે કેસ કરીને દાવો કર્યો છે કે મને હરાવનાર ઉમેદવાર મલ્હોત્રાએ ચૂંટણી માટેના ઉમેદવારી પત્રકમાં અધૂરી વિગતો આપી છે. કોર્ટમાં તેમણે કહ્યું હતું કે ફોર્મમાં મલ્હોત્રાના સામે થયેલી ચાર્જશીટ અને ક્રિમનલ કેસોનો ઉલ્લેખ નથી. જે ઉમેદવારે ચાર્જશીટ થયેલા ક્રિમિનલ કેસોની માહિતી ન આપી હોય તેમની ઉમેદવારી રદ કરવી જોઇએ.

મધ્યપ્રદેશ હાઇ કોર્ટની ગ્વાલિયર બેંચે ઉમેદવારી પત્રકની ચકાસણી કરીને ૮ માર્ચે ચુકાદો આપ્યો હતો કે જીતેલા મલ્હોત્રાએ માહિતી છૂપાવી છે માટે તેમનો ચૂંટણી વિજય રદ કરવા અને નંબર ટુ તરીકે રહેલા રામ નિવાસ રાવતને ચૂંટાયેલા જાહેર કરવા.

જેમની તરફેણમાં ચૂકાદો છે તે રામવિલાસ રાવત પહેલાં ભાજપમાં હતા. રામવિલાસ ભાજપમાં પાછા ફરવા માગે છે અને જંગલ ખાતાનો હવાલો માંગે છે.

ચૂંટણીના જંગમાં જીતેલા ઉમેદવારની જગ્યાએ કોઇ કારણોસર રનર-અપને વિજેતા ઘોષિત કરવામાં આવે તેવી ઘટના ભાગ્યે જ બની છે. ગુજરાતમાં એક કિસ્સો ૨૦૨૧માં અમદાવાદ જીલ્લાના સાણંદ તાલુકા આવો કિસ્સો બનેલો. અબીં તાલુકા પંચાયતની ચૂંટણી ૨૮ ફેબુરઆરીએ યોજાઇ હતી ત્યારે મતગણત્રી પહેલાં એક મહિલા ઉમેદવારનું મૃત્યુ થયું હતું, જે ચૂંટણીમાં વિજેતા જાહેર થયાં હતાં. તે વખતે રનર- અપ એવા નંબર ટુએ હાઇકોર્ટમાં જઇને કેસ કર્યો હતો કે જ્યારે નંબર વન નથી તો રનર-અપને ચૂંટાયેલા જાહેર કરવા જોઇએ. કોર્ટે તેના ચુકાદામાં કહ્યું હતું કે રનર-અપને ચૂંટાયેલા જાહેર ન કરી શકાય. આ બેઠક પર નવેસરથી ચૂંટણી કરવી જોઇએ.

**ઈરાન ઉપર એક વાવાઝોડું સર્જાયું છે. વાવાઝોડાના વાદળોએ નીચેથી આવતા કાળા ધુમાડા, પેટ્રોલિયન બાષ્પ અને કચરાને પોતાનામાં સમાવી લીધા. કેમિકલ અને ક્રૂડના કણોને લીધે તેહરાનમાં કાળો વરસાદ પડવા લાગ્યો. આ કાળો વરસાદ શહેરમાં ચારેકોર ફેલાઈ ગયો. જમીન, મકાનો અને ખુલ્લામાં રહેલી તમામ વસ્તુઓ ઉપર કાળું લેયર બની ગયું : આ ધુમાડાના કારણે ફેફસાં અને ચામડીને નુકસાન થાય છે. આ ધુમાડાથી ફેફસામાં સતત બળતરા થાય છે અને આ વરસાદના સંપર્કમાં આવવાથી ચામડીમાં બળતરા થતી હોય છે**

# ઈરાનમાં હવે કાળો વરસાદ થયો : વધુ એક આકાશી જોખમ

## અમેરિકા-ઈઝરાયેલ દ્વારા ઈરાનના ક્રૂડ ભંડારોને બોમ્બથી ઉડાવતા નીકળેલા ધુમાડાથી આકાશમાં એસિડિક પ્રક્રિયા થઇ ઝેરી વરસાદ પડી રહ્યો છે

ઈરાનમાં હાલ અનેક વિસ્તારોમાં કાળા ભમ્મર વાદળો ઘેરાયેલા જોવા મળે છે. આ વાદળો ચોક્કસ વરસાદના છે પણ માત્ર વરસાદના જ છે તેવું નથી. ઈરાન ઉપર ઈઝરાયેલ-અમેરિકા દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલાના કારણે ક્રૂડના અનેક કુવાઓ અને સ્ટોરેજ નષ્ટ થવા લાગ્યા છે. તેના કારણે સતત આગ સળગી રહી છે અને આકાશમાં કાળો ધુમાડો છવાઈ રહ્યો છે. ઈરાન યુદ્ધની તાજેતરમાં એક ભયાનક તસવીર જોવા મળી હતી. માનવ સર્જીત વિનાશ અને કુદરતના સંયોજનથી તૈયાર થયેલી આ તસવીર હતી. તાજેતરમાં ઈરાનની રાજધાની તેહરાનમાં વરસાદ પડયો હતો. આ વરસાદ કાળો વરસાદ હતો. લોકોને બ્લેક રેઈન કહેતા હતા. આ વરસાદમાં ક્રૂડના અવશેષો હતા અને તેના કારણે વરસાદ કાળો અને ચિકાશ ધરાવતો હતો. કેટલાક લોકો તેને એસિડનો પણ વરસાદ કહેતા હતા. કેટલાક તેને પેટ્રોલ રેઈન પણ કહે છે.

હકિકતે એવું બન્યું હતું કે, ઉત્તરી ટ્રોપિક સ્ટોર્મ જ્યારે ઈરાન ઉપરથી પસાર થઈ રહ્યું છે ત્યારે તેમાં મોટા મોટા વાદળા બંધાયા છે. આ વાદળામાં સતત ભડકે બળી રહેલા ક્રૂડ ઓઈલના સ્ટોરેજમાંથી નીકળતા ધુમાડા પણ ભેગા થઈ ગયા હતા. સતત બળી રહેલા સ્ટોરજમાંથી નીકળતા આ ધુમાડામાં ક્રૂડના કણો હતા જે વાદળના પાણીમાં ભળી ગયા. ઈરાન ઉપર એક ચક્રવાત સર્જાયું છે. આ સ્ટોર્મ કેસ્પિયન વિસ્તારમાં સર્જાયું અને દક્ષિણ દિશામાં આગળ વધતા તે તહેરાન સુધી પહોંચી ગયું. વાવાઝોડાનું વાદળ પણ ભીષણ છે. તેમાં આ વાદળોએ નીચેથી આવતા કાળા ધુમાડા, પેટ્રોલિયન બાષ્પ અને કચરાને પોતાનામાં સમાવી લીધા. તેનું પરિણામ એ આવ્યું કે જ્યારે આ વાવાઝોડું વરસાદ બનીને તૂટી પડયું ત્યારે તેમાં રહેલા કેમિકલ અને ક્રૂડના કણોને લીધે કાળો વરસાદ પડવા લાગ્યો. આ કાળો વરસાદ શહેરમાં ચારેકોર ફેલાઈ ગયો. જમીન, મકાનો અને ખુલ્લામાં રહેલી તમામ વસ્તુઓ ઉપર કાળું લેયર બની ગયું.

ઉલ્લેખનીય છે કે, ઈઝરાયેલ દ્વારા તબક્કાવાર રીતે ઈરાનના ક્રૂડના મહત્ત્વના કેન્દ્રો ઉપર હુમલા કરવામાં આવ્યા હતા. ઈઝરાયેલ અને અમેરિકાના ફાઈટર જેટ્સ દ્વારા જે બોમ્બમારા કરવામાં આવ્યા તેના કારણે ઈઝરાયેલના આ ઓઈલ ડેપોને વ્યાપક નુકસાન થયું છે. તેને ઠારવા માટે પણ કામગીરી કરી શકાય તે સ્થિતિ નથી. આ સંજોગોમાં સતત આગ સળગી રહી છે અને કાળો ધુમાડો આકાશમાં જઈ રહ્યો છે. તેના કારણે ક્રૂડના અવશેષો ધરાવતા કાળા વાદળો આકાશમાં છવાઈ ગયા છે.



ચિંતાજનક બાબત એ છે કે, તહેરાન અને તેની આસપાસના પ્રદેશોમાં લોકોએ ફરિયાદ કરી છે કે આ ધુમાડાના કારણે તેમનું સ્વાસ્થ્ય ખરાબ થઈ રહ્યું છે. બીજી તરફ વાવાઝોડાના કારણે જે વરસાદ પડી રહ્યો છે તે પણ કાળો અને ક્રૂડથી ભરેલો છે. તેના કારણે ચામડીમાં ઈરિટેશન અને અન્ય સમસ્યાઓ થઈ રહી છે.

કેટલાક લોકો માને છે કે, આકાશમાંથી એસિડનો જ વરસાદ થઈ રહ્યો છે. બીજી તરફ જાણકારોના મતે આ ક્રૂડ ભેળેલું પાણી છે જેથી તે કાળું છે અને તેમાં એસિડ જેવા તત્ત્વો નથી. આ અંગે નક્કર કોઈ અહેવાલ આવી શકે તેમ નથી. બીજી તરફ વિશ્વ આરોગ્ય સંસ્થાએ જણાવ્યું હતું કે, જ્યારે આવા તેલના કુવામાં આગ લાગે છે અને ભયાનક પ્રદુષણ ફેલાય છે તે સ્વાસ્થ્ય માટે અત્યંત જોખમી હોય છે. એક તરફ વાતાવરણમાં ધુમાડાનું ઝેર ફેલાયેલું હોય છે જ્યારે કાળો વરસાદ પડે ત્યારે તેમાં હાઈડ્રોકાર્બન અને અન્ય ઝેરી રસાયણો હોય છે જેના કારણે વ્યાપક સમસ્યા સર્જાતી હોય છે.

ઉલ્લેખનીય છે કે, વિશ્વ આરોગ્ય સંસ્થાએ પણ નોંધ્યું છે કે, આ ધુમાડાના કારણે ફેફસાં અને ચામડીને નુકસાન થાય છે. આ ધુમાડાથી ફેફસામાં સતત બળતરા થાય છે અને આ વરસાદના સંપર્કમાં આવવાથી ચામડીમાં બળતરા થતી હોય છે. જો કોઈ વ્યક્તિ લાંબા સમય સુધી આ ધુમાડાવાળા વાતાવરણમાં રહેતું હોય અને બ્લેક રેઈનના સંપર્કમાં આવતું હોય તો તેના સ્વાસ્થ્યને વધારે જોખમ થઈ શકે છે. જાણકારો માને છે કે, ઈરાન ઉપરથી આ વાવાઝોડું આગળ વધી રહ્યું છે. હવે આ વાવાઝોડામાં ઈરાનમાં જે ક્રૂડ અને કેમિકલ્સ ભળ્યા છે તે પણ આગળ વધી રહ્યા છે. જો આ વરસાદ નહીં પડી જાય અને વાવાઝોડું શમી નહીં જાય તો આગામી દિવસોમાં પાકિસ્તાન અને અફઘાનિસ્તાન ઉપર પણ મોટું જોખમ સર્જાશે. અહીંયા પણ એસિડ રેઈન થવાની શક્યતાઓ દેખાઈ રહી છે.

હવામાન ખાતાએ જણાવ્યું કે, હાલમાં અફઘાનિસ્તાનનું જે વાતાવરણ છે તે વધુ એક ચક્રવાતનું સર્જન કરી શકે છે. તેના કારણે આગામી સમયમાં પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં વરસાદ, તોપાની પવન ફુંકાવો અને કરાં પડવા જેવી સ્થિતિ પણ સર્જાઈ શકે છે. આ સંજોગોમાં જો ઈરાન તરફથી પ્રદુષણ ધરાવતું ચક્રવાત અહીંયા આવ્યું તો સમસ્યા સર્જાશે. પાકિસ્તાન અને અફઘાનિસ્તાનના વાતાવરણમાં રહેલું પ્રદુષણ અને ઈરાન ઉપરથી આવેલા ચક્રવાતમાં રહેલું પ્રદુષણ ભેગા થઈને નવા રાસાયણિક સમીકરણો રચી શકે છે. આ રસાયણો ધરાવતા વાદળો વધુ વિસ્તારોમાં ફેલાઈ શકે છે. જાણકારો સ્પષ્ટ પણે માને છે કે, હાલમાં જે થઈ રહ્યું છે તે માનવીય ભુલ અને કુદરતની અસરની સંયુક્ત અસર છે.

વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા આ પેટ્રોલ વરસાદ કે પછી એસિડ વરસાદ અથવા તો બ્લેક વરસાદના સંપર્કમાં આવનારા લોકોને સ્વાસ્થ્યની કાળજી રાખવાની ચેતવણી આપવામાં આવી છે. જાણકારોએ આ અંગે ગાઈડલાઈન્સ અને સાવચેતીના ઉપાયો પણ જારી કર્યા છે. જાણકારોના મતે જો આ કાળા વરસાદના સંપર્કમાં સીધા આવવાનું થાય તો તાકીદે ઘરે પહોંચ્યા બાદ એન્ટિબેક્ટેરિયલ સાબુ થકી સ્નાન કરી લેવું જોઈએ. આ સિવાય ખાસ કરીને આંખોની સુરક્ષા ખાસ કરવી જોઈએ. આ વરસાદના છાંટા જો આંખોમાં જશે તો બળતરા થશે અને અસહ્ય પીડા થશે. લાંબા સમય સુધી આ વરસાદી પાણી આંખમાં જાય તો તેનાથી કાયમી નુકાસન જવાની પણ શક્યતા છે. આવી સ્થિતિમાં અચાનક આંખમાં વરસાદી પાણી જતું રહેતો પહેલાં આંખો સાફ કરવાની વ્યવસ્થા કરવી જોઈએ. આ સંજોગોમાં આંખો મસળવાથી વધારે નુકસાન થશે.

તે ઉપરાંત લોકોને એન-૯૫ અને એન-૯૯ માસ્ક પહેરવાની સુચના પણ જારી કરવામાં આવી છે. સામાન્ય માસ્ક અને કપડાંમાં ક્ડના રજકણો રોકી શકાતા નથી. આ સંજોગોમાં આ કાળો ધુમાડો અને કાર્બન શરીરમાં પ્રવેશ કરે છે. ક્રૂડના ધુમાડામાં રહેલી ગંધ અને હાનીકારક તત્ત્વો ફેફસાંને નુકસાન પહોંચાડે છે. ચોખ્ખી હવામાં શ્વાસ લેવાનો પ્રયાસ કરવો અથવા તો એર પ્યોરીફાયર ઘર અને ઓફિસમાં ચાલુ રાખવું. ઘરના બારી-દરવાજા સદંતર બંધ રાખવા જેથી આવા હાનીકારક વાયુ ઘરમાં પ્રવેશે નહીં. આ સિવાય ફળો, શાકભાજી કે ભોજનના પદાર્થો આવા વરસાદ કે ધુમાડાના સંપર્કમાં ન આવે તેનું ખાસ ધ્યાન રાખવું. વરસાદી ઝેરી પાણી અંડરગ્રાઉન્ડ સ્ટોરેજમાં ન જતું રહે તેની પણ સાવચેતી રાખવી જોઈએ.

ઘરની બહારની વસ્તુઓ કે ગાડીઓ કે અન્ય વાહનો અને સાધનોની સફાઈ પણ ધ્યાન રાખીને કરવી. હાથનો સીધો સંપર્ક ન થાય તે જોવું. મોજા પહેરીને કે જાડા કાપડની મદદથી સાફસફાઈ કરવી. પેટ્રોલિયમ અવશેષોના સીધા સંપર્કમાં આવવાથી ચામડી લાલ થઈ જવી કે સોજો આવવા જેવી સમસ્યા થઈ શકે છે. બાળકો, બીમાર અને વડીલોને આ વાતાવરણમાં ઘરની બહાર ન જવા દેવાની પણ ચેતવણી ઉચ્ચારવામાં આવી છે. ખાસ કરીને અસ્થમા, ફેફસાં અને શ્વસનના અન્ય રોગો ધરાવતા દર્દીઓને આ બધાથી અત્યંત સાચવવા જણાવાયું છે.

એસિડ રેઈન અથવા તો કાળા વરસાદથી ઘણી સમસ્યાઓ થઈ શકે છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના જાણકારોએ ચેતવણી આપતા કહ્યું કે, ઈરાનના લોકોએ આ વરસાદમાં બહાર જવાનું ટાળવું જોઈએ. જો યુદ્ધગ્રસ્ત વિસ્તાર હોય તો ક્યાંક સુરક્ષિત સ્થાનમાં આશરો લઈ લેવો જોઈએ. આ વરસાદના સીધા સંપર્કમાં આવવાથી શક્ય હોય ત્યાં સુધી બચવું જોઈએ. આ કાળા વરસાદની ટૂંકાગાળાની અને લાંબા ગાળાની અસરો થઈ શકે છે. તેનાથી લાંબા ગાળે જીવલણે સમસ્યાઓ થઈ શકે છે. જાણકારોના મતે આ એસિડ રેઈનમાં પેટ્રોલ અને ક્રૂડના અનેક ઝરી રસાયણો ભળી ગયેલા હોય છે. કાળા ધુમાડમાં રહેલા ઝેરી ગેસ અને ક્રૂડના ઝેરી તત્વો ભેગા થઈને નવું જ રાસાયણિક સમીકરણ બનવાવે છે.

આ વરસાદના સંપર્કમાં આવવું માણસો અને પ્રાણીઓ તમામ માટે જોખમી છે. આ કાળા વરસાદના કારણે ચામડીમાં બળતરા થવી, આંખો બળવી, શ્વાસ લેવામાં તકલીફ થવી, છાતીમાં બળતરા થવી, માથું દુ:ખવું, ચક્કર આવવા જેવી ટૂંકાગાળાની સમસ્યા થઈ શકે છે. બીજી તરફ અસ્થમા અને શ્વાસની સમસ્યા ધરાવતા લોકો માટે તો આ વરસાદ જીવલેણ જ બની શકે છે. તેમણે તો આ વાતાવરણમાં બહાર નીકળવાનું જ જોખમ ન લેવું જોઈએ. જાણકારોના મતે કાળા વરસાદની જો લાંબાગાળાની સમસ્યા વિશે વિચારીએ તો તે પણ ભયાવહ છે. જાણકારો કહે છે કે, આ ઝેરી વાતાવરણમાં લાંબા સમય સુધી રહેવાથી કે આ વરસાદમાં લાંબા સમય સુધી રહેવાથી પ્રદુષણ શરીરમાં જાય છે. તેના કારણે ચામડીનું કેન્સર, ફેફસાંનું કેન્સર અને અન્ય કેન્સર થવાની શક્યતાઓ વધી જાય છે. તે ઉપરાંત ન્યૂરોલોજિકલ સમસ્યાઓ અને હૃદયરોગ સંબંધિત સમસ્યાઓ પણ થઈ શકે છે. વ્યક્તિને એટેક આવવા સુધીની કપરી સ્થિતિ આવી શકે છે. આવા વાતાવરણમાં લાંબા સમય સુધી રહેવાથી વ્યક્તિને જીવનું જોખમ ઊભું થાય છે.

# 'સંસદ સે નરેંદર, દેશ સે સિલેંડર ગાયબ'



દેશમાં ઇંધણની કટોકટી બાબતે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, સંકટનો સામનો કરવા માટે જો પૂરતી તૈયારી કરવામાં નહીં આવે તો ભવિષ્યમાં કરોડો લોકોને નુકશાન થઈ શકે એમ છે. દેશભરના મીડિયામાં એલપીજી ગેસની સમસ્યાના સમાચારો આવી રહ્યા છે. રાહુલ ગાંધીએ સોશ્યલ મીડિયામાં તસવીરો સાથે આ સમસ્યા વિશે લખ્યું છે. સંસદમાં વડાપ્રધાનની ગેરહાજરી બાબતે પણ રાહુલ ગાંધીએ પ્રશ્નો કર્યા હતા. રાહુલ ગાંધીએ એમના ફેસબુક એકાઉન્ટમાં વિરોધ પ્રદર્શનના ફોટોગ્રાફ્સ મુકીને લખ્યું હતું કે 'સંસદ સે નરેંદર ગાયબ, દેશ સે સિલેંડર ગાયબ' વડાપ્રધાન મોદી ભારતના વડાપ્રધાન તરીકે કામ કરવા માટે અસમર્થ છે, કારણ કે તેઓ ફસાઈ ગયા છે. એમને દેશના લોકોની સુરક્ષા માટે પ્રયત્ન કરવો જોઈએ.' શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદને સપા પ્રમુખ અખિલેશ યાદવ મળ્યા હતા. અખિલેશ યાદવે પહેલા તો અવિમુક્તેશ્વરાનંદના આશિર્વાદ લીધા હતા. એમની સાથે ભૂતપૂર્વ સાંસદ અનુ ટંડન પણ હાજર રહ્યા હતા. અવિમુક્તેશ્વરાનંદે ૭મી માર્ચે વારાણસીથી ગૌ બચાવ આંદોલન શરૂ કર્યું હતું. તેઓ ઝોનપુર, સુલતાનપુર, સીતાપુર થઈને લખનૌ પહોચ્યા હતા. ૫૨ દિવસની યાત્રા પછી તેઓ બીજી મેથી ત્રીવીસ જુલાઈ સુધી ઉત્તર પ્રદેશની પરીક્રમા કરશે. આ યાત્રાનું નામ ગવિષ્ટી યાત્રા રાખવામાં આવ્યું છે. શંકરાચર્યે ચતુરંગીણી સેના સ્થાપવાની જાહેરાત પણ કરી છે. અવિમુક્તેશ્વરાનંદના કહેવા પ્રમાણે તેઓ કોઈ પક્ષ બનાવી રહ્યા નથી. એમને કોઈ પક્ષ માટે લાગણી પણ નથી. તેઓ ગૌમાતા માટે કામ કરવા લોકોની વચ્ચે જશે. નિરીક્ષકો માની રહ્યા છે કે ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણી આવે એ પહેલા અવિમુક્તેશ્વરાનંદની યાત્રા ભાજપને મોટુ નુકસાન પહોંચાડી શકે એમ છે.

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમાર વિરુદ્ધ મહાભિયોગ પ્રસ્તાવ લાવવા માટે વિપક્ષે તૈયારી શરૂ કરી દીધી છે. બંને ગૃહોના વિપક્ષી સાંસદો આ બાબતે એક સાથે છે. મહાભિયોગ પ્રસ્તાવ લાવવા માટે લોકસભામાં ઓછામાં ઓછા ૧૨૦ સાંસદો અને રાજ્યસભામાં ૬૦ સાંસદોએ એક નોટીસ પર સહી કરી હતી. જ્ઞાનેશકુમાર વિરુદ્ધ વિરોધપક્ષના અભિયાનની આગેવાની તૃણમુલ કોંગ્રેસના એક સાંસદ કરી રહ્યા છે. પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણીની તૈયારી ચાલી રહી છે. રાજ્યમાં એસઆઈઆર અભિયાન બાબતે ટીએમસી ચૂંટણી કમિશનરનો વિરોધ કરી રહી છે. નોટીસની બે અલગ અલગ કોપી લોકસભા અને રાજ્યસભામાં જમા કરાવવામાં આવશે. વિરોધપક્ષોએ જ્ઞાનેશકુમાર વિરુદ્ધ આરોપોનું એક લિસ્ટ તૈયાર કર્યું છે. આ લિસ્ટમાં 'ભેદભાવપૂર્વકનો વ્યવહાર' ઈલેક્શન ફ્રોડની તપાસમાં જાણી જોઈને મોડુ કરવું અને એસઆઈઆર દ્વારા મોટી સંખ્યામાં મતદારોને એમના અધિકારથી વંચીત રાખવા જેવા મુદ્દાઓ છે.

ચીન સરહદે બધુ ઠીકઠાક છે જેવા સરકારના દાવા વચ્ચે ચીને અરૂણાચલ પ્રદેશની સરહદે મોટુ કાવતરૂ કર્યું છે. લાઈન ઓફ એક્ચ્યુઅલ કન્ટ્રોલ (એલએસી) પાસે ચીને સેંકડોની સંખ્યામાં ગામો વસાવ્યા છે. આ ગામોની સંખ્યા લગભગ ૪૦૦ જેટલી હોવાનું કહેવાય છે. આ ગામોમાં ચીનના લોકોનો વસવાટ તો છે જ ઉપરાંત સૈન્યની અવરજવર પણ જોવા મળે છે. આ જાહેરાત ભારતીય સૈન્યના ઉપવડા લેફ્ટેનન્ટ જનરલ રાજીવ ઘઈએ કરી હતી. રાજીવ ઘઈએ સરહદ પર બનાવવામાં આવેલા ચીનના ગામો, સીલીગુડી કોરીડોરની સંવેદનશીલતા, બાંગ્લાદેશ સાથેના સંબંધો અને ભારત દ્વારા કરવામાં આવેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ વિશે પણ ખૂલીને વાતો કરી છે. રાજીવ ઘઈના કહેવા પ્રમાણે એલએસીની પેલે પાર ચીનએ છેલ્લા બે દસકમાં ખૂબજ ઝડપથી રસ્તાઓ, રેલવે, પુલ અને બંધ બાંધ્યા છે. ચીને ઉત્તર સરહદ પર લગભગ ૬૨૮ 'જીઆઓકાંગ' એટલે કે ખુશાખુશાલ ગામ બનાવ્યા છે.

નેશનલ કોન્ફરન્સના પ્રમુખ અને જમ્મુ-કાશ્મીરના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ફારૂખ અબ્દુલ્લા પર કરવામાં આવેલા ફાયરીંગનો મુદ્દો સંસદમાં ઉઠાવવામાં આવ્યો હતો. રાજ્યસભામાં વિરોધપક્ષના નેતા મલ્લીકાર્જૂન ખડગેએ આરોપ લગાવ્યો હતો કે, ફારૂખ અબ્દુલ્લા પર જોખમ છે અને એનું કારણ એ છે કે જમ્મુ-કાશ્મીરને પૂર્ણરાજ્યનો દરજ્જો આપવામાં આવતો નથી. જમ્મુ-કાશ્મીરની પોલીસ અને કેન્દ્રીય ગૃહમંત્રી પાસે રક્ષણની જવાબદારી હોવાથી આજે જમ્મુ-કાશ્મીરની આવી હાલત છે. જમ્મુ-કાશ્મીરમાં કાયદો વ્યવસ્થા ખતમ થઈ ગઈ છે. જમ્મુ-કાશ્મીરના મોટા નેતાઓની હત્યાના કાવતરા ઘડાયા છે. જો ફારૂખ અબ્દુલ્લાના બોડીગાર્ડે એમનો જીવ બચાવ્યો ન હોત તો એમની હત્યા થઈ ગઈ હોત. જે લોકો ધર્મનીરપેક્ષતા, સમાજવાદ અને દેશને એક રાખવાની વાત કરે છે એમને આ સરકાર ખતમ કરી નાંખવા માંગે છે. ૨૦૨૨ના વર્ષમાં પંજાબી ગાયક સિધ્ધુ મુસેવાલાની હત્યા માટે પકડાયેલા બે આરોપીઓ પવન બિશ્નોઈ અને જગતાર સિંહને સુપ્રિમ કોર્ટે જામીન આપ્યા છે. કોર્ટના હુકમ પ્રમાણે બંને આરોપીઓ કેસની સુનાવણી ચાલુ હશે એ દરમિયાન જામીન પર રહી શકશે. જસ્ટીસ વિક્રમનાથ અને જસ્ટીસ સંદીપ મહેતાની બેન્ચે બંને પક્ષોની દલીલો સાંભળ્યા પછી આ હુકમ કર્યો હતો. પવન બિશ્નોઈ પર આરોપ છે કે એ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈની ગેંગ સાથે જોડાયેલો હતો. હત્યાના કાવતરામાં વપરાયેલા વાહનની વ્યવસ્થા તેમજ બીજી લોજીસ્ટીક મદદ એણે કરી હતી. કોર્ટમાં એની તરફેણમાં દલીલ કરવામાં આવી હતી કે, એની સામે ફક્ત એટલા જ આરોપ છે કે એણે બોલેરો વાહનની વ્યવસ્થા કરી હતી. સુનાવણી વખતે કોર્ટે ટીપ્પણી કરી હતી કે સુરક્ષા માટે જેલમાં રહેવું એને માટે વધુ યોગ્ય છે. ખાડી યુદ્ધને કારણે દેશમાં એલપીજી સપ્લાયનો પુરવઠો ખોરવાઈ ગયો છે. કેટલીક જગ્યાએ લોકો અફવાઓથી પ્રેરાઈને એલપીજીના સિલિન્ડરો એક સાથે ખરીદી રહ્યા છે. જોકે આ બાબતે વિરોધ પક્ષને મોટો મુદ્દો મળી ગયો હોવાથી ભાજપ ચિંતીત છે. કેબિનેટ બેઠકમાં પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંત્રીને ખાસ સૂચના આપી હતી કે એલપીજી સપ્લાય બાબતે જે અફવા ફેલાવવામાં આવે છે એનું ખંડન કરે. કેન્દ્ર સરકારે રાજ્યોને પણ આદેશ આપ્યા છે કે, ચેતતા રહે. ખાસ કરીને ઘરેલુ ગેસ સિલિન્ડરોની સપ્લાય પર ચાપતી નજર રાખવામાં આવે અને જમાખોરો તેમજ બ્લેક માર્કેટીંગ કરનારાઓ સામેની ફરિયાદ પર તરત પગલા લેવામાં આવે. બજારમાં કૃત્રીમ સંકટ ઉભુ નહી થાય એ જોવું જોઈએ.

# આપણે કરેલા કામથી ઉપર વાળો રાજી રહેવો જોઈએ બાકી દુનિયા તો કોઈની થઈ નથી કે થવાની નથી



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આજે આપણે ચિંતનાત્મક લેખ માં જોઈએ તો'ક્યારેય પણ બીજાની વાતોથી જીવનમાં મનને દુઃખી ન કરો. લોકો શું વિચારે છે,તે તેમનું કર્મ છે. તમે શું કરો છો,તે તમારો ધર્મ છે. દુનિયામાં બધા તમને પસંદ કરે, એ સંભવ નથી. જો લોકોની વાતો પર ધ્યાન આપશો તો જીવનભર મુંઝવણમાં રહેશો. સત્યના માર્ગ પર ચાલનાર મનુષ્ય થોડા સમય માટે પરેશાન થઈ શકે છે, પરંતુ જ્યારે સુખ આવશે ત્યારે તેનાથી વધુ સુખી કોઈ નહીં હોય. તેથી હે પાર્થ, હંમેશા ધર્મના માર્ગ પર ચાલો...'

એક ગાઢ જંગલમાં,કેસોવરી નામનું એક અનોખું પક્ષી રહેતું હતું.તે પક્ષી જેવી દેખાતી હતી, પણ બીજા પક્ષીઓથી વિપરીત, તે ઉડી શકતી નહોતી.તેની પાંખો ટૂંકી હતી અને તેનું શરીર ભારે હતું તેથી તે મોટાભાગે જમીન પર જ રહેતી હતી. નાનપણથી જ,બીજા પક્ષીઓના બચ્ચાં તેની મજાક ઉડાવતા હતા

કોઈ કહેતું,'અરે,જો તું ઉડી શકતો નથી તો પક્ષી તરીકે તું શું કામનો છે?'

ઊંચા ઝાડ પર બેઠેલી કોઈ વ્યક્તિ બૂમ પાડતી,'ક્યારેક અમારી પાસે આવો..તું હંમેશા નીચે પ્રાણીની જેમ લટકતો રહે છે!'

આ સાંભળીને,બધા હસવા લાગતા. શરૂઆતમાં કેસોવરી આ વાતોને અવગણતી. તેણીએ વિચાર્યું કે કદાચ એક દિવસ બધા તેને સમજી જશે.પરંતુ રોજિંદા ટોણા અને મજાકથી ધીમે ધીમે તેનું હૃદય દુઃખી થઈ ગયું.

એક દિવસ,તે ખૂબ જ ઉદાસ થઈને એક ઝાડ નીચે બેઠી.તેની આંખોમાં આંસુ આવી ગયા. આકાશ તરફ જોઈને તેણે કહ્યું, 'હે ભગવાન!તમે મને પક્ષી કેમ બનાવ્યો?અને જો તમે ઉડી શક્યા હોત,તો તમે મને ઉડવાની શક્તિ કેમ ન આપી?જુઓ, બધા મારી મજાક ઉડાવે છે.હવે હું એક ક્ષણ માટે પણ જંગલમાં રહેવા માંગતો નથી.હું આજગ્યા કાયમ માટે છોડી રહ્યો છું.' આટલું કહીને, કેસોવરી ધીમે ધીમે જંગલમાંથી બહાર નીકળવા લાગી.તે થોડી જ દૂર ગઈ હતી ત્યાં તેને પાછળથી ભારે અવાજ સંભળાયો, 'રાહ જુઓ, કેસોવરી! તમે ક્યાં જઈ રહ્યા છો?'

કેસોવરી આશ્ચર્યથી પાછળ ફરી.એક મોટું જાંબલી ઝાડ તેની સામે ઊભું હતું.તે જ તેની સાથે વાત કરી રહ્યું હતું.

વૃક્ષે પ્રેમથી કહ્યું, 'કૃપા કરીને દૂર ન જાઓ. અમને તમારી ખૂબ જરૂર છે.તમે આખા જંગલમાં વૃક્ષો અને છોડના વિકાસમાં મોટી ભૂમિકા ભજવો છો.તમે તમારી મજબૂત ચાંચથી ફળો ખાઓ છો અને તેમના બીજ આખા જંગલમાં ફેલાવો છો. તે બીજમાંથી નવા વૃક્ષો ઉગે છે, અને જંગલ લીલુંછમ રહે છે.' વૃક્ષે આગળ કહ્યું, 'તમે અન્ય પક્ષીઓ માટે મહત્વપૂર્ણ ન હોઈ શકો,પરંતુ તમે અમારા માટે ખૂબ મહત્વપૂર્ણ છો.આ જંગલમાં તમારા જેવું બીજું કોઈ પક્ષી નથી.તમારું સ્થાન કોઈ લઈ શકે નહીં.'તો કૃપા કરીને અમને છોડી ને ન જાઓ.'ઝાડના શબ્દો સાંભળીને કેસોવરીની આંખો ચમકી ઉઠી.પહેલીવાર,તેણીને સમજાયું કે તે આ દુનિયામાં નકામી નથી.ભગવાને તેને એક ખાસ હેતુ માટે બનાવી હતી. ફક્ત એટલા માટે કે તે ઉડી શકતી ન હતી તેથી તેણી ઓછી થઈ ન હતી.હવે તેનું મન હળવા અને ખુશ લાગ્યું.તેણીનેસમજાયું કે બીજા ઓ શું કહે છે તેનાથી દુઃખી થવું યોગ્ય નથી.દરેક વ્યક્તિમાં કોઈને કોઈ ખાસ ગુણ હોય છે. કેસોવરી હસતી અને ખુશીથી જંગલમાં પાછી ફરી.તે પહેલા જેટલી ઉદાસ નહોતી.તેણીને પોતાનું અસ્તિત્વ અને મહત્વ સમજાયું હતું.

સગુણ બ્રહ્મની અટપટી લીલા જોતાં બ્રહ્માને મોહ થાય,તો સામાન્ય માનવીને મોહ થાય તેમાં શું આશ્ચર્ય?બ્રહ્માજીએ વિચાર્યું કે,શ્રીકૃષ્ણ ઈશ્વર કે સાધારણ દેવ છે, તેની આજે પરીક્ષા કરું.મારા જેવી સૃષ્ટિ બનાવતાં આવડશે તો માનીશ કે આ શ્રીકૃષ્ણ ઈશ્વર છે વાહ રે, આ તો વિદ્યાર્થી ગુરુજીની પરીક્ષા લેવા માગે છે!એટલે બ્રહ્માજી વાછરડાંને માયાથી ઊઠાવી બ્રહ્મલોકમાં ગયા. બાળકો કનૈયાને કહે છે,કનૈયા, આપણાં વાછરડાં દેખાતાં નથી. શ્રીકૃષ્ણે કહ્યું, તમે તમારે ભોજન કરો. હું વાછરડાંને લઈ આવીશ. શ્રીકૃષ્ણ વાછરડાંઓને શોધવા જાય છે.તે જ વખતે બ્રહ્મા બાળકોને ઊઠાવી બ્રહ્મલોકમાં લઈ ગયા.

આ કથા પાછળ બીજું પણ થોડુંક રહસ્ય છે. ભગવાન સામે દૃષ્ટિ રાખી, શ્રીકૃષ્ણમાં દૃષ્ટિ રાખી બાળકો ભોજન કરતાં હતાં ત્યાં સુધી આનંદ હતો, પરંતુ તેઓ વાછરડાંની ચિંતા કરવા લાગ્યાં.તેઓની વાછરડાં તરફ દૃષ્ટિ ગઈ કે બ્રહ્માએ તેઓને ઊંચકીને બ્રહ્મલોકમાં મૂક્યાં.ગોપ બાળકો કાળને આધીન થયાં,બ્રહ્માની માયાને આધીન થયાં.બ્રહ્માએ કાળનું રૂપ છે.સંસારના વિષયોમાં નજર જાય તો બ્રહ્મરૂપી કાળ જીવને પકડી શકે છે.

ભોજન બહુ સ્વાદવાળું ન હોવું જોઈએ. ભોજન બહુ સ્વાદવાળું હશે તો વધારે ખવાશે અને ભજનમાં આળસ આવશે. સ્વાદ વગરનું ભોજન હશે તો ભૂખ હશે તેટલું ખવાશે. ભોજન એ ભજનનું સાધન છે. ભજનમાં મન રાખી ભોજન કરો તો ભોજન પણ ભજન છે. શ્રીકૃષ્ણે વાછરડાં શોધ્યાં પણ વાછરડાં ન મળ્યાં એટલે પાછાં આવ્યા.આવીને જુએ તોબાળકો પણ ન મળે. શ્રીકૃષ્ણ સમજી ગયા. બ્રહ્મા ડોસો મારી પાછળ પડયો છે,પણ એને ખબર નથી. હું તેનો દાદો છું. દાદા ખરા જ તો! વિષ્ણુની ઘૂંટીમાંથી કમળ ઉત્પન્ન થયું અને તે કમળ માંથી બ્રહ્મા થયા.એટલે વિષ્ણુ થયા. બ્રહ્માના દાદા-બાપના બાપ દાદાએ હવે પોતાની કરામત દેખાડી. કનૈયાએ જેટલાં ગોપ બાળકો અને વાછરડાંઓ હતાં તેટલાં સ્વરૂપ ધારણ કર્યાં અને તેમની સાથે લીલા શરૂ કરી.બ્રહ્મા પંચમહાભૂતની મદદથી જગતની સૃષ્ટિ કરે છે,પણ પ્રભુ તો માત્ર સંકલ્પસૃષ્ટિ રચે છે.

દ્રૌપદીની સાડી કઈ મિલમાંથી બનેલી હતી?તે સંકલ્પથી ઉત્પન્ન થઈ હતી. શ્રીકૃષ્ણ જ સાડીરૂપે થયા હતા. જેને ઈશ્વર ઢાંકે તેને કોણ ઊઘાડો પાડી શકે?આ તો શ્રીકૃષ્ણનો સંકલ્પ હતો. શ્રીકૃષ્ણ ની લીલા હતી.ગોપ બાળકોની કામળી શ્રીકૃષ્ણ,લાકડી શ્રીકૃષ્ણ કાનની વાળી અને હાથનું કડું પણ શ્રીકૃષ્ણ.ગાયોની ઈચ્છા શ્રીકૃષ્ણ પરમાત્માને મળવાની હતી. આથી વાછરડું સ્વરૂપ શ્રી કૃષ્ણે ધારણ કર્યું.ખરાં વાછરડાં બ્રહ્મલોકમાં હતાં.જે વાછરડાંઓ ને સ્તનપાન છોડવું પડ્યું હતું, તે પણ આજે ગાયોને ધાવવા લાગ્યાં છે અને ગાયો પણ આ મોટાં વાછરડાંઓને પ્રેમથી ધવડાવે છે.આ જોઈ બલરામને આશ્ચર્ય થયું. અંતર્મુખ દૃષ્ટિ કરી જોયું તો વાહ ભાઈ,આ તો એક એક વાછરડાં માં શ્રીકૃષ્ણ છે.

### કરમસદ આણંદ મનપા દ્વારા શહેરના વિવિધ વિસ્તારમાં મનપા હસ્તેની જગ્યા પરત મેળવવા કાર્યવાહી

# રેલવે વિભાગ દ્વારા છેલ્લા 2 વર્ષથી પચાવી પાડેલી પાર્કિંગ જગ્યા મામલે મનપાના આંખ મિચામણા..!

**આણંદ, તા.13**

આણંદ ના રેલ્વે સ્ટેશન અડીને આવેલ ટીપી ૧ની મનપા હસ્તે ની આશરે પંદરસો ચોરસ મીટર જગ્યા બે વર્ષ પૂર્વ પાલિકા પાસે રેલ્વે વિભાગ દ્વારા પાર્કિંગ માટે પુનઃ ભાડેથી કરવામાં આવેલ માંગ પર સામાન્ય સભામાં રજૂ કરેલ ઠરાવ રદ થયા છતાં રેલ્વે વિભાગ દ્વારા ખાનગી કોન્ટ્રાક્ટ આપી તગડું ભાડું લઈ પાર્કિંગ જગ્યા કેવી રીતે ફાળવી? મનપા દ્વારા શહેરના વિવિધ વિસ્તારમાં દબાણ હેઠળ જગ્યા પરત મેળવવા માં આવી રહી છે.તો રેલ્વે વિભાગ દ્વારા હડપેલ પાર્કિંગ જગ્યા હસ્તે પર આંખ મિચામણા કેમ?ના સવાલ ઉઠવા પામ્યા નું જાણવા મળેલ છે.પ્રાપ્ત વિગત



અનુસાર આણંદ રેલ્વે સ્ટેશન અડીને ટીપી ૧મા આવેલ અગાઉ પાલિકા હસ્તેની આશરે પંદરસો ચોરસ મીટર જગ્યા રેલ્વે વિભાગ ને નજીવા ભાડાથી નવ વર્ષ ના કરારથી પાર્કિંગ માટે જગ્યા ફાળવવામાં આવી હતી.જેના કરાર પૂર્ણ થતાં બે વર્ષ પૂર્વ પાલિકા સમક્ષ પુનઃ રેલ્વે વિભાગ દ્વારા સદર જગ્યા ની માંગ કરવામાં આવતાં પાલિકાની સામાન્ય સભામાં સદર મુદ્દે રજૂ કરવામાં આવેલ ઠરાવ ના મંજૂર થતાં છતાં રેલ્વે વિભાગ દ્વારા આંખ આડા કાન કરી પુનઃ રેલ્વે પાર્કિંગ ના કોન્ટ્રાક્ટ ખાનગી કોન્ટ્રાકટર તગડું ભાડું થી આપવામાં આવતાં જેતે સમયે મુદ્દો ચર્ચાની એરણે ચઢતાં પાલિકાને પૃચ્છા કરતાં નોટિસ આપી હોવાનું જણાવી સંતોષ માણતાં કુછ તો ગરબડ હૈની આશંકા વ્યક્ત થવા પામી હોય તેમ તાજેતરમાં કરમસદ આણંદ મનપા બન્યા બાદ શહેરના વિવિધ વિસ્તારોમાં દબાણ હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.ત્યારે રેલ્વે વિભાગ બારોબાર જગ્યા હડપી હોય અને તગડા ભાડાથી નાણાં રળતા હોય છતાં મનપા તંત્ર ના આંખ મિચામણા કેમ?ના સવાલ ઉઠવા પામ્યા નું જાણવા મળેલ છે.

### ૩જી માર્ચે નિવૃત્ત થયેલા આણંદ કૃષિ યુનિ. કુલપતિ બાદ

# સરકાર દ્વારા ઇન્ચાર્જની પણ નિમણુંક ન કરતાં યુનિવર્સિટી પરિક્ષા સમયે ધણીધોરી વિનાની બની

**આણંદ, તા.13**

ગુજરાત ની સહુ પ્રથમ કૃષિ યુનિવર્સિટી આણંદ ના વિવાદાસ્પદ બનેલ કુલપતિ નો કાર્યકાળ ગત ૩જીના પૂર્ણ થયા બાદ સરકાર દ્વારા નવા નહીં તો ઇન્ચાર્જ કુલપતિ ની નિમણુંક ન કરતાં પરિક્ષા સમયે યુનિવર્સિટી ધણીધોરી વિનાની બની હોવાની ચર્ચા યુનિવર્સિટી કેમ્પસમાં ઉઠવા પામી હોવાનું જાણવા મળેલ છે.પ્રાપ્ત વિગત અનુસાર આણંદ કૃષિ યુનિવર્સિટી ના છેલ્લા એક વર્ષ દરમ્યાન તેલ કાંડ, કે સિક્યુરિટી કોન્ટ્રાક્ટ કે રૂફ સોલાર પેનલ હોય કે મળવાપાત્ર ન હોવાછતાં લાખો રૂપિયા ઉસેડવા જેવા બનાવો પર વિવાદિત બનેલ કુલપતિ નો કાર્યકાળ ગત ૩જીના પૂર્ણ થતાં સરકાર દ્વારા નવા નહીં તો ઇન્ચાર્જ કુલપતિ ની પરીક્ષા સમયે પણ નિમણુંક કરવામાં ન આવતાં યુનિવર્સિટી ધણીધોરી વિનાની બની હોવાની ચર્ચા યુનિવર્સિટી કેમ્પસમાં ઉઠવા પામી હોવાનું જાણવા મળેલ છે.અત્રે ઉલ્લેખનીય



છેકે સામાન્ય રીતે યુનિવર્સિટી ના કુલપતિ ના કાર્યકાળ પૂર્ણ થતાં હોય તેના એક કે બે માસ પૂર્વે સર્ચ કમિટીની નિમણૂક કરી સરકાર દ્વારા નવા કુલપતિ પસંદગી ની પ્રક્રિયા હાથ ધરવામાં આવતી હોય છે.પરંતુ આણંદ કૃષિ યુનિવર્સિટી ના કુલપતિ નો કાર્યકાળ પૂર્ણ થયા બાદ પણ રાજ્ય સરકાર દ્વારા આ પ્રકારની પ્રક્રિયા હાથ ધરવામાં ન આવતાં શું મનગમતા પર કળશ ઢોળવાના આયોજન? જેવા સવાલ પણ ઉઠવા પામી રહ્યાનું જાણવા મળેલ છે.

# કરમસદ આણંદ મનપા દ્વારા બાકી વેરો ન ભરતા 14 દુકાનો સીલ કરવામાં આવી

### એક જ દિવસમાં મહાનગરપાલિકા દ્વારા ₹8.41 લાખ ઉપરાંતનો બાકી વેરો વસૂલવામાં આવ્યો

**આણંદ, તા.13**

કરમસદ આણંદ મહાનગરપાલિકાના કમિશનર દ્વારા મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલી મિલકતોનો બાકી વેરો 31 માર્ચ પહેલા વસૂલવા માટે ખાસ ઝુંબેશ હાથ ધરવા સુચના આપવામાં આવી છે. મહાનગરપાલિકાના ટેક્સ વિભાગના રિકવરી ટીમ દ્વારા બાકી વેરાની વસુલાત ઝુંબેશ અંતર્ગત મહેન્દ્ર શાહ હોસ્પિટલ પાસે સ્વરૂપ કોમ્પ્લેક્સ માં, નયા પડકારના ખાંચામાં અને ટૂંકી ગલી પાસે મનીષ માર્કેટમાં આવેલી કુલ 14 દુકાનો રૂ. 2,35,988 /- નો બાકી વેરો ભરપાઈ ન કરતા હોવાથી તાત્કાલિક અસરથી સીલ કરવામાં આવી છે .આ ઉપરાંત આજે એક જ દિવસમાં અન્ય મિલકતો ધારકો પાસે થી રૂ.8,41,763 /- નો બાકી રહેલો વેરો વસૂલ કરવામાં આવ્યો છે. મહાનગરપાલિકાના ટેક્સ વિભાગના ઈન્સ્પેક્ટર દ્વારા મહાનગરપાલિકા વિસ્તારમાં રહેતા નગરજનો દુકાનો, બિલ્ડીંગ, મકાનોના બાકી વેરા 31 માર્ચ પહેલા ભરી દે તે માટે અનુરોધ કરવામાં આવ્યો છે. જે દુકાનદારો, મકાન માલિકો દ્વારા બાકી વેરો 31 માર્ચ પહેલા ભરવામાં નહીં આવે તો મહાનગરપાલિકા ની ટીમ દ્વારા કાયદાની જોગવાઈ ને આધીન કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવવામાં આવ્યું છે.



# ઉમરેઠના ધારાસભ્ય સ્વ. ગોવિંદભાઈ પરમારના શોકતૂર પરિજનોને સાંત્વના પાઠવતા મુખ્યમંત્રી

### આણંદના ચિખોદરા ખાતે યોજાયેલી પ્રાર્થનાસભામાં મુખ્યમંત્રીએ સ્વર્ગસ્થને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા

**આણંદ, તા.13**

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આજે આણંદ ખાતે ઉમરેઠ વિધાનસભા મત વિસ્તારના સ્વર્ગસ્થ ધારાસભ્ય ગોવિંદભાઈ પરમારને તેમની પ્રાર્થનાસભામાં ઉપસ્થિત શ્રદ્ધાંજલિ પાઠવી હતી. સ્વર્ગસ્થના શોકસંતૃપ્ત પરિજનોને મળી મુખ્યમંત્રીએ સાંત્વના પાઠવી હતી. સ્વર્ગસ્થ ધારાસભ્ય ગોવિંદભાઈ પરમાર ૧૯૭૫ થી જાહેરજીવનમાં સક્રીય હતા અને તેમણે રાજકીય



કારકિર્દી ચિખોદરા ગામના સરપંચ તરીકે કરી હતી. બાદમાં ૧૯૯૫ માં પ્રથમ વખત ધારાસભ્ય તરીકે જોડાયા હતા. સરકારમાં કૃષિ રાજ્ય મંત્રી તરીકે પણ સેવા આપી હતી. વર્ષ ૨૦૧૭ અને ૨૦૨૨ ઉમરેઠ વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. સ્થાનિક સમાજ જીવનમાં તેમની પક્કડ હતી. તેમના અવસાનથી આ ક્ષેત્રમાં ખોટ પડી છે. આ પ્રાર્થના સભામાં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે આણંદ જિલ્લાના પ્રભારી મંત્રી સંજયસિંહ મહિડા, અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી રમણભાઈ સોલંકી, નાણા રાજ્ય મંત્રી કમલેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ હસમુખભાઈ પટેલ, ધારાસભ્ય સર્વ વિપુલભાઈ પટેલ, ચિરાગભાઈ પટેલ, યોગેશભાઈ પટેલ,અગ્રણી સંજયભાઈ પટેલ, ભૂતપૂર્વ ધારાસભ્ય સર્વ જયંતભાઈ બોસ્કી, નિરંજન ભાઈ પટેલ, જસુભા, કાંતિભાઈ સોઢા પરમાર, દિલીપભાઈ પટેલ, કેસરી સિંહ સોલંકી, વિરોધ પક્ષના નેતા અમિત ચાવડા, ભૂતપૂર્વ મંત્રી ભરતસિંહ સોલંકી, ચારુતર વિદ્યામંડળના ચેરમેન ભીખુભાઈ પટેલ, ચિખોદરા ગામના સરપંચ નીલમબેન અશોકભાઈ પરમાર, સહિત પરિજનો ઉપસ્થિત રહી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

### કરમસદ આણંદ મનપા દ્વારા શહેરના રાજા રણછોડ માર્કેટ ખાતે દાદાનું બુલડોઝર ફેરવતાં

# પાવતી આધારે અપાયેલ દુકાનના વીજ મીટરને થયેલ નુકસાન પગલે MGVCL દ્વારા નોટિસ આપવાની તજવીજ હાથ ધરાઇ

**આણંદ, તા.13**

ગત રવિવારે કરમસદ આણંદ મનપા દ્વારા ચાર દાયકા પૂર્વ રાજ્યપાલ ની મંજૂરી બાદ સ્ટેશન વિસ્તારમાં આવેલ ઓપન ટુ સ્કાય જગ્યા પર પાલિકા દ્વારા વ્યવસાયિક પરવાનગી આપવામાં આવી હતી.જે અંતર્ગત પાલિકા દ્વારા દબાણ પાવતી આપતાં તેના આધારે વીજ કંપની દ્વારા દુકાનદારો ને વીજ કનેકશન આપવામાં આવ્યા હતા.જે દુકાનો પર દાદાનું બુલડોઝર ફેરવતાં આશરે નેવું જેટલા વીજ મીટર ક્યાં ના સવાલ ઉઠતાં એમજીવીસીએલ દ્વારા નોટિસ આપવાની તજવીજ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.બીજીતરફ છેલ્લા ચાર માસથી શહેરના વિવાદિત સુપરમાર્કેટ તથા રાજા



રણછોડ માર્કેટ ને આપવામાં આવેલ નોટિસ બાદ હાશકારો ઉભા કરવા રચાયેલ વહીવટી ખેલ પર એસીબીમા તપાસ અરજ કરતાં તંત્રમાં ફફડાટ વ્યાપી જવા પામ્યા નું જાણવા મળેલ છે.પ્રાપ્ત વિગત અનુસાર ચાર દાયકા પૂર્વ આણંદ પાલિકા દ્વારા શહેરના જુના બસમથક પાછળ આવેલ ઓપન ટુ સ્કાય ની જગ્યા પર વ્યવસાયિક પરવાનગી માટે ૧૯૭૬મા તે સમયના પાલિકા પ્રમુખ ની રજૂઆત પગલે રાજ્યપાલ દ્વારા મંજૂરી આપતાં રાજા રણછોડ માર્કેટ સ્થાપિત થતાં પાલિકા દ્વારા દબાણ પાવતી હેઠળ જગ્યા ફાળવતા કાચી પાકી દુકાનો ઉભી કરતાં દબાણ પાવતી આધારે વીજ કંપની દ્વારા મીટર ફાળવવામાં આવ્યા હતા.જે તાજેતરમાં રવિવાર ના દિવસે મનપા દ્વારા રાજા રણછોડ માર્કેટ ની દુકાનો પર દાદાનું બુલડોઝર ફેરવતાં આશરે નેવું જેટલા વીજ મીટર ક્યાં?ડિમોલીશન પૂર્વ વીજ કંપની ની સહમતી લેવામાં આવી હતી?ના સવાલ ઉઠતાં એમજીવીસીએલ દ્વારા નોટિસ આપવાની તજવીજ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.અત્રે ઉલ્લેખનીય છેકે છેલ્લા ચાર માસથી શહેરના સુપરમાર્કેટ તથા રાજા રણછોડ માર્કેટ ની દુકાનો ને ખાલી કરવાની નોટિસ મનપા દ્વારા આપવામાં આવતાં જ બંને સ્થળે વેપારીઓ ને હાશકારો ઉભા કરવા રચાયેલ વહીવટી ખેલ મુદ્દે એસીબીમા અરજ દાદ માંગતા તંત્રમાં ફફડાટ વ્યાપી જવા પામ્યા નું જાણવા મળેલ છે.

### સ્વચ્છતા અભિયાનના કરમસદ આણંદ મનપાના ઢંઢેરાં બોદા બન્યા

# શહેરના અમીન ઓટો ફાટકથી રાજમાર્ગ તરફ જતા માર્ગ પર કાટમાળના ઢગ જામ્યા

### કેટલાક સમયથી વણવપરાયેલ પાઇપો ઠેરની ઠેર...!

**આણંદ, તા.13**

કરમસદ આણંદ મનપા દ્વારા સ્વચ્છતા અભિયાનના પીટાતા ઢીંઢોરા બોદા સાબિત બનવા પામી રહ્યા હોય તેમ શહેરના અમીન ઓટો નજીક રેલ્વે ફાટક થી પસાર થતા રાજમાર્ગ તરફના માર્ગ પર બાંધકામ બાદના કાટમાળ ના ઢગ ખડકાયા નજરે ચઢતાં સ્વચ્છતા અભિયાન ક્યાં? સાથે સદર માર્ગે પર વણવપરાયેલ પાઈપો ઠેરની ઠેર રહેતાં પ્રજાના ટેક્સના નાણાં ના વેડફાટ? ના સવાલ ઉઠવા પામ્યા નું જાણવા મળેલ છે.પ્રાપ્ત વિગત અનુસાર વડાપ્રધાન મોદી સ્વચ્છ ભારત સ્વસ્થ ભારત અભિયાન ને સફળ બનાવવા પ્રયાસ હાથ ધરે પરંતુ કરમસદ આણંદ મનપા દ્વારા વડાપ્રધાનના આ અભિયાન બોદા સાબિત થતાં



હોય તેમ શહેરના અમીન ઓટો રેલ્વે ફાટક થી રાજમાર્ગ તરફ પસાર થતાં માર્ગ પર બાંધકામ બાદના કાટમાળ ના ઢગ ખડકાયા નજરે ચઢતાં સ્વચ્છતા અભિયાન ક્યાં?જે સાથે છેલ્લા કેટલાક સમયથી વણવપરાયેલ પાઈપો ઠેરની ઠેર જોવા મળતાં પ્રજાના ટેક્સના નાણાં ના વેડફાટ?ના સવાલ ઉઠવા પામ્યા નું જાણવા મળેલ છે.

### રાજપીપળા કોર્ટનો ઐતિહાસિક ચુકાદો

# સગીરા પર સામૂહિક દુષ્કર્મ આચરનાર બે નરાધમોને 20 વર્ષની કેદ ફટકારાઇ

### સાગબારાના મકરાણ ગામના બે શખ્સોએ સગીરાનું અપહરણ કરી ખેતરમાં આચર્યું હતું પાશવી કૃત્ય; કોર્ટે 1.40 લાખનો દંડ અને પીડિતાને 3 લાખનું વળતર ચૂકવવા આદેશ કર્યો

**નર્મદા, તા.13**

નર્મદા જિલ્લાના સાગબારા તાલુકામાં બે વર્ષ પહેલાં બનેલી સગીરા પર સામૂહિક દુષ્કર્મની ચકચારી ઘટનામાં રાજપીપળાની એડિશનલ સેસન્સ કોર્ટે સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો છે. કોર્ટે બંને આરોપીઓને તકસીરવાર ઠેરવી 20-20 વર્ષની સખત કેદની સજા અને રોકડ દંડ ફટકાર્યો છે. ઘટનાની વિગતો મુજબ, સાગબારાના મકરાણ ગામના ગૌતમ પોશીરામ વસાવા અને રમેશ વસંત ઉર્ફે વિશાલ વસાવાએ ગત તા. 16/03/2022 ના રોજ સાંજના સમયે ભોગ બનનાર સગીરા જ્યારે તેના ઘરમાં એકલી હતી, ત્યારે બંને આરોપીઓએ તેનું મોઢું દબાવી, શારીરિક છેડછાડ કરી હતી અને તેને સળગાવી દેવાની ધમકી આપી બળજબરીપૂર્વક અપહરણ કરી ખેતરમાં લઈ ગયા હતા. ત્યાં સગીરાની મરજી વિરુદ્ધ બંને નરાધમોએ તેના પર બળાત્કાર ગુજાર્યો હતો. દુષ્કર્મ આચર્યા બાદ બંને આરોપીઓએ સગીરાને ડરાવતા કહ્યું હતું કે, "અમે ડોન છીએ, જો આ બાબતે તેં કોઈને પણ વાત કરી તો તારું ઘર સળગાવી દઈશું." આ મામલે સાગબારા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# પેટલાદ નગરપાલિકા દ્વારા 13 કરોડ ઉપરાંતના વિકાસ કામોનું લોકાર્પણ કરાયું

**આણંદ, તા.13**

પેટલાદ નગરપાલિકાના વર્તમાન બોર્ડને બે પાંચ દિવસનો સમય બાકી રહ્યો છે ત્યારે શહેરમાં થયેલા વિકાસ કામોનું લોકાર્પણ આણંદ જિલ્લા ભાજપ પ્રમુખ સંજયભાઈ પટેલ, પેટલાદ ધારાસભ્ય અને રાજ્ય કક્ષાના મંત્રી કમલેશભાઈ પટેલના ઉદ્ઘાટક સ્થાને તેમજ રાજરત્ન દાતાર પરિવારના શેઠ વ્રજેશભાઈ પરીખની વિશેષ ઉપસ્થિતિમાં એન.કે. હાઈસ્કુલ પાસે વિવિધ 10 જેટલા પ્રકલ્પો 13 કરોડ ઉપરાંતના વિકાસ કામો



નગરજનોને લોકાર્પણ કરાયા હતા. પ્રારંભમાં નગરપાલિકાના વર્તમાન પ્રમુખ જીગ્નેશભાઈ જોષીએ સૌને આવકારી નગરના વિકાસ કાર્યો વિશે વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું હતું કે વિકાસના કાર્યો ખુલ્લા મુકાયા છે તેમજ હજુ પણ કેટલાક કામો ચાલુ છે તેમ જણાવી તેમની ટીમના સહકાર બદલ પણ સૌનો આભાર વ્યક્ત કરી નગરજનો પાસે આવનાર ચૂંટણીમાં સહકાર માંગ્યો હતો. જિલ્લા ભાજપ પ્રમુખ સંજયભાઈ પટેલે જણાવ્યું હતું કે કોઈ પણ નગરનો વિકાસ કરવો હોય તો પૂર્ણ બહુમતી વાળી સરકાર જોઈએ પેટલાદના ઈતિહાસમાં પહેલી વખત ભારતીય જનતા પાર્ટીનું બહુમતી વાળું બોર્ડ આવ્યું છે, ત્યારબાદ પહેલું પરિણામ વિધાનસભાની ચૂંટણીમાં મળ્યું ભારતીય જનતા પાર્ટીનો ધારાસભ્ય ચૂંટાયો એટલે નગર તો ભાજપનું હતું જ અને ધારાસભ્ય ભાજપના મળ્યા એટલે જે પ્રકારના વિકાસના કામો થયા અને એના કારણે આ ગુજરાતને પણ ખબર પડી ગુજરાત સરકારના આગેવાનોને ખબર પડી કે આ પેટલાદમાં વિકાસ થી વંચિત થયેલા લોકોને જો વિકાસ કરવો હોય તો આથી વધારે આપવું પડે એટલે કમલેશભાઈ ને મિનિસ્ટર બનાયા એટલે એન્જીન તો હતું જ તે ડબલ એન્જિનની સરકાર હતી પરંતુ એને માટે છે આપણી આણંદ ખંભાત જે ટ્રેન જતી હતી.

# અબરાર અહેમદના વિવાદમાં BCCIનું મોટું નિવેદન, કહ્યું - આ અમારો મામલો નથી, અમે કંઈ ના કરી શકીએ

નવી દિલ્હી, તા.13

ઈંગ્લેન્ડમાં રમાનારી 'ધ હન્ડ્રેડ' લીગની હરાજીમાં પાકિસ્તાની લેગ સ્પિનર અબરાર અહમદને સનરાઈઝર્સ લીડ્સે ખરીદતા સોશિયલ મીડિયા પર મોટો વિવાદ પેદા થયો છે. આ ફ્રેન્ચાઈઝીની માલિકી ઉદ્યોગપતિ કલાનિધિ મારનના 'સન ગ્રુપ' પાસે છે અને તેની CEO તેમની પુત્રી કાવ્યા મારન છે, જે IPLમાં સનરાઈઝર્સ હૈદરાબાદની પણ કમાન સંભાળે છે. પાકિસ્તાની ખેલાડીની પસંદગી થતા જ સોશિયલ મીડિયા પર કાવ્યા મારન અને સનરાઈઝર્સના બહિષ્કારની માંગ ઉઠી છે.



અબરાર અહમદની બેઝ પ્રાઈઝ આશરે 92.5 લાખ રૂપિયા હતી. તેને ખરીદવા માટે સનરાઈઝર્સ લીડ્સ અને ટ્રેન્ટ રોકેટ્સ વચ્ચે ભારે રસાકસી જામી હતી. અંતે સનરાઈઝર્સે 1,90,000 પાઉન્ડ (આશરે 2.34 કરોડ રૂપિયા)ની મોટી કિંમત ચૂકવી તેને પોતાની ટીમમાં સામેલ કર્યો હતો. આ સાથે જ અબરાર કોઈ પણ ભારતીય માલિકીની ટીમમાં રમનાર પ્રથમ પાકિસ્તાની ખેલાડી બની ગયો છે.

વિવાદ વધતા ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) ના ઉપાધ્યક્ષ રાજીવ શુક્લાએ આ મામલે સ્પષ્ટતા કરી છે. તેમણે જણાવ્યું કે, 'આ બાબત અમારા અધિકાર ક્ષેત્રમાં આવતી નથી. આ એક વિદેશી લીગનો મામલો છે અને તે લીગે જ આ અંગે નિર્ણય લેવાનો હોય છે. આમાં BCCI કંઈ કરી શકે નહીં.'

ટીમના હેડ કોચ ડેનિયલ વેટોરીએ આ નિર્ણય પાછળનું ટેકનિકલ કારણ આપતા જણાવ્યું કે, તેમની પ્રથમ પસંદગી ઈંગ્લેન્ડનો આદિલ રશીદ હતો, પરંતુ તેને સાઉધર્ન બ્રેવે ખરીદી લીધો. ટીમને એક ક્વોલિટી સ્પિનરની જરૂર હતી, જેના માટે અબરાર અહમદ શ્રેષ્ઠ વિકલ્પ હતો. રડારમાં બાંગ્લાદેશનો રિશાદ હુસૈન અને પાકિસ્તાનનો ઉસ્માન તારિક પણ હતા. વેટોરીએ સ્પષ્ટતા કરી કે, હરાજી પહેલા પાકિસ્તાની ખેલાડીઓને ન લેવા અંગે મેનેજમેન્ટમાં કોઈ પણ પ્રકારની ચર્ચા થઈ નહોતી.

આ વિવાદ વચ્ચે સનરાઈઝર્સ લીડ્સનું સત્તાવાર X એકાઉન્ટ સસ્પેન્ડ થતા રહસ્ય ઘેરાયું છે. જોકે, આ સસ્પેન્શન પાછળનું કારણ હજુ સ્પષ્ટ થયું નથી, પરંતુ ભારતમાં થઈ રહેલા વિરોધ સાથે તેને જોડીને જોવામાં આવી રહ્યું છે. વેટોરીના મતે, અબરારની બોલિંગમાં રહેલી વૈવિધ્યતા હેડિંગ્લેના મેદાન પર ટીમ માટે ફાયદાકારક સાબિત થશે.

# હાર્દિક પંડ્યા વિવાદોમાં! મહારાષ્ટ્ર બાદ હવે યુપીમાં પણ નોંધાઈ ફરિયાદ, જાણો સમગ્ર મામલો

નવી દિલ્હી, તા.13

ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા પર T20 વર્લ્ડ કપ 2026ની જીતની ઉજવણી દરમિયાન રાષ્ટ્રીય ધ્વજની ગરિમાને ઠેસ પહોંચાડવાનો આરોપ લાગ્યો છે. પંડ્યા વિરુદ્ધ ઉત્તર પ્રદેશના હાથરસ અને મહારાષ્ટ્રના પુણેમાં અલગ-અલગ ફરિયાદો દાખલ કરવામાં આવી છે.



ભારતની ઐતિહાસિક જીત બાદ સોશિયલ મીડિયા પર હાર્દિક પંડ્યાના ઉજવણીના અનેક વીડિયો વાયરલ થયા હતા. ફરિયાદમાં જણાવાયું છે કે, એક વાયરલ વીડિયોમાં હાર્દિક પંડ્યા ખભા પર તિરંગો લપેટીને પોતાની ગર્લફ્રેન્ડ સાથે વાંધાજનક સ્થિતિમાં જોવા મળ્યો હતો. પુણેના એડવોકેટ વાજિદ ખાન બિડકરે જણાવ્યું કે, 'રાષ્ટ્રીય સન્માનના અપમાન નિવારણ અધિનિયમ, 1971' ની કલમ 2 મુજબ, રાષ્ટ્રધ્વજની ગરિમા જાળવવી અનિવાર્ય છે. ઉજવણીમાં મશગૂલ પંડ્યા તિરંગો શરીર પર હોવા છતાં ગર્લફ્રેન્ડ સાથે સ્ટેજ પર સૂતેલા જોવા મળ્યા હતા, જે ધ્વજનું અપમાન છે.

હાથરસના એડવોકેટ વિશ્વપ્રતાપ સિંહ રાણાએ પણ એસપી અને કેન્દ્રીય ગૃહમંત્રીને પત્ર લખીને કડક કાર્યવાહીની માંગ કરી છે. તેમણે આરોપ લગાવ્યો છે કે, આ કૃત્યથી દેશના કરોડો નાગરિકોની લાગણી દુભાઈ છે. આ મામલે એસપી ચિરંજીવનાથ સિન્હાએ જણાવ્યું છે કે, ફરિયાદની ગંભીરતાથી તપાસ કરી નિયમાનુસાર વૈધિક કાર્યવાહી કરવામાં આવશે.

એડવોકેટ વિશ્વપ્રતાપ સિંહ દ્વારા એસપીને આવેદન પાઠવ્યું છે. આ ઉપરાંત મહારાષ્ટ્રના પુણે ખાતે શિવાજી નગર પોલીસ સ્ટેશનમાં એડવોકેટ વાજિદ ખાન દ્વારા ફરિયાદ દાખલ કરાવવામાં આવી છે. આ ઉપરાંત કેટલાક અહેવાલો અનુસાર બેંગ્લુરૂ ખાતે પણ લેખિત અરજી આપવામાં આવી છે. હાર્દિક પંડ્યા અગાઉ પણ પોતાની લાઈફસ્ટાઈલ અને નિવેદનોને કારણે ચર્ચામાં રહ્યા છે, પરંતુ રાષ્ટ્રધ્વજ સાથે જોડાયેલો આ વિવાદ તેમના માટે કાયદાકીય મુશ્કેલીઓ ઊભી કરી શકે છે.

# 2026માં ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાશે 12 ધમાકેદાર મેચ, BCCIનો પ્લાન તૈયાર....!

નવી દિલ્હી, તા.13

ભારતીય ક્રિકેટ ટીમ ઓક્ટોબર 2026માં ન્યૂઝીલેન્ડના પ્રવાસે જવાની તૈયારી કરી રહી છે. બીસીસીઆઈ અને ન્યૂઝીલેન્ડ ક્રિકેટ બોર્ડ વચ્ચેની વાતચીત મુજબ આ પ્રવાસ દરમિયાન કુલ 12 મેચો રમાવાની શક્યતા છે. આ સીરિઝમાં ત્રણેય ફોર્મેટ– ટેસ્ટ, વન-ડે અને ટી-20નો સમાવેશ કરવામાં આવશે, જે ચાહકો માટે ક્રિકેટનો મોટો ઉત્સવ બની રહેશે.



આ પ્રવાસનું આયોજન 2026ના ટી-20 વર્લ્ડ કપ બાદ કરવામાં આવ્યું હોવાથી તે ખૂબ જ મહત્ત્વનું માનવામાં આવે છે. મળતી માહિતી મુજબ, આ પ્રવાસમાં 2 ટેસ્ટ મેચ, 3 વન-ડે અને 7 ટી-20 મેચો અથવા અન્ય કોઈ સંયોજનમાં કુલ 12 મુકાબલા યોજાઈ શકે છે. ન્યૂઝીલેન્ડની ધરતી પર ભારતીય ટીમ માટે આ એક પડકારજનક પ્રવાસ સાબિત થશે.

વર્ષ 2027માં યોજાનારા વન-ડે વર્લ્ડ કપને ધ્યાનમાં રાખીને ભારત અત્યારથી જ પોતાની ટીમનું સંતુલન જાળવવા માંગે છે. આ સીરિઝ દ્વારા યુવા ખેલાડીઓને વિદેશી પીચો પર રમવાનો અનુભવ મળશે અને સિનિયર ખેલાડીઓને લય જાળવી રાખવાની તક મળશે. આ સીરિઝના માધ્યમથી બીસીસીઆઈ ભવિષ્યની મજબૂત ટીમ તૈયાર કરવાના લક્ષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

જોકે, હજુ સુધી આ પ્રવાસના સત્તાવાર શેડ્યૂલ અને તારીખોની જાહેરાત કરવામાં આવી નથી, પરંતુ બંને દેશોના ક્રિકેટ બોર્ડ આ બાબતે અંતિમ નિર્ણય લેવાની પ્રક્રિયામાં છે. ટૂંક સમયમાં જ મેચના સ્થળો અને ચોક્કસ તારીખો જાહેર કરવામાં આવશે. ન્યૂઝીલેન્ડમાં ભારતીય ટીમને મળતો સપોર્ટ જોતા આ 12 મેચોની સીરિઝમાં ભારે ભીડ ઉમટવાની અપેક્ષા છે.

# IPL પહેલા જ સનરાઈઝર્સ હૈદરાબાદના બોયકોટની માંગ! 'ધ હન્ડ્રેડ' ટુર્નામેન્ટમાં પાકિસ્તાની ખેલાડીને ખરીદતા વિવાદ

નવી દિલ્હી, તા.13

ઈંગ્લેન્ડની રમત 'દ હન્ડ્રેડ' માટે તાજેતરમાં યોજાયેલી હરાજીમાં એક એવો નિર્ણય લેવાયો જેણે ભારતીય સોશિયલ મીડિયા પર રોષની લાગણી ફેલાવી દીધી છે. આ હરાજીમાં ફ્રેન્ચાઈઝી 'સનરાઈઝર્સ લીડ્સ' દ્વારા પાકિસ્તાનના સ્પિનર અબરાર અહેમદને ખરીદવામાં આવ્યો છે. નવાઈની વાત એ છે કે, આ ખરીદી ઈંગ્લેન્ડની લીગ માટે થઈ છે, પરંતુ તેનો વિરોધ ભારતમાં આઈપીએલ ટીમ સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH) વિરુદ્ધ થઈ રહ્યો છે.



સનરાઈઝર્સ લીડ્સ અને આઈપીએલની સનરાઈઝર્સ હૈદરાબાદ એમ બંને ટીમોનું માલિકી હક ભારતીય મીડિયા ગ્રુપ 'સન ટીવી' અને કાવ્યા મારન પાસે છે. જ્યારે અબરાર અહેમદને 2.34 કરોડ રૂપિયામાં ખરીદવામાં આવ્યો, ત્યારે સોશિયલ મીડિયા પર 'Boycott SRH' અને 'Shame on SRH' જેવા હેશટેગ ટ્રેન્ડમાં આવી ગયા હતા. આરોપ છે કે ભારતીય માલિકીની ટીમ પાકિસ્તાની ખેલાડીને કેમ ખરીદી શકે? સોશિયલ મીડિયા પર મચેલા હોબાળા વચ્ચે ટીમના હેડ કોચ ડેનિયલ વેટોરીએ આ વ્યૂહરચના પાછળનું કારણ સ્પષ્ટ કર્યું છે. વેટોરીએ જણાવ્યું કે, ટીમની પ્રથમ પસંદગી ઈંગ્લેન્ડનો સ્પિનર આદિલ રશીદ હતો, પરંતુ તેને અન્ય ટીમે ખરીદી લીધો. ત્યારબાદ ઓવરસીઝ સ્પિનરની શોધમાં અબરાર અહેમદ સૌથી શ્રેષ્ઠ વિકલ્પ તરીકે સામે આવ્યો. વેટોરીએ સ્પષ્ટતા કરી કે, મેનેજમેન્ટમાં ક્યારેય એવી ચર્ચા થઈ નહોતી કે પાકિસ્તાની ખેલાડીઓને લેવા કે નહીં. અમારો હેતુ માત્ર શ્રેષ્ઠ ટીમ બનાવવાનો હતો. અબરાર ઉપરાંત પાકિસ્તાનનો ઉસ્માન તારિક અને બાંગ્લાદેશનો રિશદ હુસૈન પણ તેમની નજરમાં છે.

અગાઉ આઈપીએલની હરાજીમાં કોલકાતા નાઈટ રાઈડર્સે બાંગ્લાદેશી ખેલાડી મુસ્તફિઝુર રહેમાનને ખરીદતા આવો જ વિરોધ થયો હતો, જેના કારણે અંતે રહેમાનને રિલીઝ કરવો પડ્યો હતો. જોકે, સનરાઈઝર્સ લીડ્સના કિસ્સામાં આવું થવાની શક્યતા નહિવત્ છે.

ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડ (ECB) એ પહેલેથી જ કડક વલણ અપનાવ્યું છે કે હરાજીમાં રંગ, નસ્લ કે રાષ્ટ્રીયતાના આધારે કોઈ ભેદભાવ ચલાવી લેવામાં આવશે નહીં. તમામ 8 ફ્રેન્ચાઈઝીઓએ નિવેદન આપ્યું છે કે ખેલાડીઓની પસંદગી માત્ર તેમના કૌશલ્યના આધારે જ કરવામાં આવી છે.

આ વિવાદની અસર આગામી આઈપીએલ 2026 પર પડે છે કે કેમ તે જોવું રહ્યું. ભારતીય ચાહકોમાં 'રાષ્ટ્રીય ભાવના' અને રમત વચ્ચેનો આ ટકરાવ હાલ ચરમસીમાએ છે.

# અક્ષય કુમાર અને દિગ્દર્શક પ્રિયદર્શન લગભગ 14 વર્ષ પછી ફરી સાથે કામ કરતા જોવા મળશે

### ફિલ્મ Bhooth Banglaનું ટીઝર રિલીઝ, ફિલ્મમાં હોરર સાથે મજબૂત કોમેડી અને પંચલાઇન્સ જોવા મળશે, જે તેને સંપૂર્ણ એન્ટરટેઇનર બનાવવાની સંભાવના બતાવે છે

મુંબઈ, તા.13

બોલીવુડમાં ફરી એક વખત હાસ્ય અને હોરરનો મિશ્રણ જોવા મળવાનું છે. ફિલ્મ Bhooth Banglaનું ટીઝર રિલીઝ થયું છે, જેમાં Akshay Kumar અને દિગ્દર્શક Priyadarshan લગભગ 14 વર્ષ પછી ફરી સાથે કામ કરતા જોવા મળશે. આ જોડી અગાઉ ઘણી લોકપ્રિય કોમેડી ફિલ્મો આપી ચૂકી છે, જેના કારણે દર્શકોમાં આ ફિલ્મ માટે ખાસ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ટીઝરની શરૂઆત એક ડરાવના અને અંધકારમય બંગલાની ઝલકથી થાય છે. ત્યારબાદ જંગલમાં દોડતા લોકો અને અજીબ પરિસ્થિતિઓ દર્શાવવામાં આવે છે.



ટીઝરમાં Asrani નો ડાયલોગ સાંભળવા મળે છે - "માલિક, મંગલપુરમાં કોઈ લગ્ન નથી કરતું, વધૂસુર આવશે." આ પછી Paresh Rawal અને Rajpal Yadav પૂછે છે કે આ વધૂસુર કોણ છે, ત્યારે Akshay Kumar મજેદાર અંદાજમાં જવાબ આપે છે - "તારો ફૂફા!"આ સંવાદો અને પરિસ્થિતિઓ ફિલ્મમાં ભરપૂર કોમેડી હોવાનો સંકેત આપે છે. ટીઝર જોઈને ઘણા દર્શકોને Bhool Bhulaiyaa ની યાદ આવી રહી છે. ફિલ્મમાં હોરર સાથે મજબૂત કોમેડી અને પંચલાઈન્સ જોવા મળશે, જે તેને સંપૂર્ણ એન્ટરટેઈનર બનાવવાની સંભાવના બતાવે છે.

# કૃતિકા કામરા અને ગૌરવ કપૂર લગનના બંધનમાં બંધાયા

### કૃતિકા અને ગૌરવે કોઈ ભવ્ય અને પરંપરાગત લગ્નના બદલે ઘરે જ લગ્ન કરવાનો નિર્ણય લીધો

મુંબઈ, તા.13

એક્ટ્રેસ કૃતિકા કામરા અને ફેમસ હોસ્ટ ગૌરવ કપૂર લગ્નના બંધનમાં બંધાયા છે. 11 માર્ચના રોજ સાંજે મુંબઈના બાંદ્રા સ્થિત પોતાના ઘરે આ કપલે એક પ્રાઈવેટ સેરેમનીમાં રજિસ્ટર મેરેજ કર્યા છે. કૃતિકા અને ગૌરવે કોઈ ભવ્ય અને પરંપરાગત લગ્નના બદલે ઘરે જ લગ્ન કરવાનો નિર્ણય લીધો. આ સમારોહમાં માત્ર પરિવારના સભ્યો અને કેટલાક નજીકના મિત્રો જ હાજર રહ્યા હતા. લગ્નના અવસર પર કૃતિકા કામરા લાલ રંગની ચંદેરી સાડીમાં ખૂબ જ સુંદર દેખાતી હતી. આ સાડી તેને તેની માતાએ ભેટમાં આપી હતી. તેને કૃતિકાની પોતાની બ્રાન્ડ 'સિન્નાબાર' દ્વારા તૈયાર કરવામાં આવી છે, જે પરંપરાગત ચંદેરી કલાને બચાવવા અને મહિલા કારીગરોને પ્રોત્સાહન આપવા માટે કામ કરે છે. બીજી તરફ ગૌરવ કપૂરે ડિઝાઈનર રાઘવેન્દ્ર રાઠોડનો આઈવરી અને ગોલ્ડ રંગનો ટ્રેડિશનલ આઉટફિટ પહેર્યો હતો, જે સાંજના માહોલ સાથે મેળ ખાતો હતો. લગ્ન બાદ ઘરના ટેરેસ પર એક આફ્ટર-પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. ક્રિકેટર વીરેન્દ્ર સેહવાગ, ઝહીર ખાન અને યુવરાજ સિંહ પાર્ટીમાં પહોંચ્યા હતા. બીજી તરફ નેહા ધૂપિયા, અંગદ બેદી, સોહા અલી ખાન, મલાઈકા અરોરા અને પૂજા ગૌર જેવા બોલિવૂડ અને ટીવી સ્ટાર્સ સામેલ થયા હતા.



ધુરંધર-2ને પડશે ફટકો..!

# મિડલ ઈસ્ટના તણાવને કારણે FA9LA સિંગર ફ્લિપરાચીનો શૉ ભારતમાં કેન્સલ

### ફિલ્મ 'ધુરંધર'માં અક્ષય ખન્નાની વિલન તરીકેની એન્ટ્રી સમયે બેકગ્રાઉન્ડમાં વાગતા Fa9la ગીતે સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી છે

મુંબઈ, તા.13

બહેરીની રેપર ફ્લિપરાચી, જેણે 2025ની ફિલ્મ 'ધુરંધર'ના ગીત Fa9la દ્વારા ભારતમાં ખૂબ જ લોકપ્રિયતા મેળવી છે, તેણે તેના આગામી તમામ ભારતીય પર્ફોર્મન્સ રદ કર્યા છે. ફ્લિપરાચી આગામી 14-15 માર્ચના રોજ બેંગલુરુમાં 'UN40 મ્યુઝિક એન્ડ બિયોન્ડ' ફેસ્ટિવલમાં અને 13 માર્ચે મુંબઈમાં એક ખાસ કાર્યક્રમમાં પરફોર્મ કરવાનો હતો. જોકે, હાલમાં મિડલ ઈસ્ટ અને ખાસ કરીને બહેરીનમાં પ્રવર્તી રહેલી અસ્થિર પરિસ્થિતિને કારણે તેને મુસાફરી કરવામાં મુશ્કેલી પડી રહી છે, જેના લીધે ભારતીય ચાહકોએ તેને લાઈવ જોવા માટે હજુ વધુ રાહ જોવી પડશે.




આયોજકોના નિવેદન મુજબ, 'મિડલ ઈસ્ટ અને બહેરીનની વર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખીને ફ્લિપરાચી આ સપ્તાહના અંતે UN-40માં પરફોર્મ કરી શકશે નહીં. સંજોગોના કારણે તેના માટે અત્યારે પ્રવાસ કરવો મુશ્કેલ છે.' આ ઉપરાંત, મુંબઈના ફીનિક્સ માર્કેટ સિટીમાં તેનો શૉ કેન્સલ કરવામાં આવ્યો છે, જોકે આ અંગે સિંગર દ્વારા કોઈ અલગ નિવેદન આપવામાં આવ્યું નથી. ઉલ્લેખનીય છે કે, ફિલ્મ 'ધુરંધર'માં અક્ષય ખન્નાની વિલન તરીકેની એન્ટ્રી સમયે બેકગ્રાઉન્ડમાં વાગતા Fa9la ગીતે સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી છે. ફ્લિપરાચીએ અગાઉ એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે ભારતીયો તરફથી મળી રહેલો પ્રતિસાદ અભૂતપૂર્વ છે અને જો ભારત તમારી કળાને સ્વીકારે તો તમે ખરેખર સફળ છો.

# દુબઈથી પરત ફર્યા બાદ ભાવુક થઈ અભિનેત્રી લારા દત્તા! કહ્યું- પુત્રીના મન પર કાયમી આઘાત રહેશે....

મુંબઈ, તા.13

મિડલ ઈસ્ટમાં વધી રહેલા તણાવ અને યુદ્ધની સ્થિતિ વચ્ચે બોલિવૂડ એક્ટ્રેસ અને પૂર્વ મિસ યુનિવર્સ લારા દત્તા તેની 14 વર્ષની દીકરી સાયરા સાથે સુરક્ષિત રીતે ભારત પરત ફરી છે. લારાએ દુબઈમાં ગાળેલા ભયાનક સમયનો અનુભવ શેર કરતા જણાવ્યું કે, આ તેના જીવનની સૌથી જોખમી સફર હતી. જ્યારે ઈરાન અને ઈઝરાયલ વચ્ચે સંઘર્ષ તેજ થયો, ત્યારે લારા અને તેની દીકરી દુબઈમાં એકલા હતા, કારણ કે તેના પતિ મહેશ ભૂપતિ કામના લીધે લંડન હતો. લારા જેબેલ અલી પોર્ટથી માત્ર 10 કિલોમીટર દૂર રહેતી હતી, જ્યાં દરરોજ બોમ્બમારો થઈ રહ્યો હતો.



લારાએ જણાવ્યું કે તે જે વિલામાં રહેતી હતી ત્યાં સતત ધડાકાઓનો અવાજ સંભળાતો હતો, જેના કારણે તે પોતાની દીકરીની સુરક્ષાને લઈને અત્યંત ચિંતામાં હતી. જ્યારે દુબઈ ઍરપૉર્ટ પર બોમ્બમારો થવા લાગ્યો, ત્યારે તેણે જોખમ ખેડીને ત્યાંથી નીકળવાનું નક્કી કર્યું. લારા બે કલાક સુધી ડ્રાઈવ કરીને ફુજૈરાહ પહોંચી હતી. ચોંકાવનારી વાત એ છે કે, જે દિવસે તે ફુજૈરાહ પહોંચી તેના એક દિવસ પહેલા જ ત્યાંના પોર્ટ અને ઓઇલ રિફાઈનરી પર હુમલો થયો હતો. આ ડરામણી સ્થિતિ વિશે તેણે મજાકમાં અક્ષય કુમારને કહ્યું હતું કે તેને વાસ્તવિક જીવનમાં 'એરલિફ્ટ 2' જેવો અનુભવ થઈ રહ્યો છે.

ઍરપૉર્ટ પર પણ સતત ધડાકાઓના અવાજ વચ્ચે લારા અને તેની દીકરી વિમાનમાં બેસવામાં સફળ રહ્યા હતા. લારાએ યુએઈ સરકારની કામગીરી અને એરલાઈન્સ સ્ટાફની પ્રશંસા કરી, જેમણે આ મુશ્કેલ સમયમાં લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરી હતી. જોકે, લારાએ ચિંતા વ્યક્ત કરી છે કે આ ભયાનક અનુભવ બાદ તેની દીકરીના માનસિક સ્વાસ્થ્ય પર કોઈ ઊંડી અસર (ટ્રોમા) રહી શકે છે. હાલમાં લારા પોતાના પરિવાર સાથે સુરક્ષિત છે, પરંતુ તે દિવસોની યાદો હજુ પણ તેના મનમાં તાજી છે.

# સોનું ₹1,748 ઘટીને ₹1.58 લાખ પ્રતિ 10 ગ્રામ આવ્યું, ચાંદીમાં પણ ₹8,350નો ઘટાડો થયો, અમેરિકા-ઈરાન યુદ્ધની અસર...

**નવી દિલ્હી, તા.13**

અમેરિકા-ઈઝરાયલનું ઈરાન સાથે ચાલી રહેલા યુદ્ધને કારણે આજે 13 માર્ચે ચાંદી-સોનામાં ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનું 1,748 રૂપિયા ઘટીને 1.58 લાખ રૂપિયા પર આવી ગયું છે. આ પહેલા 12 માર્ચે સોનું 10 ગ્રામ દીઠ 1.60 લાખ રૂપિયા હતું.

જ્યારે, એક કિલો ચાંદીની કિંમત 8,350 રૂપિયા ઘટીને 2.60 લાખ રૂપિયા પર આવી ગઈ છે. આ પહેલા શુક્રવારે તેની કિંમત 2.68 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી.



ટ્રાન્સપોર્ટેશન અને સિક્યોરિટી: સોનું એક શહેરથી બીજા શહેરમાં લઈ જવામાં ઈંધણ અને ભારે સુરક્ષાનો ખર્ચ થાય છે. આયાત કેન્દ્રોથી અંતર વધવા પર ટ્રાન્સપોર્ટેશન કોસ્ટ વધી જાય છે, જેનાથી સ્થાનિક ભાવ વધી જાય છે. ખરીદીની માત્રા: દક્ષિણ ભારત જેવા વિસ્તારોમાં વપરાશ વધુ (લગભગ 40%) હોવાને કારણે જ્વેલર્સ ભારે માત્રામાં સોનું ખરીદે છે. આનાથી મળતી છૂટનો ફાયદો ગ્રાહકોને ઓછા ભાવના રૂપમાં મળે છે. લોકલ જ્વેલરી એસોસિએશન: દરેક રાજ્ય અને શહેરના પોતાના જ્વેલરી એસોસિએશન (જેમ કે તમિલનાડુમાં મદ્રાસ જ્વેલર્સ એસોસિએશન) હોય છે. આ સંગઠનો સ્થાનિક માગ અને સપ્લાયના આધારે પોતાના વિસ્તાર માટે સોનાનો ભાવ નક્કી કરે છે.

જૂનો સ્ટોક અને ખરીદ કિંમત: જ્વેલર્સે પોતાનો સ્ટોક કયા ભાવે ખરીદ્યો છે તે પણ મહત્વનું છે. જે જ્વેલર્સ પાસે જૂનો અને સસ્તા ભાવે ખરીદેલો સ્ટોક હોય છે, તેઓ ગ્રાહકો પાસેથી ઓછી કિંમત વસૂલી શકે છે. આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. 31 ડિસેમ્બર 2026ના રોજ સોનાના ભાવ 1.33 લાખ રૂપિયા હતા, જે 29 જાન્યુઆરીએ વધીને 1.76 લાખ રૂપિયાના સર્વોચ્ચ સ્તરે પહોંચી ગયા હતા. ત્યારથી અત્યાર સુધી સોનું 17,566 રૂપિયા સસ્તું થઈ ગયું છે. જ્યારે, ચાંદીની કિંમત 31 ડિસેમ્બર 2025ના રોજ 2.30 લાખ રૂપિયા હતી, જે 29 જાન્યુઆરીએ 3.86 લાખ રૂપિયાના ઓલ ટાઈમ હાઈ પર પહોંચી ગઈ હતી. ત્યારથી અત્યાર સુધી 44 દિવસમાં ચાંદી 1,25,982 લાખ રૂપિયા સસ્તી થઈ ગઈ છે.

વ્યાજ દરોમાં ઘટાડાની અપેક્ષા ઓછી: અમેરિકામાં મોંઘવારીના આંકડાઓએ ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરોમાં વહેલી તકે ઘટાડો થવાની શક્યતા ઘટાડી દીધી છે. એવું માનવામાં આવે છે કે માર્ચની મીટિંગમાં દરો ઘટશે નહીં.

રોકડ પર વધ્યો ભરોસો: અમેરિકા-ઈઝરાયલની ઈરાન સાથે ચાલી રહેલી લડાઈથી બજારમાં અનિશ્ચિતતા વધી ગઈ છે અને રોકાણકારો સોનાને બદલે રોકડ હાથમાં રાખવાનું પસંદ કરી રહ્યા છે. આનાથી સોનાની માગ પર અસર પડી છે.

મોંઘું તેલ અને શેરબજારમાં ઘટાડો: મિડલ ઈસ્ટ યુદ્ધને કારણે તેલની કિંમતો પણ વધી રહી છે, જેનાથી દુનિયાભરના શેરબજારોમાં વેચવાલી થઈ રહી છે. આની અસર કોમોડિટી માર્કેટ પર પણ થઈ રહી છે. કોમોડિટી એક્સપર્ટ અજય કેડિયાના મતે, લોકો શેરબજારમાં થયેલા નુકસાનની ભરપાઈ કરવા માટે સોના-ચાંદીમાં નફાખોરી કરી રહ્યા છે. જેના કારણે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો જોવા મળી રહ્યો છે.

અજય કેડિયાના મતે, આગળ પણ આ ઘટાડો ચાલુ રહી શકે છે. જેના કારણે સોનું 1.50 લાખ અને ચાંદી 2.50 લાખ રૂપિયા સુધી આવી શકે છે. આવી સ્થિતિમાં, રોકાણકારોએ હાલમાં સોના-ચાંદીમાં રોકાણ કરવાનું ટાળવું જોઈએ.

# યુદ્ધના કારણે દવાઓની કિંમતમાં 30% સુધીનો વધારો થવાની ધારણા

## યુદ્ધને કારણે કાચા માલ અને શિપિંગ ખર્ચ વધતા કંપનીઓના ખર્ચમાં વધારો થતા દવાઓના ભાવમાં વધારો થઈ શકે

**અમદાવાદ, તા.13**

મધ્ય પૂર્વમાં વધતા તણાવ અને ઈરાન યુદ્ધની અસરો હવે ભારતના ફાર્માસ્યુટિકલ ઉદ્યોગમાં અનુભવાઈ રહી છે. છેલ્લા બે અઠવાડિયામાં, ફાર્માસ્યુટિકલ ઉત્પાદનમાં વપરાતા કાચા માલ, સક્રિય ફાર્માસ્યુટિકલ ઘટકો (એપીઆઈ) ના ભાવમાં લગભગ 30% વધારો થયો છે. ઉદ્યોગ નિષ્ણાતો કહે છે કે જો આ પરિસ્થિતિ ચાલુ રહેશે, તો ભારતમાં દવાના ભાવ ભવિષ્યમાં વધી શકે છે. ફાર્માસ્યુટિકલ ક્ષેત્રના સુત્રોના મતે, યુદ્ધને કારણે કન્ટેનર જહાજોની અછત સર્જાઈ છે, જેના કારણે ચીનથી કાચા માલના પુરવઠા પર અસર પડી છે. ચીન ભારતીય ફાર્માસ્યુટિકલ કંપનીઓને કાચા માલનો સૌથી મોટો સપ્લાયર છે. આ પુરવઠામાં વિક્ષેપ સ્થાનિક ઉત્પાદન પર દબાણ લાવી શકે છે, અને કંપનીઓ વધેલા ખર્ચ ગ્રાહકોને માથે નાંખી શકે છે. ડેટા



અનુસાર, ઘણા મુખ્ય કાચા માલના ભાવમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. ઉદાહરણ તરીકે, ડિસેમ્બરથી ગ્લિસરીનના ભાવમાં આશરે ૬૪%નો વધારો થયો છે, જ્યારે પેરાસિટામોલના ભાવમાં આશરે ૨૬%નો વધારો થયો છે. પેટ્રોકેમિકલ્સમાંથી બનેલા ફાર્માસ્યુટિકલ સોલવન્ટ્સના ભાવમાં પણ એક અઠવાડિયામાં ૨૦ થી ૩૦%નો વધારો થયો છે. મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષને કારણે વૈશ્વિક તેલ પુરવઠામાં વિક્ષેપ પડી રહ્યો છે, જેના કારણે ઉત્પાદન ખર્ચમાં વધુ વધારો થઈ રહ્યો છે. નિષ્ણાતો કહે છે કે જો યુદ્ધ લાંબા સમય સુધી ચાલુ રહેશે, તો પરિસ્થિતિ વધુ ગંભીર બની શકે છે. તેથી, ફાર્માસ્યુટિકલ ઉદ્યોગે સરકારને વિનંતી કરી છે કે તેઓ વધતા ખર્ચને સરભર કરવા માટે દવાના ભાવમાં વધારો કરવાની મંજૂરી આપે. ભારતમાં દવાના ભાવ મોટાભાગે નિયંત્રિત છે, જેના કારણે કંપનીઓ માટે કાચા માલના ખર્ચમાં અચાનક વધારો સહન કરવો મુશ્કેલ બને છે. યુદ્ધને કારણે શિપિંગ રૂટ ખોરવાઈ ગયા છે અને નૂર ખર્ચમાં તીવ્ર વધારો થયો છે. ઘણા કિસ્સાઓમાં, નૂર શુલ્ક બમણો થઈ ગયો છે, જેમાં પ્રતિ શિપમેન્ટ ૪,૦૦૦ ડોલર થી ૮,૦૦૦ ડોલર સુધીના વધારાના શુલ્ક છે. નિષ્ણાતો માને છે કે જો આ પરિસ્થિતિ થોડા સમય માટે ચાલુ રહેશે, તો આવશ્યક દવાઓના પુરવઠા અને ઉપલબ્ધતાને પણ અસર થઈ શકે છે.

# ઈઝરાયલ-ઈરાન યુદ્ધથી ફેબ્રુઆરીમાં છૂટક મોંઘવારી વધીને 3.21% થઈ: ખાદ્યપદાર્થો મોંઘા થવાની અસર...

**નવી દિલ્હી, તા.13**

ફેબ્રુઆરીમાં છૂટક મોંઘવારી વધીને 3.21% પર પહોંચી ગઈ છે. આ પહેલા જાન્યુઆરીમાં તે 2.74% હતી. આજે 12 માર્ચે આ આંકડા જાહેર કરવામાં આવ્યા છે. મોંઘવારીમાં આ વધારો એવા સમયે થયો છે જ્યારે ઈઝરાયલ-અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે.

નિષ્ણાતોનું માનવું છે કે જો આ યુદ્ધ લાંબુ ચાલશે તો ક્રૂડ ઓઈલના ભાવ 150 ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી શકે છે. આનાથી પેટ્રોલ-ડીઝલ મોંઘું થઈ શકે છે, જેનાથી માલસામાનના પરિવહનનો ખર્ચ વધશે અને ફળ-શાકભાજી સહિત દરેક જરૂરી ચીજવસ્તુઓની કિંમતો વધી જશે.

મોંઘવારી વધવાનું સૌથી મોટું કારણ ખાદ્યપદાર્થોના ભાવમાં



વધારો થવો છે. ફૂડ ઈન્ફ્લેશન ફેબ્રુઆરીમાં વધીને 3.47% પર પહોંચી ગયો. જાન્યુઆરીમાં આ આંકડો માત્ર 2.13% હતો.

ગ્રામીણ વિસ્તારોની સરખામણીમાં શહેરોમાં મોંઘવારી થોડી ઓછી રહી. ગ્રામીણ મોંઘવારી જાન્યુઆરીના 2.73% થી વધીને 3.37% થઈ ગઈ, જ્યારે શહેરી મોંઘવારી 2.75% થી વધીને 3.02% રહી. આ મોંઘવારીના નવા ફોર્મ્યુલા (2024 બેઝ યર) હેઠળ જાહેર કરાયેલો બીજો આંકડો છે. સરકારે મોંઘવારી માપવાની બાસ્કેટમાં પણ ફેરફાર કર્યો છે. ખાદ્યપદાર્થોનું વજન 45.9% થી ઘટાડીને 36.75% કરવામાં આવ્યું છે, જ્યારે હાઉસિંગ અને વીજળી-ગેસનું વજન વધારવામાં આવ્યું છે.

રિઝર્વ બેંકે નાણાકીય વર્ષ 2026 માટે સરેરાશ મોંઘવારી દર 2.1% રહેવાનો અંદાજ મૂક્યો છે. જોકે, એપ્રિલ-જૂન (Q1 FY27) ક્વાર્ટરમાં તે વધીને 4% અને આગામી ક્વાર્ટરમાં 4.2% સુધી જઈ શકે છે. હાલમાં મોંઘવારી RBIના નિર્ધારિત લક્ષ્ય (4%)ની અંદર જ છે, જેના કારણે બજારને આશા છે કે નીતિગત દરોમાં તાત્કાલિક કોઈ મોટો ફેરફાર થશે નહીં. મોંઘવારીનું વધવું-ઘટવું પ્રોડક્ટની ડિમાન્ડ-સપ્લાય પર આધાર રાખે છે.

# અમેરિકાની તમામ દેશોને રશિયન તેલ ખરીદવાની છૂટ: અમેરિકાએ 30 દિવસની છૂટ આપી, ઈરાને ક્રૂડ ઓઈલ 200 ડોલર સુધી પહોંચશે તેવી ચેતવણી આપી હતી

**નવી દિલ્હી, તા.13**

અમેરિકા-ઈઝરાયલની ઈરાન સાથે ચાલી રહેલી જંગને કારણે દુનિયાભરમાં ક્રૂડ ઓઈલની કિંમતો વધીને 100 ડોલરને પાર પહોંચી ગઈ છે. આને કાબૂમાં કરવા માટે ટ્રમ્પ પ્રશાસને અન્ય દેશોને પણ રશિયા પાસેથી તેલ ખરીદવાની અસ્થાયી મંજૂરી આપી દીધી છે. રશિયાના ઘણા ઓઈલ ટેન્કર સમુદ્રમાં ફસાયેલા છે.

આ પહેલા અમેરિકાએ ભારતને રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવા માટે પ્રતિબંધોમાં છૂટછાટ આપવાની વાત કહી હતી. જોકે, આ અંગે ભારતીય અધિકારીઓ કહી ચૂક્યા છે કે ભારત તેલ ખરીદવા માટે કોઈ પણ દેશની મંજૂરી પર નિર્ભર નથી.

અમેરિકી ટ્રેઝરી વિભાગ (નાણા મંત્રાલય) એ ગુરુવારે એક લાઈસન્સ જારી કર્યું. આ અંતર્ગત તે રશિયન ક્રૂડ ઓઈલ અને પેટ્રોલિયમ પ્રોડક્ટ્સની ડિલિવરી અને વેચાણ કરી શકાય છે, જે 12 માર્ચની રાત્રે 12:01 વાગ્યા પહેલા જહાજો પર લોડ થઈ ચૂક્યા હતા.

આ છૂટ ફક્ત 11 એપ્રિલ સુધી માટે આપવામાં આવી છે. અમેરિકી ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટે જણાવ્યું કે તેનો હેતુ દુનિયાભરમાં તેલનો પુરવઠો વધારવાનો છે, જેથી વધતી કિંમતો પર લગામ લગાવી શકાય.

ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ વૈશ્વિક ઊર્જા



બજારમાં સ્થિરતા લાવવા માંગે છે. તેમણે કહ્યું કે આ એક શોર્ટ-ટર્મ નિર્ણય છે અને તેનાથી રશિયાને કોઈ બહુ મોટો આર્થિક ફાયદો નહીં થાય. બેસેન્ટ મુજબ, રશિયાની કમાણીનો મોટો હિસ્સો તેલ કાઢતી વખતે લાગતા ટેક્સમાંથી આવે છે, જ્યારે આ છૂટ ફક્ત તે તેલ માટે છે જે પહેલાથી જ ટ્રાન્ઝિટ (રસ્તા)માં છે. હોર્મુઝ રૂટથી સપ્લાય ઠપ: ઈરાન અને અમેરિકા-ઈઝરાયલ વચ્ચેના યુદ્ધને કારણે વિશ્વના સૌથી મહત્વપૂર્ણ તેલ માર્ગ 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'માં સપ્લાય ઠપ થઈ ગઈ છે. અહીંથી વિશ્વનું લગભગ 20% તેલ પસાર થાય છે. ભારત જેવા દેશો તેમની જરૂરિયાતનું લગભગ અડધું તેલ આ જ માર્ગેથી મંગાવે છે.

કાચું તેલ 200 ડોલર સુધી પહોંચી શકે છે: છેલ્લા કેટલાક દિવસોમાં બ્રેન્ટ ક્રૂડની કિંમતો 120 પ્રતિ બેરલની નજીક પહોંચી ગઈ હતી. ઈરાને ચેતવણી આપી છે કે કિંમતો 200 ડોલર સુધી પહોંચી શકે છે. આવી સ્થિતિમાં, રશિયન તેલ બજારમાં આવવાથી સપ્લાય વધશે, જેનાથી કિંમતોમાં ઘટાડો થશે. જ્યારે ફેબ્રુઆરી 2022માં રશિયાએ યુક્રેન પર હુમલો કર્યો, ત્યારે પશ્ચિમી દેશોનું માનવું હતું કે યુદ્ધ માટે પૈસા રશિયાને તેલ અને ગેસ વેચીને મળી રહ્યા છે. આ જ 'ફંડિંગ'ને રોકવા માટે અમેરિકા અને યુરોપે રશિયા પાસેથી તેલ ખરીદવા પર પ્રતિબંધ લગાવવાનું શરૂ કર્યું હતું.

મિડલ ઈસ્ટમાં એનર્જી સપ્લાય અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર તાજેતરમાં થયેલા હુમલાઓ બાદ ફરીથી ક્રૂડ ઓઈલના ભાવમાં 9% થી વધુનો ઉછાળો આવ્યો છે. આ ઉછાળા સાથે જ તેલનો ભાવ ફરી એકવાર 100 ડોલર પ્રતિ બેરલને પાર કરી ગયો છે. બજારોને સામાન્ય રાખવા માટે સ્ટ્રેટેજિક રિઝર્વ (આપત્કાલીન ભંડાર) માંથી રેકોર્ડ માત્રામાં તેલ કાઢવાના નિર્ણય પર પણ સપ્લાય અટકવાનો ડર હાવી થઈ ગયો છે.

## અમેરિકી ગુપ્તચર એજન્સીઓનો મોટો દાવો

# ઈરાન સામે અમેરિકા લાચાર, સત્તા પરિવર્તન તો સપનું જ રહ્યું: રાજકીય દબાણ વધ્યુ...

**વોશિંગ્ટન, તા.13**

અમેરિકા અને ઈઝરાયલના સતત હવાઈ હુમલા છતાં ઈરાનની ઈસ્લામી સરકાર હજુ પણ મજબૂતીથી ઊભી છે. અમેરિકી ગુપ્તચર એજન્સીઓના હાલમાં આવેલા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે, આશરે બે અઠવાડિયાથી ચાલી રહેલા ભારે બોમ્બમારા છતાં ઈરાનની સત્તા પડવાનો કોઈ તાત્કાલિક ખતરો દેખાતો નથી. ગુપ્તચર વિશ્લેષણ સતત એવો સંકેત આપી રહ્યું છે કે, ઈરાનની સરકાર હાલમાં પડી ભાંગવાની સ્થિતિમાં નથી અને તે હજુ પણ દેશની જનતા તથા વહીવટી તંત્ર પર નિયંત્રણ ધરાવે છે. આ અહેવાલ એવા સમયે સામે આવ્યો છે જ્યારે તેલની વધતી કિંમતોને કારણે અમેરિકામાં રાજકીય દબાણ વધી રહ્યું છે. આ દરમિયાન અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સંકેત આપ્યો છે કે તેઓ 2003 પછીના અમેરિકાના 'સૌથી મોટા સૈન્ય અભિયાન'ને જલદી સમાપ્ત કરવા પર વિચાર કરી શકે છે. નિષ્ણાતોનું માનવું છે કે, જો ઈરાનના કટ્ટરપંથી નેતાઓ સત્તામાં મજબૂત રહેશે,



તો યુદ્ધનો સ્વીકાર્ય રીતે અંત લાવવો સરળ નહીં હોય. ગુપ્તચર અહેવાલમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે, 28 ફેબ્રુઆરીના રોજ થયેલા હુમલામાં ઈરાનના સર્વોચ્ચ નેતા આયતુલ્લા અલી ખામેનેઈના મૃત્યુ છતાં દેશની ધાર્મિક સત્તા હજુ પણ સંગઠિત છે. યુદ્ધ શરૂ થયા પછી અમેરિકા અને ઈઝરાયલે ઈરાનના અનેક મહત્વના સૈન્ય અને વ્યૂહનીતિ ધરાવતા ઠેકાણાઓને નિશાન બનાવ્યા છે. તેમાં એર ડિફેન્સ સિસ્ટમ, પરમાણુ મથકો અને ઈરાનના અનેક વરિષ્ઠ અધિકારીઓ સામેલ છે. આ હુમલામાં ખામેનેઈ ઉપરાંત ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC)ના અનેક વરિષ્ઠ કમાન્ડરો પણ ઠાર મરાયા છે.

## ચીને પેટ્રોલ-ડીઝલની નિકાસ પર લાધો પ્રતિબંધ

# હોર્મુઝમાં જહાજોને સુરક્ષા નહીં આપી શકીએ: અમેરિકાએ હાથ અધ્ધર કર્યા

**તહેરાન, તા.13**

મિડલ ઈસ્ટમાં ઈરાન સાથે વધી રહેલા ભયાનક તણાવ વચ્ચે અમેરિકાની નૌસેનાએ એક મહત્વની અને ચિંતાજનક જાહેરાત કરી છે. નૌસેનાએ વ્યાપારી જહાજોને સ્પષ્ટપણે જાણ કરી છે કે હાલમાં 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' (Strait of Hormuz) માં સુરક્ષાની સ્થિતિ અત્યંત ગંભીર હોવાથી તેઓ જહાજોને સુરક્ષિત રીતે એસ્કોર્ટ (Escorting) કરી શકે તેમ નથી. અમેરિકન સત્તાધીશોના મતે આ દરિયાઈ માર્ગ અત્યારે પૂરતો સુરક્ષિત રહ્યો નથી, જેના કારણે તેલ અને ગેસના ટેન્કરોની અવરજવર પર મોટું જોખમ તોળાઈ રહ્યું છે. નૌસેનાની આ પીછેહઠ બાદ વૈશ્વિક એનર્જી સપ્લાય ચેઈન ખોરવાવાની અને આંતરરાષ્ટ્રીય બજારમાં ઈંધણના ભાવમાં મોટો ઉછાળો આવવાની ભીતિ સેવાઈ રહી છે.બીજી તરફ



બ્લૂમબર્ગ ન્યૂઝના અહેવાલ મુજબ, પશ્ચિમ એશિયામાં (મિડલ ઈસ્ટ) ભભૂકી ઉઠેલા ભીષણ યુદ્ધ અને ક્રૂડ ઓઈલના સપ્લાય રૂટમાં સર્જાયેલા અવરોધોને જોતા ચીને એક અત્યંત મોટો અને અભૂતપૂર્વ નિર્ણય લીધો છે. ચીની સરકારે તેની સૌથી મોટી રિફાઈનરીઓને પેટ્રોલ (ગેસોલિન) અને ડીઝલની નિકાસ તાત્કાલિક ધોરણે રોકી દેવા આદેશ આપ્યો છે. આંતરરાષ્ટ્રીય સ્તરે તેલના પુરવઠામાં સર્જાયેલી તંગી અને કાચા તેલના રૂટ બ્લોક થવાના ડરથી ચીન પોતાના દેશમાં ઈંધણનો જથ્થો સુરક્ષિત રાખવા માંગે છે. ચીનના આ આક્રમક પગલાથી વૈશ્વિક બજારમાં ઈંધણની અછત વર્તાઈ શકે છે, જેની સીધી અસર ભારત સહિત અનેક દેશોમાં પેટ્રોલ-ડીઝલના ભાવ પર થવાની પૂરેપૂરી શક્યતા છે. મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા ભીષણ જંગના આજે 13મા દિવસે સ્થિતિ વધુ સ્ફોટક બની છે.

## આ ઘટનામાં કોઈ ઈજા કે જાનહાનિ થઈ નથી

# બુર્જ ખલીફા નજીક ડ્રોન વિસ્ફોટ: બિલ્ડિંગમાં લાગી આગ : દુબઈમાં ખળભળાટ મચ્યો...

**દુબઈ, તા.13**

દુનિયાની સૌથી ઊંચી ઈમારત 'બુર્જ ખલીફા' ની નજીક ડાઉનટાઉનમાં એક ડ્રોન વિસ્ફોટ થયો હોવાના અહેવાલો સામે આવ્યા છે. આ ઘટનાને પગલે સમગ્ર દુબઈ અને સંયુક્ત આરબ અમીરાત (UAE) માં સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ ગઈ છે. દુબઈ સરકારના મીડિયા કાર્યાલયે X પર એક પોસ્ટમાં જણાવ્યું કે, મધ્ય દુબઈના વ્યસ્ત વિસ્તારોની નજીક સ્થિત અલ બદા'આ નજીક વિસ્ફોટ થયો હતો. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું કે તેઓએ એક શક્તિશાળી ધડાકો સાંભળ્યો હતો અને ત્યારબાદ વિસ્તારમાં ઈમારતો ઉપર નાના ધુમાડાના વાદળો ઉછળતા જોયા હતા.

આ ઘટના એવા સમયે બની છે જ્યારે અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ભારે તણાવ ચાલી રહ્યો છે. ઈરાન અને તેના સમર્થિત જૂથો દ્વારા અખાતી દેશોમાં સ્થિત વ્યૂહાત્મક સ્થળોને નિશાન બનાવવાની આશંકાઓ પહેલાથી જ વ્યક્ત કરવામાં આવી રહી હતી. જોકે, આ ઘટનામાં કોઈ ઈજા કે જાનહાનિના અહેવાલ નથી. દુબઈના ક્રીક હાર્બર વિસ્તારમાં ગુરુવારે સવારે એક હાઈ-રાઈઝ બિલ્ડિંગ સાથે ડ્રોન અથડાયા બાદ ઈમારતમાં મોટું ગાબડું પડી ગયું હોવાની સનસનાટીભર્યા ઘટના સામે આવી છે. દુબઈ ગવર્મેન્ટ મીડિયા ઓફિસના જણાવ્યા અનુસાર, બુધવારે રાત્રે આ ઘટના બની હતી અને ઈમારત પર ડ્રોન પડતા જ આગ ફાટી નીકળી હતી, જે અંગેના વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે. જોકે, ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક આગ પર કાબૂ મેળવી લીધો હતો અને સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજા નોંધાઈ નથી. હાલમાં સત્તાધીશો આ ડ્રોન ક્યાંથી આવ્યું હતું અને હુમલા પાછળ કોનો હાથ છે તે અંગે સઘન તપાસ કરી રહ્યા છે. મિડલ ઈસ્ટના દેશો અત્યારે ગંભીર સુરક્ષા પડકારોનો સામનો કરી રહ્યા છે. ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કરીને કરવામાં આવતા આ પ્રકારના હુમલાઓએ સંરક્ષણ નિષ્ણાતોની ચિંતા વધારી દીધી છે, કારણ કે આર્થિક રીતે સમૃદ્ધ એવા દુબઈ જેવા શહેરો પર તેની સીધી અસર પડી શકે છે. અમેરિકા આ સમગ્ર વિસ્તારમાં ચાલી રહેલી ગતિવિધિઓ પર ચાંપતી નજર રાખી રહ્યું છે. ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના સંઘર્ષમાં જો અન્ય દેશો ખેંચાય તો પરિસ્થિતિ વધુ વણસી શકે છે, તેવી ચેતવણી પણ આપવામાં આવી છે. અહેવાલ મુજબ, આ વિસ્ફોટથી થયેલા નુકસાન અને જાનહાનિ વિશે હજુ સત્તાવાર વિગતોની રાહ જોવાઈ રહી છે.

## ભારતીયો માટે રાહતના સમાચાર

# WISA બિલ અમેરિકામાં પાસ થાય તો H-1B વિઝા મામલે મળશે મોટી રાહત

**વોશિંગ્ટન, તા.13**

અમેરિકામાં સ્થાયી થવા અને નોકરી કરવા માંગતા હજારો ભારતીય પ્રોફેશનલ્સ અને વિદ્યાર્થીઓ માટે આશાનું નવું કિરણ દેખાયું છે. અમેરિકન સંસદમાં 'વેલકમિંગ ઈન્ટરનેશનલ સક્સેસ એક્ટ'(WISA) નામનું એક નવું ઈમિગ્રેશન બિલ રજૂ કરવામાં આવ્યું છે. સાંસદ બોની વોટસન કોલમેન દ્વારા રજૂ કરાયેલા આ પ્રસ્તાવિત કાયદાનો મુખ્ય ઉદ્દેશ્ય વર્ષ 2025માં લાગુ કરવામાં આવેલા એવા કડક નિયમોને રદ કરવાનો છે, જેના કારણે કંપનીઓ માટે H-1B વિઝા હેઠળ વિદેશી કર્મચારીઓની ભરતી કરવી અત્યંત મુશ્કેલ અને




ખર્ચાળ બની ગઈ હતી. જો આ બિલ પસાર થઈ જાય, તો તે આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરતા લોકોની ચિંતાઓ દૂર કરી શકે છે, જેમાં સૌથી મોટો હિસ્સો ભારતીયોનો છે. આ WISA બિલ ખાસ કરીને સપ્ટેમ્બર 2025માં ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસન દ્વારા લાવવામાં આવેલા ફેરફારોને ઉલટાવવા માટે તૈયાર કરવામાં આવ્યું છે. તે સમયે લાગુ કરાયેલા નિયમો મુજબ, એમ્પ્લોયરોએ નવી H-1B પિટિશન સબમિટ કરવા માટે 1,00,000 ડૉલર(અંદાજે 84 લાખ) જેવી માતબર ફી ચૂકવવી પડતી હતી. આ ઉપરાંત, વેતન સંબંધિત શરતો પણ ઘણી કડક બનાવવામાં આવી હતી અને લોટરી સિસ્ટમમાં માત્ર ઊંચા પગારવાળી નોકરી ધરાવતા અરજદારોને જ પ્રાથમિકતા આપવાનું નક્કી કરાયું હતું. ટેક્નોલૉજી કંપનીઓ, યુનિવર્સિટીઓ અને હોસ્પિટલો જેવા ક્ષેત્રોએ આ નિયમોનો વિરોધ કર્યો હતો કારણ કે તેનાથી કુશળ પ્રતિભાઓ મેળવવામાં અવરોધ ઊભો થતો હતો.

# ગુજરાત યુનિ.માં ભરતી પરીક્ષાના એક દિવસ પહેલા NSUIનું વિરોધ પ્રદર્શન

## 'કુલપતિ રાજીનામું આપો, ભરતી રદ કરો'ના નારા લાગ્યા, પોલીસ દ્વારા કાર્યકર્તાઓની ટીંગાટોળી કરી અટકાયત

**અમદાવાદ, તા.13**



ગુજરાત યુનિવર્સિટીમાં ચાલી રહેલી ભરતી પ્રક્રિયા ફરી એકવાર વિવાદમાં આવી છે. આવતીકાલે 130 જેટલી જગ્યા માટેની ભરતીની પરીક્ષા યોજાવાની છે. તેના એક દિવસ પહેલાં જ સંપૂર્ણ ભરતી પ્રક્રિયા રદ કરવાની માંગ NSUI દ્વારા આવી છે.

NSUIએ આક્ષેપ કર્યો છે કે, યુનિવર્સિટીની ભરતી પ્રક્રિયામાં નિયમોમાં ફેરફાર કરીને મળતિયાઓ અને સંબંધીઓને નોકરીમાં ગોઠવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. તેમજ જો સંપૂર્ણ ભરતી પ્રક્રિયા રદ નહીં કરવામાં આવે તો આવતીકાલે ધરણા પ્રદર્શન કરવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે. આજે ગુજરાત યુનિવર્સિટી ગેટ બહાર રસ્તો રોકીને વિરોધ કરતા પોલીસે NSUIના કાર્યકર્તાઓની ટીંગાટોળી કરી અટકાયત કરી હતી.

વિવિધ 36 પદો પર 130 જેટલી ભરતી માટેની પ્રક્રિયા શરૂ કરવામાં ત્યારથી જ અનેક વિવાદ ચાલી રહ્યા છે. એક-એક ઉમેદવારોને માન્ય ગણવામાં આવતા NSUI દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, મળતિયાઓને સેટ કરવા જ ભરતી થઈ રહી છે. લાગવગ અને ગોઠવણ જ લાયકાત હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. જે બાદ કુલપતિએ સબ સલામત હોવાનો દાવો કર્યો હતો પરંતુ, જે બાદ 4 પોસ્ટ માટેની ભરતી પ્રક્રિયા રદ કરી દેવામાં આવી હતી. તે બાદ પણ સિનિયર ક્લાર્કની પોસ્ટ માટે જનરલ કેટેગરીની મહિલાઓ માટે રાતોરાત 40 વર્ષની વયમર્યાદા બદલીને 45 વર્ષની કરી દેવામાં આવી હોવાનો આક્ષેપ પણ NSUI દ્વારા કરવામાં આવ્યો હતો.


જેથી NSUI દ્વારા ભરતી પ્રક્રિયા સંપૂર્ણ રદ કરવામાં આવે એવી માંગ સાથે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જોકે, NSUI દ્વારા વિરોધ કરવામાં આવે તે પહેલા ગુજરાત યુનિવર્સિટીમાં જાહેર રજા આપી દેવામાં આવી હતી. તેમજ તમામ ગેટ બંધ કરી પોલીસનો કાફલો પણ ઉતારી દેવામાં આવ્યો હતો. ભરતી પરીક્ષાની તૈયારીઓને ધ્યાનમાં રાખીને રજા જાહેર કરવામાં આવી હોવાનો સત્તાધીશોએ દાવો કર્યો હતો પરંતુ, NSUIએ આ દાવાને નકારી કાઢતા જણાવ્યું છે કે, વિરોધ પ્રદર્શનના ડરથી સત્તાધીશોએ યુનિવર્સિટીમાં રજા જાહેર કરી છે.

ભરતી પ્રક્રિયા રદ કરો અને કુલપતિ રાજીનામું આપે એવા નારા સાથે NSUIના કાર્યકર્તાઓએ વિરોધ વ્યક્ત કર્યો હતો. ગુજરાત યુનિવર્સિટીના ગેટ બહાર જ પોલીસે તેમને વિરોધ કરતા અટકાવી દીધા હતા. જ્યાં કેમ્પસમાં જવા માટે NSUIના કાર્યકર્તાઓ વચ્ચે ભારે બોલાચાલી થઈ હતી. કુલપતિ ઓફિસમાં હોવા છતાં જવા દેવામાં ન આવતા હોવાનો NSUIએ આક્ષેપ કર્યો હતો. જેથી પોલીસે 5 લોકો ગુજરાત યુનિવર્સિટીના ટાવરમાં લઈ જઈ બધું બંધ હોવાનું બતાવ્યું હતું.

રજૂઆત સાંભળવા માટે કુલપતિ કે રજીસ્ટ્રાર હાજર ન હોવાથી ભરતી પ્રક્રિયા રદ કરવાની માંગ સાથે રસ્તા પર આવી ગયા હતા. NSUIના તમામ કાર્યકર્તાઓ રસ્તા પર ઉતરીને કરતો બંધ કરી વિરોધ દર્શાવતા પોલીસ પણ દોડતી થઈ ગઈ હતી. જેથી, NSUIના કાર્યકર્તાઓને અટકાવવા જતા પોલીસે અને NSUIના કાર્યકર્તાઓ વચ્ચે ઘર્ષણ પણ થયું હતું. જોકે, બાદ પોલીસે NSUIના તમામ કાર્યકર્તાઓની ટીંગાટોળી કરી અટકાયત કરી હતી. કેટલાક NSUI ના કાર્યકર્તાઓને બેથી ત્રણ પોલીસ કર્મચારીઓ ઉપાડી લઈને અટકાયત કરીને લઈ ગયા હતા.

NSUIના રાષ્ટ્રીય સંયોજક ભાવિક સોલંકીએ જણાવ્યું હતું કે, ગુજરાત યુનિવર્સિટી ફરીથી પ્રક્રિયા જાહેર કરી તેમાં ખાસ લોકોને સેટ કરવામાં આવતા હોવાનું સામે આવ્યું હતું. NSUI દ્વારા દાવો કરવામાં આવ્યો હતો કે, ભરતી પ્રક્રિયા સંપૂર્ણ રીતે ખોટી રીતે થઈ રહી છે ત્યારે કુલપતિ જૂઠું બોલી રહ્યા હતા પરંતુ, કુલપતિ સવારે જૂઠું બોલે છે અને સાંજે સાચી હકીકત બહાર આવે છે. જેમાં ચાર જેટલી પોસ્ટ માટેની ભરતી રદ કરવામાં આવે છે. હજુ પણ અમે આક્ષેપ કરીએ છીએ કે, સિનિયર ક્લાર્કની ભરતી પ્રક્રિયામાં પણ ખાસ જનરલ કેટેગરીની મહિલાઓ માટે રાતોરાત નિયમો બદલી દેવામાં આવ્યા છે.

વધુમાં ભાવિક સોલંકીએ જણાવ્યું હતું કે, અમારી માંગણી છે કે સંપૂર્ણ ભરતી પ્રક્રિયા રદ કરવી જોઈએ અને નવેસરથી પડતી પ્રક્રિયા શરૂ કરવી જોઈએ. જે ઉમેદવારો સાથે અન્યાય થયો છે, તેમની વાત સાંભળવામાં આવે તેવી પણ માંગણી છે. ગુજરાત યુનિવર્સિટીના ભ્રષ્ટાચાર અધિકારીઓ અને કુલપતિનું પેપર ફૂટી ગયું છે. તેમને પસંદગી માટે જે નામ નક્કી કર્યા છે તે યાદી પણ અમારી પાસે આવી ગઈ છે. તેમનો પાપનો ઘડો બહાર ન આવે તે માટે તમામ લોકોને જાહેર રજા આપી દેવામાં આવી છે તેમજ પોલીસને ઉતારી ગુજરાત યુનિવર્સિટીની ચારેય તરફના દરવાજા બંધ કરી દેવામાં આવ્યા હતા. તેમજ જો કુલપતિ સાચા હોય તો અમારી રજૂઆત સાંભળી અને અમારા પ્રશ્નનો યોગ્ય જવાબ આપે એવી અમારી માંગ છે.




## પાલડીમાં પેસેન્જર લેવા ઊભેલી બસ ભડકે બળી: રૂફ સિલીંગ તેમજ આગળની 4 સીટો ખાક, કંડક્ટરે પેસેન્જર્સને સમયસર નીચે ઊતારી દેતા જાનહાનિ ટળી

**અમદાવાદ, તા.13**



શહેરના પાલડી વિસ્તારમાં AMTS બસમાં આગ લાગવાની ઘટના બની હતી લાલ દરવાજાથી બાવળા તરફ જતી બસમાં પાલડી મહાલક્ષ્મી ચાર રસ્તા જૈન મર્ચન્ટ બસ સ્ટેન્ડ પાસે જ્યારે બસ પેસેન્જરને લેવા ઉભી રહી ત્યારે એન્જિનમાંથી અચાનક ધુમાડો નીકળ્યો હતો. તેથી ડ્રાઇવરે સમયસૂચકતા વાપરી તમામ પેસેન્જરને નીચે ઉતારી દીધા હતા. એન્જિનમાંથી આગ શરૂ થઈ ગઈ હતી. ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવતા ફાયરની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને બસમાં લાગેલી આગને પાણીનો મારો ચલાવી કાબૂમાં લીધી હતી. ઘટનામાં કોઈપણ પ્રકારની જાનહાનિ થઈ નથી.

AMTS રુટ 35ની બસ લાલદરવાજાથી બાવળા તરફ જતી હતી. તે દરમિયાન પાલડીના જૈન મરચંટ બસ સ્ટેન્ડ પર પેસેન્જર લેવા ઊભી રાખવામાં આવી હતી. બસના એન્જિન બોનેટમાંથી અચાનક ધુમાડો આવવા લાગતા કંડક્ટરે બસના પ્રવાસીઓ ઊતારી દીધાં હતા. ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવી હતી. બસ ડ્રાઈવરે ઇગ્નિશન સ્વીચ અને મેઈન સ્વીચ બંધ કરી પણ આગ ચાલુ થઈ ગઈ હતી. ફાયર એક્સટિંગ્વિશરથી આગ બુઝાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. પાછળ આવતી બસોમાંથી પણ ફાયર એક્ષ્ટીંન્ગ્યુશર કાઢી આગ ઓલવવાનો પ્રયત્ન કર્યો હતો.

ફાયરબ્રિગેડની ટીમ ઘટના સ્થળ ઉપર પહોંચી હતી અને પાણીનો મારો ચલાવીને આગને બુજાવી દીધી હતી. બસમાં આગળનો શો, એન્જિન, રૂફ સિલીંગ તેમજ આગળની 4 સીટો સળગી ગઈ હતી. બસમાં એન્જિનમાં આગ લાગવાની ઘટના બની હતી. એલિસબ્રિજ વિધાનસભાના ધારાસભ્ય અમિત શાહને જાણ થતા તેઓ પણ ઘટના સ્થળ ઉપર પહોંચ્યા હતા. આ ઘટનામાં કોઈપણ પ્રકારની જાનહાનિ થઈ નથી.

નરોડા GIDCમાં પણ મોડી રાત્રે એક ટેલરના શેડમાં આગ લાગવાની ઘટના બની હતી. GIDCના પ્લોટમાં આવેલા કલ્પેશ ટેલરમાં આગ લાગવાની ઘટના બનતા ફાયર બ્રિગેડની ગાડીઓ ઘટના સ્થળ પર પહોંચી હતી. બે જેટલી ગાડીઓ દ્વારા પાણીનો મારો ચલાવીને આગને કાબુમાં લઈ લેવામાં આવી હતી આ ઘટનામાં કોઈ પણ પ્રકારની જાનહાનિ થઈ નથી.

## માતા પાસેથી 4 માસની બાળકીને રમાડવા લઈ અપહરણ: સુરત પોલીસને માસુમ જીવજંતુઓ વચ્ચેથી મળી.....

**સુરત, તા.13**



મહારાષ્ટ્રના નંદુરબારના એક દંપતીએ સુરતના નાનપુરા વિસ્તારમાંથી માત્ર 4 મહિનાની બાળકીનું અપહરણ કર્યું હતું. આ લોકોનો હેતુ માત્ર એટલો જ હતો કે, ખોળામાં બાળક હોય તો લોકો દયા ખાઈને વધુ ભીખ આપે. જોકે, સુરત પોલીસની સતર્કતાએ આ 'ભિખારી ગેંગ'ના મનસૂબા પર પાણી ફેરવી દીધું છે.

મૂળ દાહોદના અને હાલ સુરતમાં ફૂટપાથ પર રહી મજૂરી કરતા નીતાબેન ચંદાણા પોતાની 3 માસ અને 23 દિવસની બાળકીને લઈને નાનપુરા મટન માર્કેટ પાસે બેઠા હતા. ગત 11 માર્ચના રોજ સવારે 10:15 વાગ્યાની આસપાસ એક અજાણ્યું દંપતી ત્યાં આવ્યું હતું. બાળકીને રમાડવાના બહાને તેમણે માતા પાસેથી લીધી અને નજર ચૂકવીને ગણતરીની સેકન્ડોમાં ત્યાંથી અદ્રશ્ય થઈ ગયા હતા. માતાએ આસપાસ શોધખોળ કરી, પરંતુ કોઈ પત્તો ન લાગતા આખરે રડતી આંખે અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ કેસ પોલીસ માટે અત્યંત જટિલ હતો. સામાન્ય રીતે ગુનેગારોને ટ્રેક કરવા માટે પોલીસ મોબાઈલ લોકેશનનો સહારો લેતી હોય છે, પરંતુ આ કિસ્સામાં અપહરણકર્તા પાસે મોબાઈલ ફોન જ નહોતો. વધુમાં, ભોગ બનનાર માતા નિરક્ષર હોવાથી તે આરોપીઓનું સ્પષ્ટ વર્ણન આપી શકતી નહોતી. બાળકી એટલી નાની હતી કે, પોલીસ પાસે તેનો કોઈ ફોટો પણ ઉપલબ્ધ નહોતો. અજાણ્યા વિસ્તારમાં બાળકી સાથે કોઈ અઘટિત ઘટના ન બને તે માટે પોલીસ કમિશનર દ્વારા તાત્કાલિક કડક સૂચનાઓ આપી અલગ-અલગ ટીમો બનાવવામાં આવી હતી. અઠવાલાઈન્સ પોલીસ, ક્રાઈમ બ્રાન્ચ અને ઝોન-4 ની ટીમોએ ઓપરેશન શરૂ કર્યું. નાનપુરાથી લઈને ઉધના દરવાજા સુધીના અંદાજે 1500 જેટલા CCTV કેમેરા ચેક કરવામાં આવ્યા હતાં. હાલમાં રમઝાન માસ ચાલતો હોવાથી મસ્જિદોની બહાર દાન-દક્ષિણાની લાઈનોમાં પણ પોલીસે સાદા ડ્રેસમાં માણસો તૈનાત કર્યા હતા. તપાસ દરમિયાન સીસીટીવીમાં જણાયું કે, આરોપીઓ બાળકીને લઈને ઉધના દરવાજા તરફ ગયા છે. પોલીસે શહેરના તમામ ઓવરબ્રિજ નીચેની વસાહતો અને રેલવે સ્ટેશનો ખૂંદી વળ્યા હતા.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599